પધારો... પધારો... પધારો...

# દિવ્ય આમંત્રણ



SMVS
LONDON MANDIR
MURTI PRATISHTHA

## લંડન મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

૨૫ - ૨૬ - ૨૭
જુલાઈ, ૨૦૨૫




વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-

Celebrating 50 Years
ઘનશ્યામ
of Spirituality

૧૦ જુલાઈ, ૨૦૨૫
વર્ષ : ૫૦ ● અંક : ૦૭










## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ










(૧-૫) મહેસાણા ઝોન સત્સંગ વિચરણ (૬) સ્વામિનારાયણ ધામ ખાતે જાહેર સભામાં દિવ્ય લાભ (૭-૮) ઘાટલોડિયા ખાતે દિવ્ય સત્સંગ વિચરણ



# દિવ્યવાણી

**તા. ૧૧-૬-૨૦૨૫ની ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીમાંથી સંકલિત**

આત્મા અનાદિકાળથી દેહાધ્યાસના કારણે સ્વભાવ આદિક દેહની અશુદ્ધિઓથી પર હોવા છતાં તેનાથી બદ્ધ થઈ ગયો છે. તેથી આ યોગ્ય નથી થતું તેવું જ્ઞાન હોવા છતાં સ્વભાવને આધીન થઈ જાય છે. સ્વભાવ આગળ પરવશ થઈ જાય છે. જ્ઞાની વ્યક્તિ પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરીને દુઃખી થાય છે. આવા મહાશત્રુરૂપ સ્વભાવ પોતાની મેળે કદાપિ ટળતા નથી. તેને ટાળવા સત્પુરુષ જોઈએ જ. શ્રીહરિએ ગઢડા મધ્યના ૩૭મા વચનામૃતમાં સ્વભાવ ટાળવા સત્પુરુષ જોઈએ જ તેવો અતિશે આગ્રહ જણાવ્યો છે. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ શ્રીહરિના આ આગ્રહ પર પૂનમની સભામાં ખૂબ ભાર મૂક્યો હતો. આવો, તેનું મનન કરી સ્વભાવ ટાળવા કટિબદ્ધ થઈએ.

સંસારમાં, વ્યવહારમાં, સત્સંગમાં જે કાંઈ પ્રશ્નો સર્જાય છે, મુશ્કેલીઓ આવે છે તેનું મૂળ કારણ સ્વભાવ જ હોય છે. જગતમાં ઉક્તિ છે કે પ્રાણ અને પ્રકૃતિ જોડે જાય. જો પ્રાણ જાય ત્યારે જ સ્વભાવ-પ્રકૃતિ ટળે તો જીવનકાળ દરમ્યાન અયોગ્ય સ્વભાવ આપણને કદાપિ સુખિયા ન થવા દે. સ્વભાવ ટળે તો જ સંસાર, વ્યવહાર કે સત્સંગમાં બધે સુખિયા રહેવાય.

તેથી જ શ્રીજીમહારાજે ગઢડા મધ્યના ૩૭મા વચનામૃતમાં સ્વભાવ ટાળવા માટે અતિશે આગ્રહ જણાવ્યો છે.

**વચનામૃત :** "જે જ્ઞાની હોય તે પણ પોતાની પ્રકૃતિ સરખું આચરણ કરે, અને શાસ્ત્રે કહ્યો એવો જે નિગ્રહ તેનું જોર ચાલે નહીં. માટે એ સ્વાભાવિક પ્રકૃતિ છે તે શે ઉપાયે કરીને ટળે? ... એ સ્વભાવ મુકાવ્યા સારુ જે સત્પુરુષ ઉપદેશ કરતા હોય, તેના વચનને વિષે અતિશે વિશ્વાસ હોય અને ઉપદેશના કરનારાની ઉપર સાંભળનારાને અતિશે પ્રીતિ હોય, અને ઉપદેશનો કરનારો હોય તે ગમે તેટલાં દુખવીને કઠણ વચન કહે તોપણ તેને હિતકારી જ માનતો જાય, તો સ્વાભાવિક જે પ્રકૃતિ છે તે પણ નાશ થઈ જાય, પણ એ વિના બીજો કોઈ ઉપાય નથી."

અહીં પ્રથમ મહારાજે વાચ્યાર્થ જ્ઞાનીની વાત કરી છે કે એવા જ્ઞાનીપુરુષ બીજાને સ્વભાવ ટળાવવા ધારદાર ઉપદેશ આપી શકે પણ સ્વજીવનમાં સમયે સ્વભાવને આધીન થઈ જાય છે. શાસ્ત્રોનું જ્ઞાન કંઈ કામમાં આવતું નથી. શાસ્ત્રના વિધિ-નિષેધની કોઈ અસર થતી નથી. અજુગતું વર્તન કર્યા પછી દુઃખી થાય, પારાવાર પસ્તાવો કરે પણ સમય સાચવી શકતા નથી. સત્પુરુષનું શિરછત્ર સ્વીકાર્યા વિનાના વાચ્યાર્થ જ્ઞાનીની આ દશા હોય છે.

ન કરવું હોય છતાં સહેજે સહેજે થઈ જાય એનું નામ સ્વભાવ.

ગઢડા મધ્ય પ્રકરણના ૩૭મા વચનામૃતમાં મહારાજે સ્વભાવ ટાળવા સત્પુરુષનું મહત્ત્વ દર્શાવતાં ચાર સ્ટેપ કહ્યાં છે.

૧. સત્પુરુષનું સાંનિધ્ય અને ઉપદેશ જોઈએ.

૨. એમના વચનને વિષે અતિશે વિશ્વાસ જોઈએ.

૩. સત્પુરુષને વિષે અતિશે પ્રીતિ જોઈએ.

૪. સ્વભાવ ટળાવવા દુખવીને કઠણ વચન કહે તેને પણ હિતકારી માનવાં પડે.

જો અયોગ્ય સ્વભાવ ન ટળે તો અનેક દુઃખો ઊભાં થાય છે. ઉદ્વેગ, અશાંતિ મટતાં જ નથી. સુખમય જીવનનો મોટામાં મોટો શત્રુ કોણ ? નિરાંતનો, હર્ષનો, સુખ-શાંતિનો મહાશત્રુ કોણ ? સ્વભાવ.

સામાન્ય સર્જરી કરવાની હોય તો નવા નવા ડૉક્ટર ચાલે પણ મહારોગની મોટી સર્જરી કરવાની હોય તો અનુભવી સિનિયર ડૉક્ટરની જરૂર પડે. તેમ સ્વભાવ ઓળખાવવા અને ટળાવવા એ બહુ મોટું ઑપરેશન છે. તે માટે તો અનુભવી સત્પુરુષ જ જોઈએ. એમનો ઉપદેશ જોઈએ જ.

ઉપદેશ એટલે માત્ર કથાવાર્તા નહિ, મોટાપુરુષ આપણને ટાર્ગેટ કરીને, નિશાન તાકીને સ્વભાવ ઉપર રોકટોકરૂપી હથોડા મારે. એક વાર નહિ, વારંવાર હથોડા મારે ત્યારે સ્વભાવ ટળે. તે માટે મોટાપુરુષ આપણને રોકટોક કરી શકે એવી મુમુક્ષુતા જગાવવી, પાત્ર થવું.

સદ્. ગોપાળાનંદ સ્વામીને કોઈએ પૂછ્યું કે, "મોટાપુરુષ આપણી ઉપર અંતરથી રાજી છે તેની ખબર કેવી રીતે પડે ?" તો, આપણને નિધડકપણે જ્યારે, જે કહેવું હોય તે કહી શકે. એમને આપણા કોરની કોઈ ચિંતા ન રહે, સાચવવું ન પડે તો સમજવું અંતરનો રાજીપો છે.

મોટાપુરુષ સાથે આપણી નિકટતા છે, એમનો અંતરનો રાજીપો છે તેનું માપદંડ શું ? તો,

૧. મોટાપુરુષ આપણી ભૂલ કે કસરને જોતા હોય, મહારાજ રાજી ન થાય, સત્સંગ લાજે એવા સ્વભાવ હોય, આપણા દોષને જાણતા હોય, તેનાથી દુઃખી થતા હોય છતાંય કહી ન શકે તો સમજવું કે આપણે મોટાપુરુષથી લાખો ગાઉ દૂર છીએ. રાજીપાના લિસ્ટમાં નથી.

૨. મોટાપુરુષ આપણી ભૂલ કે કસરને ઓળખાવે ખરા પણ સાચવી સાચવીને કહે. રખે ને કહીશું તો દુઃખી તો નહિ થઈ જાય ને ! ઢીલા તો નહિ પડી જાય ને ! આવી બીકે 'ભઈલા, આટલું કરીએ તો સારું' એવી રીતે જાળવી જાળવીને કહે, પપલાવીને રાખે તો સમજવું થોડી દૂરી છે. રાજીપો છે પણ અંતરનો રાજીપો નથી.

૩. આપણી ભૂલ કે દોષ જુએ. અરે કદાચ બીજાની ભૂલ હોય તોય ખખડાવીને કહી શકે, ધમકાવી શકે, સભા વચ્ચે વઢી શકે, ખબરદાર થઈને નિધડકપણે કોઈ સંકોચ વગર વઢી શકે તો સમજવું મોટાપુરુષના હૃદયમાં આપણું સ્થાન છે. એમની ખૂબ નિકટ છીએ. અંતરનો રાજીપો છે.

શ્રીજીમહારાજે લોયાના છઠ્ઠા વચનામૃતના સાતમા પ્રશ્નમાં કહ્યું છે, "આપણને ટોકે નહિ ને પંપોળીને રાખે ને જાપારો રાખે તો તે મુક્તાનંદ સ્વામી જેવો લોકવ્યવહારે મોટો કહેવાતો હોય તેનો પણ સંગ ન કરવો."

આજે તો જમાનો બદલાયો છે. સ્વભાવ ટાળવા મંદિરમાં સંતો પાસે જવાનું હોય; ત્યાં જ ફાઈવ સ્ટાર હોટેલ જેવી સગવડો મળે એવી અપેક્ષા રાખતા હોય. હારતોરા, માન-સન્માનની ઈચ્છા રાખતા હોય તો સ્વભાવ ક્યાંથી ટળે ? એવાને મોટાપુરુષ પણ કેવી રીતે રોકી-ટોકી શકે ?

હૉસ્પિટલમાં દર્દી રોગ ટાળી સાજા થવા માટે જાય છે તેથી ડૉક્ટરના ઈન્જેક્શનનો ગોદો પણ ગમાડે છે. તેમ આપણે સત્સંગમાં આપણા સ્વભાવ ટાળવા જ આવીએ છીએ તો મોટાપુરુષના વઢવારૂપી ઈન્જેક્શનનો ગોદો ગમાડીશું તો જલદી સ્વભાવરૂપી રોગ જશે.

ખેડૂત સુકાયેલા તલસરાંને સામસામા ધોકા લઈ ધોકાવે છે ત્યારે તલ છૂટા પડે છે. તેમ મોટાપુરુષ આપણા સ્વભાવ ઉપર ધોકા મારે ત્યારે સ્વભાવ છૂટા પડે. સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કહ્યું છે, "મળ્યા ગુરુ ને જ્યારે ખોટ નવ ભાંગી, ત્યારે તેના તે ચેલા શીદ થઈએ રે..." ગુરુદેવ પ.પૂ. બાપજીએ નિઃસ્વાર્થપણે જોગમાં આવનારને શુદ્ધ પાત્ર કરી, ટકોરા મારી મારીને શુદ્ધ સમાજની રચના કરી છે.

મોટાપુરુષ કુંભારની જેમ સપૉર્ટ આપી ટપલું મારી ઘડતર કરે છે, સ્વભાવ ટળાવે છે તે કૃપા છે. સત્સંગમાં ગમે તેટલા જ્ઞાની હોય, મોટા હોય પણ બધાને સત્પુરુષની જરૂર તો પડે જ.

પરમચૈતન્યાનંદ સ્વામીને ૧૧૦ વર્ષ થયેલાં. અવસ્થા ખૂબ જણાતી હતી છતાં મહારાજ તેડવા પધારતા ન હતા. સદ્ગુરુ સંતોએ પોતાના શિષ્યોના સેવા માટે છ-છ મહિનાના વારા કાઢ્યા. સદ્. ગોપાળાનંદ સ્વામીએ પોતાના શિષ્ય બાલમુકુંદસ્વામીને સેવામાં મોકલ્યા. સ્વામીની પ્રકૃતિ ખૂબ આકરી હતી. તેથી કોઈ સંત સેવામાં વધુ રોકાઈ શકતા ન હતા. પરંતુ બાલમુકુંદસ્વામીએ ખૂબ દિવ્યભાવે છ મહિના સળંગ સેવા કરી. રજા લેવા સ્વામી પાસે ગયા અને કહ્યું, "સ્વામી, મારો સેવાનો વારો પૂરો થયો છે માટે હવે મને રજા આપો. બીજા સંત આપની સેવામાં આવશે. મારી કંઈ ભૂલચૂક થઈ ગઈ હોય, ક્યાંક આપની રુચિમાં વર્તાયું ન હોય તો માફ કરજો."



સત્પુરુષનો સમાગમ સ્વભાવ ટાળવાનું અમોઘ ઔષધ.

બાલમુકુંદસ્વામીએ ખૂબ મહિમા અને દિવ્યભાવથી સેવા કરી હતી. તેથી પરમચૈતન્યાનંદ સ્વામીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં. ગળગળા થઈ ભેટી પડ્યા ને કહ્યું, ''બાલમુકુંદ, આજ સુધી ઘણાય સાધુ સેવામાં આવ્યા પણ કોઈએ તારા જેવી સેવા કરી નથી. માગ, માગ, તું જે માગે તે આપું.''

તેમણે છ મહિના સેવા કરી હતી. તેથી તેમને ખ્યાલ હતો કે, ખાળમાં ક્યાં ડૂચો છે. મહારાજ કેમ તેડવા પધારતા નથી. તેથી તેમણે કહ્યું, ''સ્વામી, હું માગીશ તો તમે આપી નહિ શકો.'' ત્યારે સ્વામીએ કહ્યું, ''બાલમુકુંદ, હું વચનની મૂર્તિ છું. મારું વચન ક્યારેય ફોક ન જાય.'' બાલમુકુંદસ્વામીએ કહ્યું, ''સ્વામી, હું તો સાધુ છું. મારે આ લોકનું કાંઈ ન જોઈએ પણ આ તમે બહુ આગ્રહ કરો છો તેથી માગું છું કે તમે બે મહિના મારા ગુરુ ગોપાળાનંદ સ્વામીનો સમાગમ કરવા પધારો.'' આટલું સાંભળતાં સ્વામી ખૂબ આકરા થઈ ગયા. માખ તેલમાં ડૂબી ગઈ. ''હું રામાનંદ સ્વામીનો મોટો શિષ્ય અને ગોપાળાનંદનો સમાગમ હું કરું ? તને માગતા જ આવડતું નથી. મારી આબરૂના ધજાગરા કરવા બેઠો છું ?''

બાલમુકુંદસ્વામીને તેમનું હિત કરવું હતું. તેથી કહ્યું, ''સ્વામી, હું નહોતો કહેતો કે તમે નહિ આપી શકો. જો આપ ન પધારો તો તમારું વચન ફોક.'' સાંભળતાં જ સ્વામી ઊકળી ઊઠ્યા. બીજા દિવસ સવારે વચન પાળવા ખાતર સમાગમ કરવા ગયા. સદ્. ગોપાળાનંદ સ્વામી કરતાં ઊંચા આસને અવળું ફરી મોં બગાડતા બેઠા. સદ્‌ગુરુની સબીજ વાતો સ્વામીના અંતરમાં સોંસરી ઊતરતી હતી. ધીમે ધીમે ગમવા લાગી. પછી તો ઊંચું આસન ફગાવી સામે નીચે બેસી સમાગમ કરવા માંડ્યા.

સદ્. ગોપાળાનંદ સ્વામીના સમાગમે સ્વામીએ પોતાના સ્વભાવમાત્ર ટાળી નાખ્યા. પોતાની નોખી રસોઈ થતી તે બંધ કરાવી પંક્તિમાં સૌની ભેળા જમવા માંડ્યા. પરમચૈતન્યાનંદ સ્વામી વચનની મૂર્તિ હતા. એવા મોટા હતા છતાંય સ્વભાવ ટાળવા, પાત્ર થવા માટે સત્પુરુષની જરૂર પડે જ. તો આપણી તો સ્વામી આગળ શું વિસાત ? આપણે તો અનાદિકાળના સ્વભાવ ટાળવા સત્પુરુષની જરૂર પડે જ. એમની રોકટોક વગર, એમના ઉપદેશ વગર ક્યારેય સ્વભાવ ન જ ટળે. આપણને કૃપા કરી સત્પુરુષનું સાંનિધ્ય મળ્યું છે, ઉપદેશ મળે છે ત્યારે સ્વભાવને ટાળવા તત્પર થઈએ.

ખંભાતના સદાશિવ શેઠે ૬૦,૦૦૦ની સીસમના લાકડામાંથી હવેલી બનાવી હતી. તેમાં ખૂબ આસક્તિ હતી. હવેલીમાં પધરામણી કરવા સદ્. ગોપાળાનંદ સ્વામીને આમંત્રણ આપવા વડતાલ આવ્યા હતા. સદ્‌ગુરુએ કહ્યું, ''તમે પંદર દિવસ રોકાઈ અમારો સમાગમ કરો પછી આવીશું.'' સદ્‌ગુરુએ પંદર દિવસ સવાર-સાંજ કથાવાર્તાનો મારો ચલાવ્યો. જીવમાંથી જ્ઞાને કરીને હવેલી બળાવી નાખી. પછી ખરેખર હવેલી બળી જવા છતાંય કાંઈ દુઃખ ન થયું. સમાગમ પહેલાં જો હવેલી બળી હોત તો તેના ભેળા શેઠ પણ બળી ગયા હોત. સમાગમથી જ આસક્તિ ટળી તેમ આપણામાં રહેલી અનેક આસક્તિ ટાળવા મોટાપુરુષનો નિકટથી સમાગમ કરીએ. આમ, સમાગમ કરી સદાશિવ શેઠની જેમ સમજણની દૃઢતા કરીએ.

શ્રીજીમહારાજના હજૂરી પાર્ષદ નાજા જોગિયા પાછળથી સંત દીક્ષા લઈ ઘનશ્યામદાસજી સ્વામી બન્યા હતા. તેઓ સ્વભાવે થોડા રજોગુણી હતા. કેમેય તેમનો રજોગુણ ટળતો ન હતો. તેને ટાળવા એક સંતે કહ્યું, ''તમે જૂનાગઢ સદ્. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા જાવ. તેઓ તમારો રજોગુણ મૂળમાંથી ટાળી દેશે.'' સ્વામી જૂનાગઢ આવ્યા.

એક વાર તેઓ સભામંડપમાં માથે ઓઢી ધ્યાન કરતા હતા એ વખતે સદ્‌ગુરુએ ટકોર કરી કે, ''ઘનશ્યામદાસજી, જ્યાં ત્યાં ભટકો છો કે ધ્યાન કરો છો ?'' સદ્‌ગુરુનું વઢવું ન ખમાયું તેથી કહ્યું, ''સ્વામી, હું તો ધ્યાન કરું છું. મારે માથે ખોટું આળ કાં નાખો છો ?'' ત્યારે અંતર્યામીપણે સ્વામીએ કહ્યું, ''તમે ધ્યાન કરતા હતા કે ગઢડાની ધોળા તલકાવાળી ભેંસના માથે હાથ ફેરવવા ગયા હતા ?'' સદ્‌ગુરુનું અંતર્યામીપણું જોઈ સ્વામી અવાક થઈ ગયા. બે હાથ જોડી કહ્યું, ''સ્વામી, તમારી વાત સાચી છે. મન ભારે અળવીતરું છે; ભગવાનને મૂકીને ભેંસમાં ભટકાણું માટે કૃપા કરી મારી ખોટ ટાળો.'' ત્યારે સદ્‌ગુરુએ કહ્યું, ''સાધુરામ, પહેલાં મોટા સાધુનો સમાગમ કરો પછી એ કહે તેમ ધ્યાન કરજો. તમારી બધી કસર ટળી જશે.''

ઘનશ્યામદાસ સ્વામીનું મન તો માત્ર ભેંસમાં ભટક્યું હતું. જ્યારે આજે તો જે આખો દિવસ મોબાઈલમાં રચ્યાંપચ્યાં રહે તેનું મન શું ધ્યાનમાં લાગે ? આંખ બંધ કરીને બેસે તોપણ શું ધ્યાનમાં મહારાજની મૂર્તિ ધરાય ? આવા બહારવૃત્તિના સ્વભાવને ટાળવા સત્પુરુષનું સાંનિધ્ય અને એમની રોકણી-ટોકણી એ જ એક શ્રેષ્ઠ ઉપાય છે. એમના પડછંદા જ આપણને પાછા વાળે છે.

સદ્‌ગુરુએ સ્વામીને આપેલો ઉપદેશ આપણા સૌ માટે છે. સાધના કરતા પહેલાં સત્પુરુષના સંગમાં, સાંનિધ્યમાં રહી સ્વભાવ ટાળવા. આપણી ઉપર બહુ મોટી કૃપા છે કે આપણને એવા દિવ્ય સત્પુરુષનું સાંનિધ્ય ને સમાગમ બેય મળ્યો છે. દર પૂનમે અને દર સંકલ્પ સભામાં એ દિવ્યપુરુષના પડછંદા ગાજે છે. હવે આપણે સ્વભાવ ટાળી સુખમય જીવન કરવા કટિબદ્ધ થવાનું છે.



હે પ્રભુ, વર્ષોનાં વહાણાં વીતી ગયાં.
રોજનો આપણો મેળાપ છે,
રોજનો વાર્તાલાપ છે.
એમાં મારો કાયમનો એક જ આલાપ છે.
પ્રભુ ! હું દુ:ખી છું,
મને આ આપ... આ આપ...
આ જ આપનો સંતાપ છે.
શું આના માટે આપનો મિલાપ છે ?
ના પ્રભુ, ના...
પણ, પણ હું શું કરું ?
મારી પળ પળનો આ જ વિલાપ છે.
હે દયાનિધે, મને કંઈક એવું આપ ને !
જેથી આ માગણીનો
સિલસિલો પૂરો થાય.
હે વત્સ,
ખોજ...
તારી અનાદિકાળની ખોજ
સુખની, શાંતિની...
એનો એકમાં જ વિરામ છે.
મોક્ષ, આત્યંતિક મોક્ષ.
માયાના અંધકારમાં સુખ હરામ છે.
એમાં જ તું અદ્યાપિ પરેશાન છે.
માટે, મારું તને એક જ ફરમાન છે.
તું મોક્ષદાતા સદ્ગુરુને ખોજ.

હરિ અને હરિજન વચ્ચેનો આ વાર્તાલાપ આદિકાળથી ચાલ્યો આવ્યો છે. શાસ્ત્રોના પાને પાને પણ આ એક જ નાદ ગુંજે છે કે મોક્ષદાતા સદ્ગુરુ વિના શાશ્વત સુખની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. આવા સાચા સદ્ગુરુને ઓળખવા કેવી રીતે ? કારણ કે,

"ગુરુ ગુરુ કહત સકલ સંસારા, ઐસે જગ ભરમાયા હૈ; ગુરુ જગત મેં બહુત કહાયે, તાકા ભેદ ન પાયા હૈ."

ગુરુ તો જગતમાં ઘણા હોય પરંતુ સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનું અવિચળ સુખ પમાડી, આત્યંતિક મોક્ષ કહેતાં અનાદિમુક્તની સ્થિતિ કરાવનારા અનુભવી સત્પુરુષ એ જ સાચા સદ્ગુરુ છે.

ગુરુ શબ્દની મૂળ વિભાવના જ એ છે : 'ગુ' નામ અંધકાર, 'રુ' નામ પ્રકાશ. અર્થાત્ અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જાય તે 'ગુરુ'. અંધકાર નામ માયા અને પ્રકાશ નામ ભગવાન એટલે કે દેહ અને જગતરૂપી માયા છોડાવીને ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ જે અતિ તેજોમય ને અતિ સુખમય છે; તેમાં જોડે તે જ સાચા ગુરુ. તેને જ કહેવાય સત્પુરુષ. આવા મોક્ષદાતા સત્પુરુષ મળવા અને મળ્યા પછી તેમને ઓળખવા અતિ દુર્લભ છે. એટલે જ કહ્યું છે ને...

"લાખમાં લાધે નહિ ને કરોડમાં હોય કો'ક, એવા કોઈ મળી જાય, તો કરી લેવો પૂરેપૂરો જોગ."

આ ફેરે આ બ્રહ્માંડમાં શ્રીહરિની અનરાધાર કૃપા વરસી છે. પોતે અનંતાનંત મુક્તો સંગાથે પધાર્યા અને આત્યંતિક કલ્યાણની શરદઋતુ શરૂ કરી. આવા આત્યંતિક કલ્યાણનાં અભયદાન માટે શ્રીજીમહારાજ સત્પુરુષની ભેટ અદ્યાપિ આ બ્રહ્માંડને આપી રહ્યા છે.

### શિષ્યત્વનો સર્વોચ્ચ મેરુ

# વ્હાલા ગુરુજી



હે પ્રભુ,
આહાહા... ઓહોહો...
ફાવી ગયા ભાઈ, ફાવી ગયા...
શું ભેટ આપની ? માની ગયા...
સિદ્ધાંતવાદી ગુરુદેવ આપ્યા
ને પ્રચંડ પ્રતાપી ગુરુજી મળ્યા.
તવ ભેટ પરભાવી, ડૂબી ગયા.
હવે માયાના ફંદા, છૂટી ગયા.
દેહભાવનાં આવરણ, ભેદાઈ ગયા.
હવે સુખસાગરમાં મહાલી રહ્યા.
પ્રભુ ! તારી કૃપાથી રસબસ થયા.
આભાર આપનો, કરી કેવી દયા !

• • •

હે વત્સ,
કૃપા મેં તુજ પર અઢળક કીધી,
ને ફરજ મારી મેં બજાવી દીધી;
મારા ઘરની મૂડી મેં આપી સીધી.
હવે,
સત્પુરુષ મારો સંકલ્પ સમજજે.
સદ્‌ગુરુને મોક્ષનું દ્વાર સમજજે.
જતન એનું આઠું જામ તું કરજે.
દુખાય કે દુભાઈ ન જાય તું જાળવજે.
કેમ કે,
એ રાજી તો હું રાજી થઉં છું.
એ દુખાયે હું દુખાઈ જઉં છું.
લૂંટી લેજે આ ફેરે તું ખટકે.

અવસર ભૂલેલા કેટલાય લટકે.
પણ,
દુ:ખ મને એક સદા રહે છે.
સદ્‌ગુરુ સ્વરૂપથી તું અજાણ રહે છે.
દેહદૃષ્ટિનું અજ્ઞાન તને નડે છે,
વિના વિવેકે તું અટકી પડે છે.
પરચા પૂરે તો જ હિંમત તું આણે,
સ્વાર્થ સધાય તો જ સાચું તું માને,
જેનો શિષ્ય તું સદાને કહાવે,
લેને પ્રેરણા એનામાંથી સદાયે.
સદ્‌ગુરુ થઈને શિષ્યત્વ શોભાવે,
એવા ગુરુ સાચા ગુરુ કહાવે.
માટે ભલામણ આજ કરું છું,
દીધેલી ભેટ જાળવજે કહું છું.

ગુરુદેવ ને ગુરુજી દીધા છે,
ન્યાલંન્યાલ તમને મેં કીધા છે.
સતસ્વામીનું શિષ્યત્વ અનેરું,
શિષ્યને એમાંથી શીખવું ઘણેરું.
ગુરુ છતાં શિષ્ય બની રહે છે,
આવા ગુરુ કહો કોને લહે છે ?
ધન્ય, ધન્ય ! એસ.એમ.વી.એસ. સમાજ
જેને મળ્યો ગુરુજીનો સંગાથ.
પગલે પગલે ચાલ્યો જશે જેહ,
સહેજમાં પામશે મૂર્તિસુખ તેહ.
માટે કહું છું દૃષ્ટિ રાખો એક,
ગુરુદેવ ને ગુરુજી સમક્ષ છેક.
નડશે નહિ વિઘ્ન કોઈ આડું,
જેટ ગતિએ પહોંચશે તારું ગાડું.

શ્રીહરિના આદેશ મુજબ જ્યારે આપણને અનાદિમુક્ત સત્પુરુષ ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની ભેટ મળી છે ત્યારે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પરત્વે જે અદકેરું શિષ્યત્વ બજાવ્યું છે તેમાંથી આપણે સૌ પ્રેરણા લઈ શકીએ તે માટે ગુરુપૂર્ણિમા ઉપક્રમે આ વિશેષાંક તૈયાર કર્યો છે. તો આ અંકનાં વાંચન-મનન દ્વારા આદર્શ શિષ્યની રીત શીખી, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પ્રતિ ખરું શિષ્યત્વ બજાવીએ એ જ વિશેષાંક પ્રસ્તુત કર્યાનો શુભ હેતુ છે.


# GHANSHYAM

10 July, 2025 • Year : 50 • Edition : 07

# ઘનશ્યામ

૧૦ જુલાઈ, ૨૦૨૫ ● વર્ષ : ૫૦ ● અંક : ૦૭

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ
મુદ્રક : સાધુ પૂર્ણસ્વરૂપદાસ
માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)
મુદ્રણ : વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ
આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક
અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી
(ગુરુદેવ પ.પૂ. બાપજી)
પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી
(ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)
તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી
સહતંત્રી : સાધુ રાજીપાસ્વરૂપદાસ
સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ
લેખનકાર્ય : લેખકવૃંદ


## અનુક્રમણિકા...


૦૩ દિવ્યવાણી
૦૬ શિષ્યત્વનો સર્વોચ્ચ મેરુ વ્હાલા ગુરુજી
૦૯ ગુરુની પરખ
૧૩ શિષ્યની પરખ
૧૮ શિષ્યની નજર
૨૧ શિષ્યની ગરજ
૨૫ શિષ્યનો હરખ
૨૯ શિષ્યની ફરજ
૩૩ શિષ્યની રીત


**'GTPL-ભક્તિ' ચેનલ નં - ૫૫૧ ઉપર દરરોજ સવારે અને રાત્રે ૮:૩૦થી ૯:૦૦ તથા દર એકાદશી તેમજ પૂનમના સમૈયામાં રાત્રે ૮:૩૦થી ૧૦:૩૦ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ મળશે.**


**પત્રવ્યવહાર માટેનું સરનામું :**
ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ, કોબા-ગાંધીનગર હાઈવે, ગાંધીનગર-૭ Visit : www.smvs.org I Email : magazine@in.smvs.org



સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.




**વાચ્યાર્થ જ્ઞાની સ્વાભાવિક પ્રકૃતિ સરખું જ આચરણ કરે.**



# ગુરુની પરખ

બહુધા જનસમાજ લૌકિક સુખાકારીની ઇચ્છાઓ પૂર્ણ કરે તેને જ મોટા ગુરુ માનતો હોય છે. ગુરુને માયિક ઇચ્છાપૂર્તિનું સાધન ગણી તેમની મોટપનું માપદંડ કાઢે !! પરંતુ જીવાત્માને અનાદિકાળથી લાગેલા માયાના પાસને તોડાવી આત્મા-પરમાત્માનું સાચું જ્ઞાન આપી છેક મૂર્તિના સુખ સુધી પહોંચાડે તે જ સાચા ગુરુ છે.

### ગુરુના ચાર પ્રકાર છે

**૧. પાણગુરુ :** પાણ કહેતાં પથ્થર અર્થાત્ પથ્થર જેવા ગુરુ. પથ્થર પાણીમાં ડૂબી જાય. તેની પર વસ્તુ મૂકીએ તો એ પણ ડૂબી જાય. તેમ પાણગુરુ એટલે જે પોતે પણ જન્મમરણરૂપી ભવસાગર ન તરે અને શરણે આવનારને પણ ન તારે. પાણગુરુ એટલે દેહરૂપ ગુરુ. જે ખરેખર ગુરુપદને લાયક જ નથી. આવા ગુરુનો પોતાનો મોક્ષ પણ ન થાય ને શરણે આવનારનો પણ ન થાય.

**૨. પાનગુરુ :** પાંદડા જેવા ગુરુ. આવા ગુરુ મુમુક્ષુ હોય, ભગવાન પામવાની ઈચ્છા હોય પણ કોઈ તેમને ન માને ત્યાં સુધી ચાલે. જો ૫-૨૫ ચેલા થાય, માન-સન્માન કે વિષયનો યોગ થાય તો તેમનું ઠેકાણું ન રહે, ધ્યેય ચૂકી જાય. પાંદડું પાણીમાં પોતે તો તરી જાય પણ જો તેનો કોઈ સહારો લે તો પોતે પણ ડૂબે અને બીજાને પણ ડુબાડે. તેમ પાનગુરુ એટલે કે જે જ્ઞાન-સાધનાએ કરી કદાચ પોતે તરી શકે, પરંતુ સંસાર સાગરને તરવાના જ હેતુથી જો કોઈ એમનું શરણું સ્વીકારે તો પોતે પણ ડૂબે ને શરણાગતને પણ ડુબાડે.

**૩. વહાણગુરુ :** વહાણ જેવા ગુરુ. નાવ પોતે તરે ને તેમાં બેસે તેને પણ તારે. પરંતુ તેની ક્ષમતા મુજબ મર્યાદિત સંખ્યાને તારે છે. એમ જે ગુરુ પોતે મોક્ષ માર્ગે ચાલ્યા હોય અને એમના સંગમાં આવનાર જૂજ સમાજને મોક્ષ માર્ગે આગળ વધારી શકે તેને વહાણગુરુ કહેવાય. આવા ગુરુ દેહથી પૃથક્ વર્તતા હોય પણ અનાદિની લટક હાથ ન આવી હોય અથવા તો લટક સંપૂર્ણપણે દૃઢ ન કરી હોય.

**૪. પૂર્ણગુરુ :** પૂર્ણમાં પૂર્ણ સ્વરૂપ તો એકમાત્ર શ્રીજીમહારાજ જ છે. એ શ્રીજીમહારાજ જ અનંત જીવના કલ્યાણને અર્થે જેના દ્વારા કાર્ય કરતા હોય તેવા સત્પુરુષને પૂર્ણગુરુ કહેવાય. આવા ગુરુ પોતે ભગવાન નથી પરંતુ પોતે મૂર્તિમાં જ રહે છે અને એમના સંપૂર્ણ કર્તા મહારાજ છે. જે તેમની સાથે જોડાનાર હજારો-લાખોના; અરે, અનંત જીવોનાં કલ્યાણ કરે.

જેમ ‘વને વને અગર ન હોય, જળે જળે કમળ ન હોય.’ તેમ દરેક ગુરુ સત્પુરુષ ન હોય. મુમુક્ષુએ મોક્ષના માર્ગમાં ગુરુને સોંપાતા પહેલાં ગુરુને પિછાનવા જોઈએ. ગુરુ હોવા અને સત્પુરુષ હોવા આ બંનેનો જે ભેદ છે તે જાણવો જોઈએ. ગુરુ એ લૌકિક ખ્યાલ છે. સત્પુરુષ એ અલૌકિક અને પરભાવનો ખ્યાલ છે. માટે મુમુક્ષુએ મારા ગુરુ છે એટલે સત્પુરુષ છે એ માનીનતાનો ત્યાગ કરી ખરેખર અનાદિમુક્ત સત્પુરુષને ઓળખી શરણાગત થવું તો જન્મમરણ ટળે અને મોક્ષ થાય.

### ગુરુ કરવા યોગ્ય સ્વસિદ્ધ અનાદિમુક્ત સત્પુરુષનાં લક્ષણો કેવાં હોય ?

- તેમના જોગમાં જે જીવ આવે તેને સર્વોપરી સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા સમજાવે.
- જીવનું અજ્ઞાન કહેતાં દેહભાવ ટળાવી એકમાત્ર મૂર્તિનું સુખ જ આપવાનો આગ્રહ હોય.
- તેમના જોગ-સમાગમે મુમુક્ષુને આત્યંતિક મોક્ષની પ્રાપ્તિનું પૂર્ણકામપણું વર્તે.
- એમનાં દર્શને, સ્પર્શે, સેવાએ, વાયરે ને સંકલ્પે ફદલમાં આત્યંતિક કલ્યાણનો ધોરી માર્ગ ચલાવે.
- શ્રીજીમહારાજની આજ્ઞા અણીશુદ્ધ રીતે પાળે અને જોગમાં આવનારને પળાવે.
- જે પોતે કદી ભગવાનની પદવીને ન ઇચ્છે, પોતે કાયમ દાસ-સેવક બનીને જ રહે.
- જે કદી પોતાને ગુરુ ન માને.
- શાસ્ત્રોમાંથી શ્રીજીમહારાજનાં મૂળભૂત રહસ્યો તથા પરભાવ કાઢી કાઢીને યથાર્થ સમજાવે.
- મુમુક્ષુને પોતામાં નહિ, એકમાત્ર ભગવાનમાં જોડે.
- મુમુક્ષુને અગાઉથી સમય આપી ધામમાં તેડી જાય. આયુષ્ય હોય તોય ધામમાં લઈ જાય અને આયુષ્ય ન હોય તોપણ રાખે.
- નિકટનાને રોકી-ટોકી ચોખ્ખા કરે.

દિવ્ય સત્પુરુષ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્યજીવનમાં મુમુક્ષુમાત્રને ઉપરોક્ત તમામ લક્ષણોનાં યથાર્થ દર્શન થઈ રહ્યાં છે. મુમુક્ષુમાત્રને તેની સહજ અનુભૂતિ થઈ રહી છે.

તા. ૨૨-૭-૨૦૧૩ના રોજ વાસણા ખાતે ગુરુપૂર્ણિમાના સમૈયામાં ગુરુમહિમાનાં કીર્તનો ગવાઈ રહ્યાં હતાં. “આ દિવ્ય ગાથા મારા ગુરુ બાપજીની...” આ શબ્દો દર્શન વિભાગમાં દર્શન આપતા ગુરુદેવના કર્ણપટ પર પડતાં સેવક સંતને અણગમા સાથે કહ્યું, “સ્વામી, આ કીર્તનો બંધ કરાવો ને મહારાજનાં કીર્તન બોલે તેવું કહો.” સેવક સંતે કહ્યું, “ દયાળુ, આપના અમારી ઉપર અનંત ઉપકાર છે. આ ગુરુપૂર્ણિમાના અવસરે ઋણ અદા કરવા ગુરુમહિમાનાં જ કીર્તન ગાવાનાં હોય ને ! કાયમ તો આપ આપનો

મહિમા ગાતા અટકાવી જ દ્યો છો પરંતુ આજે તો અમારો અધિકાર છે. ગુરુમહિમામાં ડૂબવા આજે તો આવાં જ કીર્તન ગાવાં જોઈએ.''

ત્યારે ગુરુદેવ બોલ્યા, ''પણ સ્વામી, આપણા સૌના ગુરુ તો એક મહારાજ છે. ગુરુ ગુરુ તો સૌ કહે પણ સૌના ગુરુ એક સહજાનંદ. માટે મહારાજનાં કીર્તન ગાવ.''

આહાહા ! પોતાના સન્માન, પ્રશંસાની કોઈ સ્પૃહા જ નથી ગુરુદેવને ! આ જ તેમની પરભાવી સ્થિતિનું દર્શન છે. આમ, સાચા સત્પુરુષ મુમુક્ષુને ક્યારેય પોતામાં ન જોડે, પોતાને ગુરુ ન માને પરંતુ તેમને તો એકમાત્ર શ્રીજીમહારાજમાં જોડવાનો આગ્રહ હોય.

•••

તા. ૩૧-૫-૨૦૨૪ના રોજ AYP કૅમ્પમાં એક હરિભક્તથી વ્હાલા ગુરુજીના મહાત્મ્યના અતિરેકમાં બોલાઈ જવાયું કે, ''ગુરુજી, આપ તો સુખના સિંધુ છો.'' ત્યારે વ્હાલા ગુરુજીએ તરત જ તેઓને અટકાવ્યા, ''શું બોલ્યા ? સુખસિંધુ ! સુખસિંધુ તો એક મહારાજ જ છે. અમે પણ એ સુખસિંધુના સુખનો પાર પામી શકતા નથી. એ સ્વરૂપમાં તો આપણે સૌએ જોડાવાનું છે.''

આહાહા... ભગવાન પદ કોને ન ગમે ? દેહધારી વ્યક્તિ વગર પાત્રતાએ, વગર ગુણે ભગવાન થઈ પૂજાવા ઇચ્છે જ્યારે શ્રીજીમહારાજ જેના સંપૂર્ણ કર્તા છે એવા ગુરુજીને કેવું સાવધાનીપણું ! કેટલું સૂક્ષ્મ અનુસંધાન !! 'સાચા સત્પુરુષ મુમુક્ષુને પોતામાં ન જોડે પરંતુ ભગવાનમાં જોડે' આ લક્ષણનાં ગુરુજીમાં ઇદમ્ દર્શન થાય.

•••

સાચા સત્પુરુષના સંપૂર્ણ કર્તા સ્વયં શ્રીજીમહારાજ હોય તેવું અનેક મુમુક્ષુને અનુભવાય.

ગુરુજીના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ છે. ગુરુજીનો આગ્રહ કેવળ અનંતને મૂર્તિ આપ્યાનો છે. આની સહજ અનુભૂતિ સંપ્રદાયના એક મુમુક્ષુ વડીલ સંતને થતી. તેમનો સ્વાનુભવ માણીએ :

''સ્વામી, આપનો મુમુક્ષુને મૂર્તિ આપ્યાનો ઉત્સાહ (આગ્રહ) ચડતો ને ચડતો જોઈ રહ્યો છું. જ્યારથી આપનાં દર્શન થયાં છે ત્યારથી આ ઉત્સાહનાં નવાં ને નવાં દર્શન થાય છે. વળી, સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ કીર્તનમાં ગાયું છે કે, 'એટલો જ ગુણ કોઈ ગ્રે'શે રે, તે તો બ્રહ્મમો'લે વાસ લેશે રે...' આ બીજું કોઈ નહિ, સ્વામી, આપના જેવા સત્પુરુષ માટે જ આ શબ્દો છે.''

વળી, પ્રગટ દીવાને દેખી પતંગિયાં ખેંચાઈને આવે તેમ પ્રગટ સત્પુરુષ પાસે મુમુક્ષુઓ દોડતાં આવે એ ન્યાયે આ વડીલ સંતે આગળ કહ્યું કે, ''સ્વામી, પૂર્વે મહારાજ અને મોટા નંદ સંતો પાસે મુમુક્ષુઓ ખેંચાઈને આવતા તેમ આજે આપની પાસે મુમુક્ષુઓ આકર્ષાઈને આવી રહ્યા છે એ દેખાય છે. કારણ, આપના દ્વારા સ્વયં મહારાજ જ કાર્ય કરી રહ્યા છે.''

•••

આ ઉપરાંત જોગમાં આવનારને પંચવિષયમાંથી પ્રીતિ ટળાવી સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ કરાવવાનો આગ્રહ સત્પુરુષનો હરહંમેશ માટે હોય તેથી પોતાનાને રોકટોક કરી ચોખ્ખા કરે.

આ ઉપરાંત જોગમાં આવનારને પંચવિષયમાંથી પ્રીતિ ટળાવી સ્વામિનારાયણ ભગવાનમાં પ્રીતિ કરાવવાનો આગ્રહ સત્પુરુષનો હરહંમેશ માટે હોય તેથી પોતાનાને રોકટોક કરી ચોખ્ખા કરે.

હાલ થયેલ **AYP** અને પ્રિ-મુમુક્ષુ કૅમ્પમાં જાણ્યું હતું કે, ઘણા હરિભક્તોની અતિ મુમુક્ષુતા જોઈ ગુરુજીએ તેમને પેન, સેવ-ટામેટાંનું શાક તથા ઘડિયાળમાંથી આસક્તિ ટળાવવા નિયમની પાળ બાંધી આપી, સ્થિતિના માર્ગે આગળ વધવાની રુચિ જણાવી હતી. જોયું મુક્તો, અણીશુદ્ધ કરવાનો ગુરુજીનો અતિ આગ્રહ !!

•••

જેમ શ્રીજીમહારાજ સ્વતંત્ર છે તેમ સત્પુરુષ પણ સ્વતંત્ર છે. ધારે તે કરી શકવા સમર્થ છે. એટલે જ ગુરુદેવ અને ગુરુજીના કેટલાયને અવધિ આપી ધામમાં તેડી ગયાના પ્રસંગો સાંભળ્યા છે. ઈ.સ. ૧૯૯૧માં વાસણા માણેકલાલ સોસાયટીમાં રહેતા સોમાભાઈ મગનભાઈ પટેલને છેલ્લો મંદવાડ હતો. દીકરા દશરથભાઈએ ગુરુદેવને ઘરે દર્શન આપવા પધારવા પ્રાર્થના કરી ત્યારે ગુરુદેવે વ્હાલા ગુરુજીને કહ્યું, ''સ્વામી, ભલે છોકરાઓને એમની જરૂર નથી પણ મંદિરે દાનભેટ કાઉન્ટર પર ઑફિસમાં આપણે એમની બહુ જરૂર છે. માટે મહારાજને પ્રાર્થના કરીએ કે એમનું આયુષ્ય પૂરું થઈ ગયું છે તોય હજુ દસ વર્ષ મહારાજ તેમને રાખે.'' ગુરુદેવે તેમને વર્તમાન ધરાવી આવા આશીર્વાદ આપ્યા. બરાબર દસ વર્ષની અવધિ પછી ઈ.સ. ૧૯૯૧થી ઈ.સ. ૨૦૦૧ સુધી રાખી ઈ.સ. ૨૦૦૧માં સોમાભાઈને ધામમાં તેડી ગયા.

•••

એસ.એમ.વી.એસ.ના પાયાની ઈંટ સમા મોહનભાઈ દયારામભાઈ ઠક્કરનો છેલ્લો મંદવાડ હતો. ડૉક્ટરો છૂટી પડ્યા હતા. તા. ૨૨-૪-૨૦૨૪ના રોજ ડૉક્ટરોના કહેવાથી મોહનભાઈને ઘરે લાવ્યા. તેઓને ગુરુજીનાં દર્શનનો અતિશે આગ્રહ હતો પરંતુ દેહ રહે તેમ લાગતું નહોતું. ગુરુજી વિચરણમાં વ્યસ્ત હતા. આથી ગુરુજીએ ફોન પર આશીર્વાદ સહ વચન આપ્યું કે, ''જાવ, પૂનમે તમારે ત્યાં જરૂર આવીશું. ત્યાં સુધી મહારાજ તમને રાખશે.''

તા. ૨૪-૪-૨૦૨૪ના રોજ પૂનમ સભામાં વ્હાલા ગુરુજીએ

મોહનભાઈનાં નિત્ય દર્શનના નિયમની દૃઢતાનો પ્રસંગ કહી ખૂબ રાજીપો જણાવ્યો. બરાબર એ જ સમયે ઑનલાઈન ગુરુજીનાં દર્શન-કથાવાર્તાનો ઘેર સૂતાં સૂતાં લાભ લેતાં તેમનો મનોરથ પૂર્ણ કરી મહારાજ-બાપા-ગુરુદેવ-ગુરુજીએ તેમના ચૈતન્યને મૂર્તિમાં રાખી લીધો. સભા બાદ ગુરુજી તેમના ઘરે અંતિમ વિધિમાં પધાર્યા હતા.

આયુષ્ય પૂર્ણ થઈ ગયું હોવા છતાં તેમનો દર્શનનો મનોરથ પૂર્ણ કરવા બે દિવસ રાખી અવધિ મુજબ પૂનમના દિવસે ધામમાં તેડી ગયા. આમ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુજીમાં આ લક્ષણનું દર્શન આપણે સહેજે સહેજે કરતા રહ્યા છીએ.

● ● ●

સાચા સત્પુરુષની પરખ કરવામાં બીજું કાંઈ ન સમજાય તો કાંઈ નહિ પરંતુ મોટા સંતો કહેતા તે બે બાબતોનાં દર્શન જેમનામાં થતાં હોય તેમને પોતાના પ્રાણ સમર્પિત કરી તેમનું શિષ્યત્વ સ્વીકારી લેવું જોઈએ.

### ૧. મહારાજ કે મોટાપુરુષના સંકલ્પથી પધાર્યા હોય

શ્રીજીમહારાજે અંતિમ મંદવાડ ગ્રહણ કર્યો હતો ત્યારે કચ્છના હરિભક્તો ગઢપુર દર્શને ગયા હતા. એ વખતે સ્વયં શ્રીજીમહારાજે પ્રેમીભક્તોને આશીર્વાદ આપેલા કે, 'અમે અમારા મુક્ત દ્વારે અહીં પ્રગટ થઈશું.' એ ન્યાયે બળદિયા ગામના દેવબાઈને દર્શન દઈ વર દીધો કે, "તમારે ત્યાં અમારા જેવા જ અમારા મુક્ત પ્રગટ થશે. જે અબજોને મૂર્તિમાં રાખશે માટે તેમનું નામ અબજીભાઈ રાખજો." આ અબજીબાપાશ્રીના 'આધા તુમ્હારા, આધા હમારા'ના આશીર્વાદે નળકંઠાના વાસણ ગામે જેઠાભાઈના ઘરે તા. ૧૩-૩-૧૯૩૩ના રોજ મુક્તરાજ દેવુભાઈ અર્થાત્ આપણા વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીનું પ્રાગટ્ય થયું.

ગુરુદેવે પોતાના સંકલ્પોને વેગવંતો બનાવવાના પૂર્વાપર આયોજન રૂપે પોતાના ગુરુ અ.મુ. સદ્. શ્રી મુનિસ્વામી પાસે દદુકાના કેશવલાલભાઈને 'આધા તુમ્હારા, આધા હમારા'ના આશીર્વાદ અપાવી વ્હાલા ગુરુજીને માગી લીધા હતા. સદ્. મુનિબાપાના આશીર્વાદે પ્રગટ થયેલ દિવ્ય સ્વરૂપ એટલે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી.

વળી, ગુરુદેવ પણ વારંવાર ગુરુજીનો મહિમા ગાતા થાકતા નહીં. ઈ.સ. ૨૦૧૩માં ગુરુદેવ પ.પૂ. બાપજી સાધક તાલીમ કેન્દ્રની સભામાં સમર્પિત મુક્તોને સ્વામિનારાયણ ધામ પર લાભ આપવા પધાર્યા હતા. ત્યારે કહ્યું હતું કે, "આ સ્વામી તો મહારાજના ધામમાંથી આવેલા છે. આપણા સતસ્વામીમાં સત્પુરુષના તમામ લક્ષણોનાં દર્શન થાય છે. સ્વામી તો અનંતને મૂર્તિનું સુખ આપવા પધાર્યા છે. એમને રાજી કરજો. એમના જેવા ગુણ શીખજો. એમના વિષે દિવ્યભાવ હશે તો ભૂંડો ઘાટ પણ નહિ થાય અને એમનામાં મનુષ્યભાવ પરઠ્યો તો દોષો સારી પેઠે કરડી ખાશે કારણ કે સ્વામીને મહારાજ સાથે એકતા છે."

આમ, મોટા જ મોટાને ઓળખી-ઓળખાવી શકે. મોટા મોટાએ જેમને પ્રમાણ કર્યા હોય એનાથી મોટું પ્રમાણ બીજું કયું હોઈ શકે ? આમ, આ લક્ષણ સત્પુરુષની સાચી ઓળખ છતી કરે છે.

### ૨. દાસત્વની પરાકાષ્ઠાએ વિરાજતા હોય

ગુરુદેવ પ.પૂ. બાપજીએ એસ.એમ.વી.એસ. સંસ્થાનું શૂન્યમાંથી સર્જન કર્યું હોવા છતાં સઘળો યશ ગુરુચરણે સમર્પિત કરતાં કહેતા, "આ બધી લીલીવાડી મુનિબાપાનો પ્રતાપ છે."

વ્હાલા ગુરુજી સંત દીક્ષા લીધા બાદ સંસ્થાના તમામ આધ્યાત્મિક, વ્યવહારિક કાર્યોનો વિકાસ પોતે આગળ રહી કરતા-કરાવતા અને આજે કરે છે. છતાં કદી પોતાના શિરે યશ લીધો જ નહિ; ગુરુદેવના ચરણે જ ધર્યો.

ઈ.સ. ૧૯૮૭ પછી સંસ્થાનો બહોળો વિકાસ થયો. ભાવનગરમાં આપણું મંદિર થયા પૂર્વે ગુરુજી ભાવનગર વિચરણ દરમ્યાન ભાવનગરમાં અન્ય સંસ્થાનું એક સ્વામિનારાયણ મંદિર રસ્તામાં આવતાં ત્યાં ઠાકોરજીનાં દર્શન કરવા પધારેલા. મંદિરમાં સેવા સંભાળતા વડીલ સંતે તેમના ગુરુને વ્હાલા ગુરુજીની ઓળખાણ આપતાં કહ્યું કે, "આ સ્વામી સી.એ. ભણેલા છે. દેવસ્વામીના આ પટ્ટશિષ્ય છે." આ સાંભળી તેમના ગુરુએ કહ્યું, "હા, સંસ્થામાં ભણેલા-ગણેલા સંતો આવ્યા એટલે સંસ્થાનો વિકાસ ખૂબ થયો." ત્યારે ક્ષણનોય વિલંબ કર્યા વિના ગુરુજી બોલ્યા, "સ્વામી, રાજી રહેજો. અમારા જેવા ભણેલા સંતોને લઈ સંસ્થાનો વિકાસ નથી થયો પરંતુ અમારા ગુરુ પ.પૂ. બાપજી સત્પુરુષ છે એટલે એમના સામર્થ્ય અને પ્રભાવથી સંસ્થાનો વિકાસ થયો છે."

આજે ગુરુદેવ પ.પૂ. બાપજી અંતર્ધાન થયા પછી પણ પોતે તો ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્વરૂપમાં ડૂબીને જ વર્તે છે. સંપ્રદાયની રીતિ છે કે, જે ગુરુ જે મુમુક્ષુને દીક્ષા આપે તેની પાછળ દીક્ષાગુરુનું નામ જ હોય. જ્યારે એસ.એમ.વી.એસ. સંસ્થામાં ગુરુજીએ આજે અને ભવિષ્યમાં જે કોઈ મુમુક્ષુ દીક્ષા લઈ સંત થાય તેમની પાછળ ગુરુદેવ પ.પૂ. બાપજીનું જ નામ ગુરુ તરીકે રહેશે એવું બંધારણમાં લખાવી દીધું છે. ગુરુજીએ બંધારણમાં આ કલમ ઉમેરી કહેલું કે, 'બધા ગુરુદેવ પ.પૂ. બાપજીના જ શિષ્ય; અમારા કોઈ નહીં.' પોતે સ્વયં ગુરુપદે હોવા છતાં ગુરુજી દરેક શિષ્ય વર્ગને ગુરુ સ્વરૂપમાં ડૂબીને વર્તવાની કેવી કલ્પનાતીત રીત શીખવી રહ્યા છે !!!

આમ, મુમુક્ષુએ ગુરુ કરતાં પૂર્વે તેમની પરખ કરવી જોઈએ. કારણ કે પૂર્ણગુરુ કહેતાં સાચા સત્પુરુષની પરખનું આ જ સૌથી મોટું માપદંડ છે, મૂળભૂત લક્ષણ છે. પૂર્ણગુરુ તો આપણને મળી ગયા છે. હવે, પરખ કરીએ સાચા શિષ્યત્વની આગામી લેખમાં.



સાચા ગુરુને ગુરુ તરીકે પૂજાવામાં રસ નથી હોતો.



# શિષ્યની પરખ

‘પરખથી પસંદગી’ આ સિદ્ધાંતને આજે જગતની સર્વ વ્યક્તિ અનુસરે છે. પછી ચાહે તે પસંદગી વસ્તુ-પદાર્થની હોય, વ્યક્તિની હોય કે સંબંધ કેળવવાની હોય. અનેક માયિક સંબંધોમાં એક અલૌકિક સંબંધ છે ગુરુ-શિષ્યનો. જે અધ્યાત્મ સંબંધ અનેક ભવબંધનોથી છોડાવી શાશ્વત સુખનો અનુભવ કરાવે છે. આ સંબંધની પરખ દુન્યવી પરખ કરતાં કંઈક નોખી છે. દુન્યવી મોટી વ્યક્તિની પરખ સત્તા, સંપત્તિ, ગુણ, વાક્ચાતુર્ય, બુદ્ધિમત્તા અને હોશિયારીથી થાય છે. જ્યારે અલૌકિક ગુરુની પરખ પરભાવી સામર્થ્ય, પ્રભુનો સંબંધ, દિવ્ય ગુણોનાં દર્શનથી થાય છે. સાચા શિષ્યની પરખ ગુરુની સર્વાંગ શરણાગતિ, રાજીપાની ભૂખ-ગરજ, નિર્દોષભાવ, આત્મબુદ્ધિ, વચનપાલન જેવા ઉત્કૃષ્ટ ગુણોથી થાય છે.

શિષ્યને એમ થાય કે હું ભલે ગમે તેવો હોઉં પણ સાચા ગુરુની પરખ કરી તેમને અર્પાઈ જઉં. પણ શિષ્ય એમ નથી જાણતો કે ગુરુ પણ સાચા શિષ્યની પરખ કર્યા પછી જ તેને પોતાના જ્ઞાન, સિદ્ધાંત, કલ્યાણકારી ગુણોનો વારસો આપે છે. ગુરુ કેવા સાચા શિષ્યને ખોજે છે ? શિષ્યત્વની પરખ શું ? તે જોઈએ.

### ૧. સાધનિક અને સિદ્ધના ભેદને સમજે

કહેતાકહેતી સામાન્ય કોઈ સાધુ-સંતને ગુરુ માની લેવાથી મુમુક્ષુ યથાર્થ મોક્ષ માર્ગ પામી શકતો નથી. માટે જેને ગુરુ તરીકે સ્વીકારવા છે તે સાધુ, સંત કે સત્પુરુષ કોણ છે ? તે ચકાસવું અને સાચા સત્પુરુષને ઓળખીને ગુરુ કરવા. કારણ કે સાધુ અને સંત સાધનિક કક્ષામાં આવતું વ્યક્તિત્વ છે જ્યારે સત્પુરુષ એ સિદ્ધદશાનું વ્યક્તિત્વ છે.

જે ભગવાનને સાધે અને જોગમાં આવનારને સધાવે તે સાધુ કહેતાં જે પોતે ભગવાન ભજે ને મહારાજના રાજીપાના માર્ગે ચાલે ને જોગમાં આવનારને ચલાવે તે સાધુ. સાધુ શબ્દ દેહભૂમિકાનો છે. આવા સાધુ ઘણા હોય પરંતુ અનંતના મોક્ષનું કામ તો સત્પુરુષથી જ થાય. વળી, જે આજ્ઞા ન પાળે તે તો અસાધુ જ છે.

સંત શબ્દ સાધુથી ઘણો આગળ છે. જે દેહથી પૃથક્ થઈ મૂર્તિમાં રહેવાનો અભ્યાસ કરતા હોય, માન-અપમાન, હર્ષ-શોક આદિ દ્વંદ્વોથી પર રહેતા હોય તેને સંત કહેવાય. તેમ છતાં હજુ તેમની યાત્રા ચાલુ છે. અંતિમ ગંતવ્ય સ્થાન જે મૂર્તિનું સુખ ત્યાં સુધી નથી પહોંચ્યા. આવા સંતના જોગ-સમાગમે મોક્ષ માર્ગની શરૂઆત થાય છે અને મૂર્તિના સુખ તરફ ચાલી શકાય છે. પરંતુ સત્પુરુષનું તો વ્યક્તિત્વ જ જુદું છે. હજારો સાધુ અને સંત ભેગા થાય તોપણ સત્પુરુષની તોલે ન આવે. સત્પુરુષની પદવી કોઈની આપી અપાતી નથી. સત્પુરુષની પદવી તો શ્રીહરિ જ આપે છે. જે શ્રીજીમહારાજના સંકલ્પે અનંત જીવોનાં કલ્યાણ કાજે બ્રહ્માંડમાં વિચરતા હોય તેને સત્પુરુષ કહેવાય. સત્પુરુષના જોગ-સમાગમ અને કૃપાથી અનેક સાધુ ને હરિભક્ત સંત બને છે. જેમના સંપૂર્ણ કર્તા શ્રીજીમહારાજ હોય તે સત્પુરુષ. એથી આગળ “પોતે અખંડ મૂર્તિમાં રહે છે, સંકલ્પે શ્રીજી દેખાય રે...” આ સત્પુરુષની ખરી વ્યાખ્યા છે.

ઈ.સ. ૧૯૭૦ના ચાતુર્માસમાં દદુકાના દોલુભા, નળકંઠાના રાજા કહેવાતા એવા ઝોલાપુરના શિવલાલ શેઠ અને એમના નાના ભાઈ સાણંદના ગંગારામ શેઠ ત્રણેય સૌરાષ્ટ્રમાં બ્રહ્મસત્રનો લાભ લેવા જવા નીકળ્યા. રસ્તામાં પાટડી રાત્રિરોકાણ કર્યું. સદ્. મુનિસ્વામીનો રાત્રે થોડી વાર લાભ લઈ શયન કર્યું.

બીજા દિવસે સવારે સદ્. મુનિસ્વામી નિત્યક્રમ મુજબ મંગળા આરતી બાદ ત્રણ કલાકના ધ્યાનમાં બિરાજી ગયા. સવારે પરવારી સદ્. મુનિસ્વામીનાં દર્શન કરવા ગયા પણ સદ્ગુરુ ધ્યાનમાં બિરાજ્યા હોવાથી સાથે લાવેલ ટીમણમાંથી નાસ્તો કરી આગળ જવા નીકળ્યા. રસ્તામાં એક ગામમાં સ્વામિનારાયણ સંપ્રદાયનું અન્ય મંદિર હતું ત્યાં ઉતારો લેવાનું નક્કી કરેલ તેથી ત્યાં ગયા. મંદિરના પ્રાંગણમાં ગાડી પાર્ક કરી ત્યાં તો મંદિરના મહંત તેમના સ્વાગત માટે ઊભા હતા. સ્વાગત કરી તરત વી.આઈ.પી. સુવિધાઓ આપી. સારા ઉતારા આપ્યા. ભોજનમાં પણ બે મીઠાઈ, ફરસાણ હતાં ને ખૂબ આગ્રહ કરીને જમાડ્યા. તેમના મોભા પ્રમાણે બધી વ્યવસ્થા આપી.

બીજા દિવસે સવારે આગળ જવા નીકળતા હતા ત્યારે મંદિરના મહંતે રસ્તામાં જમાડવા નાસ્તાના ડબ્બા પણ ભરી આપ્યા ને છેક દરવાજા સુધી વળાવવા આવ્યા. રસ્તામાં ગાડીમાં ગંગારામભાઈએ કહ્યું, “જોયું ભાઈ, આ સ્વામી બહુ મોટા છે. આપણને કેવા સાચવ્યા. એમનો કેવો ભાવ હતો. જ્યારે આપણે પાટડી ગયા હતા તો મુનિસ્વામીએ આપણો ભાવ પણ ન પૂછ્યો. ન નાસ્તાનું પૂછ્યું, ન કોઈ સારી વ્યવસ્થા કરી.” શિવલાલભાઈએ તરત કહ્યું, “ગંગારામ, તને સૂઝ જ નથી. આ રાજર્ષિ સાધુ છે. અને સદ્. મુનિસ્વામી બ્રહ્મર્ષિ સત્પુરુષ છે. એક હજાર રાજર્ષિ સાધુ ભેગા થાય તોય એક સત્પુરુષની તોલે ન આવે. માત્ર રાખ-રખાપ કરતા આવડે, વ્યક્તિઓને સારી રીતે સાચવતા આવડે એ મહત્ત્વનું નથી. કોઈનામાં આવી વ્યવહારકુશળતા હોય પણ ખરી ને કોઈનામાં ન

પણ હોય. પરંતુ ભગવાનનો સંબંધ મહત્ત્વનો છે. સદ્. મુનિસ્વામી અખંડ મૂર્તિમાં રહેનારા સત્પુરુષ છે. તેમની પરભાવી મોટપ એટલી મોટી છે કે એની આગળ આપણી આ લોકની મોટપ સાવ વાંઝણી છે. એ તો સત્પુરુષ છે. દેહદૃષ્ટિથી ને દેહબુદ્ધિથી સત્પુરુષ ન ઓળખાય. આ મહંત હજુ દેહભૂમિકાએ વર્તનાર હતા. એ માપવું તારા બસનું કામ નથી. એ સારા સાધુ ખરા પણ સાધુ એ સાધુ છે અને સત્પુરુષ એ સત્પુરુષ છે. સદ્. મુનિસ્વામી તો સિદ્ધપુરુષ છે. અખંડ મૂર્તિમાં રમણ કરે છે.'' આ છે સત્પુરુષની પરખ કરી, શિષ્યત્વ સ્વીકારેલા સાચા શિષ્ય.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી પણ બાલ્યાવસ્થાથી જ અતિ મુમુક્ષુતાનાં દર્શન કરાવતા. ગુરુજી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘણી જગ્યાએ સમાગમ કરવા જતા. પરંતુ સદ્. મુનિસ્વામીના પરભાવી સામર્થ્યનાં, મહારાજ સાથેની એકતાનાં, દિવ્ય કલ્યાણકારી ગુણોનાં દર્શન થતાં તેઓને સત્પુરુષ જાણી તેમની સાથે આત્મબુદ્ધિના નાતે જોડાઈ ગયા.

ઈ.સ. ૧૯૭૪માં સદ્. મુનિસ્વામી અંતર્ધાન થયા બાદ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી એવા જ દિવ્ય સત્પુરુષની શોધમાં હતા. તા. ૧૬-૪-૧૯૭૮ ને હરિનવમીના દિવસે મિત્ર સુધીરભાઈ થકી ગુરુજીનું ગુરુદેવ પ.પૂ. બાપજી સાથે પ્રથમ મિલન થયું. પ્રથમ દર્શને જ ગુરુદેવ પ.પૂ. બાપજીના અંતર્યામીપણાનાં, પરભાવી સામર્થ્યનાં, મહારાજ મળ્યાની અલમસ્તાઈનાં દર્શન થતાં તેઓને ગુરુ તરીકે સ્વીકારી સંપૂર્ણ શરણાગત થઈ ગયા.

### પરખ કરીએ આપણી

આપણી ઉપર તો અત્યંત કૃપા વહી છે કે ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી જેવા પરભાવી દિવ્ય સત્પુરુષ જ ગુરુ સ્વરૂપે વગર ખોજ કરે, વગર પરખ કરે મળી ગયા છે. પરંતુ હવે પરખ કરીએ આપણા શિષ્યત્વની કે, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી તો કેવળ મૂર્તિનું સુખ આપનારા દિવ્ય સત્પુરુષ જ છે પરંતુ આપણે તેમને કેવી રીતે સ્વીકાર્યા છે ? પરિવારમાં આર્થિક પ્રશ્નો છે તો તે સુધરે, પૈસાની મદદ કરે, લાગણીભર્યા સંબંધો રાખી સાચવે, માન-મોટપ આપે આવા સકામભાવથી સ્વીકાર્યા છે કે માત્ર મોક્ષ અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ પામવા, મૂર્તિસુખનો અનુભવ કરવા, પંચવિષયમાંથી પ્રીતિ ટાળવા, અહંકાર ટાળવા, દેહભાવના ચૂરેચૂરા બોલાવવા શરણાગત થયા છીએ ? આપણી આંતરિક ભાવનાને ઓળખીએ. સકામભાવ ટાળી નિષ્કામભાવે શરણું સ્વીકારવું અને એમના થઈને રહેવું એ સાચું શિષ્યત્વ છે તે કેળવીએ.

### ૨. ગુરુને વિષે નિઃસંશયપણું ને નિરુત્થાનપણું

સત્પુરુષ ગુરુ સ્વરૂપે દર્શન આપતા હોય ત્યારે તેઓ અવરભાવમાં મનુષ્યને પોતા જેવા જણાય. તેમને વિષે પણ ભૂખ, ઊંઘ, તરસ, રોગાદિક ભાવો જણાવા છતાં તેઓ મનુષ્ય જેવા નથી. અજ્ઞાની જીવો દેહને હું માની જીવે છે જ્યારે સત્પુરુષ દેહાતીત સ્વરૂપે વર્તે છે. એમના મુખે પરમેશ્વર બોલે છે. એમની સર્વે ક્રિયાના કર્તા મહારાજ જ છે એવું ગુરુ સ્વરૂપનું નિરુત્થાનપણું કરવું એ સાચું શિષ્યત્વ છે. જ્યારે આવું નિરુત્થાનપણું થાય ત્યારે ગુરુને વિષે કદી તર્ક-કુતર્ક ન થાય. આજ્ઞા અધ્ધરથી ઝિલાય.

નંદરાજાના સૈનિકો ચાણક્ય અને ચંદ્રગુપ્ત મૌર્યનું નિકંદન કાઢવા તેમનો પીછો કરતા હતા. પળ પારખું ચાણક્યએ ચંદ્રગુપ્તને આજ્ઞા કરી કે, ''વત્સ ! તું તળાવના પાણીમાં ડૂબકી મારી દે.'' પોતે તળાવ કિનારે કપડાં ધોતા ધોબીને ઉઠાડી ત્યાં બેસી ગયા. થોડી વારમાં મારતે ઘોડે સૈનિકો આવ્યા. કપડાં ધોતા ચાણક્યને પૂછ્યું, ''તેં ચંદ્રગુપ્ત અને ચાણક્યને જોયા ?'' ''એક ડોસો ભાગી ગયો અને એક યુવાન તળાવના પાણીમાં પડ્યો છે.'' ચાણક્યએ કહ્યું.

એક સૈનિક ચાણક્યને પકડવા ઘોડો લઈ દોડ્યો. બીજો તળાવના પાણીમાં ઊતર્યો. તક ઝડપી ચાણક્યએ તલવાર ઉપાડી સૈનિક ઉપર ઘા કરી ધડથી માથું નોખું કરી દીધું. બૂમ મારી ચંદ્રગુપ્તને બહાર બોલાવ્યો. બંને ઘોડા પર બેસી આગળ જતા સૈનિકની પાછળ ગયા. તેના ઉપર જનોઈવાઢ ઘા કરી ઠેકાણે પાડી દીધો.

આગળ જતાં બંને ઝાડ નીચે વિશ્રાંતિ લેવા બેઠા. ચાણક્યએ ચંદ્રગુપ્તને પૂછ્યું, ''મેં પેલા સૈનિકને તું તળાવમાં ઊતર્યો છે એવું કહી પાછળ મોકલ્યો ત્યારે તને કોઈ વિચાર ન આવ્યો ?'' ક્ષણનો પણ વિલંબ કર્યા વગર ચંદ્રગુપ્તે કહ્યું, ''મને આપના વિષે નિઃસંશયપણું છે. આપ આજ્ઞા કરો તે મારા માટે શિરોવંદ્ય જ હોય. આપનાં વચન કે ક્રિયામાં સંશય શાનો ? આપ જે કરો તે મારા હિતમાં જ હોય. હું સંપૂર્ણ શરણાગત છું.'' આ છે ગુરુનો મહિમા.

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વચ્ચેનો ગુરુ-શિષ્યભાવ અને ગુરુજીનું ગુરુ સ્વરૂપનું નિઃસંશયપણું શિષ્યગણ માટે પ્રેરણારૂપ છે.

ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી કાયમ કહેતા હોય છે કે, “અમે ગુરુદેવ પ.પૂ. બાપજીના ક્યારેય બાપજી રૂપે દર્શન કર્યાં જ નથી. તેઓ નિરંતર મહારાજની મૂર્તિમાં રહે છે. તેમના સંપૂર્ણ કર્તા મહારાજ છે. તેથી મહારાજના ભાવે દિવ્યભાવથી દર્શન કર્યાં છે. હા, ગુરુદેવ પ.પૂ. બાપજીને ક્યારેય ભગવાન નથી માન્યા પરંતુ તેમને વિષે દેવબુદ્ધિ અર્થાત્ ભગવાનપણાની બુદ્ધિનો દિવ્યભાવ રાખ્યો છે અને સમગ્ર સમાજને રખાવ્યો છે.”

ઈ.સ. ૨૦૦૭માં ગુરુદેવ પ.પૂ. બાપજીએ અવરભાવમાં હૃદય લીલા ગ્રહણ કરી હતી. બોપલ ક્રિષ્ના હૉસ્પિટલ ખાતે સર્જરી બાદ ગુરુદેવને થોડા દિવસ રાખ્યા હતા. આ સમયે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી બે મહિના બધું વિચરણ તથા સંસ્થાકીય પ્રવૃત્તિને ગૌણ કરી ગુરુદેવની સેવામાં આવી ગયા હતા. ક્રિષ્ના હૉસ્પિટલથી પૂ. સંતોના ઉતારાનું સ્થળ બે કિ.મી. દૂર હતું. તેમ છતાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સ્વયં પોતે ભોજન લઈ ચાલતાં હૉસ્પિટલ ગુરુદેવને જમાડવા જતા. કારણ, પૂ. સંતોના નિયમ મુજબ એંઠી રસોઈ લઈ ગાડીમાં ન જવાય. સંતો પ્રાર્થના કરે : ‘દયાળુ, આપ આટલું ઊંચકીને ન ચાલો. અમે લાવીએ, આપ પીરસજો.’ તેમ છતાં ગુરુજી કોની સેવા છે? એવા દિવ્યભાવે સેવા કરતા.

ગુરુદેવ પ.પૂ. બાપજીએ સંત દીક્ષા લીધા બાદ જીવનમાં કથાવાર્તા કરવામાં એક દિવસ રજા રાખી ન હતી. પરંતુ બાયપાસ સર્જરીના કારણે ગુરુદેવને વિચરણ, કથાવાર્તા બંધ થઈ તે પોસાતું ન હતું. તેઓ અતિશે નારાજગી દર્શાવતા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી ભોજન લઈ ગુરુદેવને પીરસવા પધારતા ત્યારે નારાજ થઈ આકરા શબ્દોમાં ખૂબ વઢતા કે, “હું ના પાડતો હતો તોય તેં પરાણે ઑપરેશન કરાવ્યું. આ મારું બધું વિચરણ બંધ પાડ્યું. આવું બેસી રહેવું મને ના પાલવે. મહારાજના ગુનેગાર થવાય. મને તો બેસાડી રાખ્યો છે ને તુંય બેસી રહ્યો છે.” એમ ઘણી ઘણી આકરા શબ્દોની પ્રસાદી ગુરુદેવ આપતા.

સેવામાં રહેલા અન્ય પૂ. સંતો-હરિભક્તો તો ગુરુદેવનો પુણ્યપ્રકોપ જોઈ ગુરુજીને અહોભાવથી વંદી રહેતા. કારણ કે ગુરુદેવ નારાજગીના ભાવ દર્શાવતા તોપણ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી મહારાજના ભાવથી દિવ્યભાવે ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરતા, દિવ્યભાવે જમાડતા. નાનામાં નાની સેવા પોતે જાતે કરતા. ગુરુદેવની માનુષી લીલામાં કોઈ તર્ક નહીં. કોઈ ભાવફેર નહીં. ગુરુદેવને વિશેષ રાજી કરવા આખો દિવસ ખડે પગે સેવામાં રહેતા અને રાત્રે ૯ વાગ્યે ગુરુદેવ પોઢી જાય પછી અમદાવાદના અન્ય સેન્ટરોમાં રાત્રિ સભા માટે પધારી સમાજને પણ ખૂબ બળિયો કરતા. સાથે રહેલા સંતો-હરિભક્તોને પણ ગુરુદેવ પરભાવી દિવ્ય સત્પુરુષ છે એવું નિરુત્થાનપણું કરાવતા.

**કરીએ પરખ આપણા નિ:સંશયપણાની**

આજે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પરભાવી સામર્થ્ય અને પ્રભાવથી પ્રભાવિત છે. તેઓશ્રીને સ્વામિનારાયણ સંપ્રદાયની ‘સંજીવની’ અને ‘જડીબુટ્ટી’ તરીકે નવાજે છે. સ્વયં શ્રીજીમહારાજે દીક્ષા આપી ગુરુજીનું નામ પાડતાં કહ્યું હતું કે, “આજથી તમે મોક્ષસંબંધી જે જે સંકલ્પ કરશો તે સિદ્ધ થશે માટે આજથી તમારું નામ ‘સત્યસંકલ્પદાસજી’.” આવા સમર્થ શ્રીજીદીક્ષિત ગુરુનું સાંનિધ્ય મળ્યું છે ત્યારે તેઓશ્રી કોણ છે? કેવા છે? તેની ઠાવકી ગેડ્ય પાડી નિરુત્થાનપણું કરીએ.

સમર્થ ગુરુજી થકી આવતાં આદેશ, નિર્ણય, આયોજન, આજ્ઞા, વચન, રુચિને અધ્ધર ઝીલવાં. કોઈ ગમે તેવાં ઢીલાં વચન કહે તોપણ મળેલા દિવ્ય સત્પુરુષ ગુરુજીને વિષે દિવ્યભાવની દૃઢતામાં રંચમાત્ર ફેર ન પડવા દેવો. આપણી મૂર્તિસુખની યાત્રામાં, સાધના માર્ગમાં ગુરુજીને વિષે દિવ્યભાવ તથા પરભાવી સ્વરૂપના નિરુત્થાનપણાનો ૯૫%થી પણ વધારે ફાળો છે. બાકીની સાધના પણ આ નિરુત્થાનપણાના આધારે જ થવાની છે. બીજું ઓછું થશે તો ચાલશે પરંતુ ગુરુજીને વિષે દિવ્યભાવની દૃઢતા વિના નહિ ચાલે. માટે દેહનાં સગાં, મિત્રો કે મળતાવડા તો આપણને પાછા ન પાડી શકે પણ આપણું મન પણ ઢીલા ન પાડે તેવું ગુરુ સ્વરૂપનું નિરુત્થાનપણું કરવું.

**૩. શિષ્યત્વ ચકાસણીનું માપદંડ :**

ગુરુશરણે આવનાર શિષ્ય ગુરુ સાથે હેત, પ્રીતિ અને આત્મબુદ્ધિ એમ ત્રણ પ્રકારે જોડાતો હોય છે.

માટીનું ઢેફું ગંગાજળથી પલળે અને લઘુથી પણ પલળે. તેમ જે મોટાપુરુષનાં દર્શને રાજી થાય અને દેહનાં સગાંસંબંધી, મિત્ર-પરિવારને જોઈને પણ રાજી થાય તો તે મોટાપુરુષ સાથે હેત છે. આજે બહુધા શિષ્ય વર્ગ હેતના દાયરામાં સમાયેલો હોય છે. અરે, ઘણી વાર તો પોતાના મિત્ર, મળતાવડા, સંબંધીજનો કે પૈસા, સંપત્તિ જેટલું હેત-મમત્વ પણ મોટાપુરુષ સાથે ન હોય તો તે હરિભક્ત હેતની કૅટેગરીમાં પણ ન આવે.



‘ગુરુ દ્વારા ઈશ્વર બોલે છે’નો દિવ્યભાવ સાધનાનો અર્ક છે.

### આપણે આપણું શિષ્યત્વ ચકાસીએ. (નિજદર્શન કરીએ)

- ગુરુજી મારા માથા ઉપર હાથ મૂકે તો સારું, નિકટ રાખે તો સારું એવી ઇચ્છા રહે છે ?
- ગુરુજીનાં દર્શન થાય, મહિમા સાંભળીએ ત્યારે આનંદ થાય પરંતુ જ્યારે કોઈ ઢીલાં વચન કહે ત્યારે મનમાં સંશય થાય છે ? શંકા-કુશંકા થાય છે ?
- મહિમાની વાત કરે, રાજીપાદર્શન કરાવે તે ગમે છે પણ લગારેક ગમતું મરોડે તો માખ તેલમાં ડૂબી જાય એવું થાય છે ?
- મોટાપુરુષનાં દર્શન, સેવા, સમાગમનો આગ્રહ રહે પણ વચન અધ્ધર ન ઝિલાય એવું થાય છે ?

જો ઉપરના બધા મુદ્દામાં 'હા' આવતું હોય તો આપણે હેતની કેટેગરીમાં છીએ.

પ્રીતિનું લક્ષણ જણાવતાં શ્રીજીમહારાજે કારિયાણીના ૧૧મા વચનામૃતમાં કહ્યું છે કે, "પોતાના પ્રીતમની મરજીને લોપે નહિ એ પ્રીતિનું લક્ષણ છે."

સાચો શિષ્ય ગુરુ સાથે સત્પુરુષપણાના ભાવથી, દિવ્યભાવ સોતી પ્રીતિના નાતે બંધાયેલો હોય આથી કદાચ પોતાનું મન કે બુદ્ધિ મોટાપુરુષના ગમતા, રુચિ કે મરજી બહાર વર્તાવવા પ્રયત્ન કરે તોપણ મરજીને લોપી શકે જ નહીં. પ્રીતિના બંધન આગળ મન-બુદ્ધિ પાંગળાં બની જાય.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી તો ગુરુદેવ સાથેની આત્મબુદ્ધિનું સાક્ષાત્ સ્વરૂપ છે તેમ છતાં શિષ્યત્વના નાતે ગુરુ સાથે કેવી પ્રીતિ કરવી ? કેવી મરજીમાં રહેવાની તૈયારી જોઈએ ? તે દર્શાવતાં ગુરુદેવ કાયમ કહેતા કે, "સ્વામીએ આજ દિવસ સુધી કદી અમારી અલ્પ મરજી લોપી નથી. સ્વામી ૧૦૦ સૂચન લઈને આવ્યા હોય અને અમે ૯૮ કેન્સલ કરીએ તોપણ કેમ ? એવો પ્રશ્ન પૂછ્યો નથી. એટલું જ નહિ, કાયમ માટે તેના ઉપર તેઓ ચોકડી મારી દે. સ્વામીએ કદી યુક્તિ-પ્રયુક્તિ કરી બીજી રીતે રજૂઆત કરી નથી. બસ, અમારી મરજી એ જ જીવન." ગુરુદેવના રાજીપારૂપી વચનધારક ગુરુજીના જીવનમાંથી પ્રેરણા લઈએ.

### નિજદર્શન કરીએ કે આપણે પ્રીતિના નાતે બંધાયા છીએ ?

- ગુરુજી કોણ છે ? શા માટે પધાર્યા છે ? એવું પરભાવનું નિરુત્થાનપણું વર્તે છે ?
- ગુરુજીની અલ્પ આજ્ઞા કે મરજી લોપાઈ ન જાય તેનો ખટકો-જાણપણું રહે છે ?
- ગુરુજીના રાજીપાની ભૂખ અને કુરાજીપાનું દુ:ખ સદાકાળ વર્તે છે ?
- ગુરુજીના સુખે સુખી અને દુ:ખે દુ:ખી થવાય છે ?
- ગુરુજી મારા છે અને હું એમનો છું અર્થાત્ મારા ઉપર સંપૂર્ણ એમનો અધિકાર છે આવું અખંડ વર્તે છે ?
- ગુરુજીના મહિમાથી સૌને ભરી દેવાની અખંડ ઇચ્છા વર્તે છે ?

હેત અને પ્રીતિથી પર આત્મબુદ્ધિ છે. ગુરુજી સાથે જળમીનવત્ આત્મબુદ્ધિ થાય ત્યારે આપણી અધ્યાત્મ સાધના પૂર્ણ થાય. આપણું સાચું શિષ્યત્વ પુરવાર થાય. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તો ગુરુદેવ સાથે દિવ્યભાવ સોતી પ્રીતિ, આત્મબુદ્ધિ કરી, તેમનાથી એક સંકલ્પ પણ જુદો રહેવા દીધો નથી. હવે સાચું શિષ્યત્વ કેળવવાનો આપણો વારો છે. ગુરુજી સાથે એવી પ્રીતિ-આત્મબુદ્ધિના નાતે આપણે જોડાવાનું છે. તે માટે એક નજર ગુરુજી તરફ રાખીએ. કેવી રીતે નજર રાખવી તે આગામી લેખમાં જોઈશું.

## સ્ટાફ શિબિર

તા. ૧૬-૬-૨૦૨૫ના રોજ સવારે ૯થી ૨ દરમ્યાન સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સ્ટાફ મુક્તો માટે શિબિર તથા ગુરુપૂર્ણિમાના પ્રતીક ઉત્સવરૂપે ગુરુવંદનાના પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. કીર્તનભક્તિ દ્વારા પ્રોગ્રામની શરૂઆત થયા બાદ પૂ. પૂર્ણસ્વામીએ પ્રાસંગિક પ્રવચનનો લાભ આપ્યો હતો. ત્યારબાદ સૌનાય વ્હાલા પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજીનું આગમન થયું ત્યારે સભામંડપ તાળીઓના નાદથી ગુંજી ઊઠ્યો હતો. વ્હાલા ગુરુજીએ પોતાના વ્હાલસોયા દીકરાઓને 'ઑપરેશન રાજીપો' થીમ આધારિત 'રાજીપો' વિષય પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા. આજરોજ સંસ્થામાં વર્ષો સુધી ઘરધણીપણે સ્ટાફ સભ્ય તરીકે સેવા બજાવી હોય તેવા મૂર્તિસુખે સુખિયા થયેલા મુક્તોને સ્મૃતિ રૂપે તેમજ ચુનંદા મુક્તોને રાજીપા મેડલ પહેરાવી ગુરુજીએ રાજીપો વરસાવ્યો હતો. આમ, આ શિબિરના અંતમાં ૫૭૫થી વધુ મુક્તો ગુરુવંદના પ્રોગ્રામનો લાભ લીધા બાદ વ્હાલા ગુરુજીના ચરણે પુષ્પાંજલિ અર્પણ કરી પ્રસાદીનો લાભ લઈ છૂટા પડ્યા હતા.



# શિષ્યની નજર

“જ્ઞાન-ધ્યાન ગુરુ બિન મિલે નાહિ કાહું ઠોર;
ગુરુ બિન આતમ વિચાર કિત પાવહી.
અંતર પ્રકાશ ભ્રમનાશ નાહિ ગુરુ બિન;
ગુરુ બિન કુન સત્ય બાતકું સુનાવહી.
પ્રેમ, નિમ, શીલ રુ સંતોષ નાહિ ગુરુ બિન;
ગુરુ બિન મનહું કું ઠોર કૌન લાવહી.
કહત હૈ બ્રહ્માનંદ અંતર વિચાર દેખો;
ગુરુ બિન કુન ભવસંકટ મિટાવહી.”

અધ્યાત્મ માર્ગે પ્રગતિ સાધતા સાધકમાત્રને આટલી ઠાવકી ગેડ્ય બેસી જાય કે આ માર્ગમાં એક ડગલું પણ ગુરુ વિના અસંભવ છે તો તેને ગુરુ સામે નજર માંડવી ન પડે; ગુરુ જ એક નજર થઈ જાય. ગુરુ સામે એક નજર એટલે ગુરુના રાજીપા સામે એક નજર. ગુરુનો રાજીપો મેળવવો છે, રાજીપો કમાવો છે તેવું તો સત્સંગમાં આવનાર હરકોઈ શિષ્યના મુખે સહજમાં બોલાય છે. પરંતુ દરેક શિષ્યને ગુરુના રાજીપાનું યથાર્થ મૂલ્ય સમજાતું નથી.

ગુરુની મરજી, આજ્ઞામાં રહી ગુરુનો અંતરનો રાજીપો કમાવાની ખેવના તો ઇતર સંપ્રદાયના શિષ્યો પણ સેવતા હોય છે. કારણ કે ગુરુમરજી તરફની એક દૃષ્ટિ એ શિષ્ય માટે પરમ શ્રેયકર હોય છે.

એક ખૂંધવાળા કૂબડા (કદરૂપા) શિષ્ય નિરંતર પોતાના ગુરુની આજ્ઞામાં વર્તતા. તેઓની ગુરુઆજ્ઞામાં વર્તવાની તત્પરતા અન્ય શિષ્યોની ઈર્ષ્યાનું કારણ બનતી. એક વખત ગુરુ સભા કરતા હતા ત્યારે ત્યાંથી કાળો નાગ નીકળ્યો. ગુરુએ પેલા ખૂંધવાળા શિષ્યને કહ્યું, “આ નાગને તું પકડી લે. જોજે છોડતો નહીં.” પળનોય વિલંબ કર્યા વિના શિષ્યએ દોડી નાગને પકડ્યો કે તરત નાગે ડંખ માર્યો. ડંખ વાગતાં નાગ શિષ્યના હાથમાંથી છટકી ગયો. ફરી પકડ્યો, ફરી ડંખ માર્યો આથી ફરી હાથમાંથી છટકી ગયો. ત્રીજી વખત આવું બનતાં શિષ્યને નાગનું ઝેર ચઢવા માંડ્યું ને તે જમીન પર પટકાયો. સભામાં સન્નાટો છવાઈ ગયો.

ગુરુએ શું ધાર્યું છે ? તે કંઈ ખ્યાલ નહોતો આવતો. એટલામાં ગુરુ શિષ્યની પાસે બેઠા અને તેને પાણી પાયું. એટલામાં શિષ્યને જોરદાર ઊલટીઓ થવા માંડી. ઊલટીનું પ્રમાણ વધી જતાં શિષ્યનાં આંતરડાં ઊંચાં થઈ ગયાં. ઊલટી દ્વારા ઝેર નીકળી ગયું. ઊલટીઓ જ્યારે બંધ થઈ ત્યારે શિષ્યને ગુરુએ પૂછ્યું, “વત્સ, હવે તને કેમ લાગે છે ?” ત્યારે શિષ્યએ કહ્યું, “ગુરુશ્રી, આપની આજ્ઞા હું યથાર્થ પાળી ન શક્યો તેનું મને દુઃખ છે.” ગુરુએ તેમને કહ્યું, “કશો વાંધો નહિ, હવે તું ધીમે રહીને ઊભો થઈ જા.” શિષ્ય જ્યાં ઊભો થાય છે ત્યાં જ સહુના આશ્ચર્ય વચ્ચે તેની ખૂંધ જતી રહી હતી, શરીર ટટ્ટાર થઈ ગયું હતું અને શરીરમાંથી બધા રોગો નાબૂદ થઈ ગયા હતા. આ છે ગુરુરાજીપાનું પરિણામ.

બે હજાર રૂપિયાની મહેનત પછી મળતા બે હજાર રૂપિયા એ મહેનતનું વળતર છે. જ્યારે બે હજારની મહેનતના બદલામાં કોઈ પાંચ-દસ કરોડ આપી જાય તો એ રાજીપો છે. એમ અનંત સાધનો કર્યા બાદ, આખી આયુષ્ય જપ, તપ, વ્રત અને બ્રહ્મચર્યાદિક નિયમોમાં ઓગાળવા છતાંય જે સ્વભાવ ન છૂટે, જે વાસના ન બળે તે ગુરુની એક ક્ષણની પ્રસન્નતામાં ટળી જાય. જે આત્યંતિક કલ્યાણ કોટિ જન્મેય શક્ય નથી તે એમના રાજીપાએ, અલ્પ પ્રયાસે મળી જાય. ટૂંકમાં, આપણી પાત્રતા કરતાં અનંતગણું પ્રાપ્ત થાય તે રાજીપો છે. ગુરુદેવ પ.પૂ. બાપજીનો આવો રાજીપો કમાવાની અતિ ઉત્તમ ખેવના ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ અદ્યાપિ રાખી છે અને સમગ્ર એસ.એમ.વી.એસ.ના ત્યાગી-ગૃહી સમાજને રખાવી છે.

પરભાવમાં બંને સ્વરૂપો એકના એક જ છે પરંતુ અવરભાવમાં ગુરુ સામે એક નજર કરવાની આદર્શ શિષ્યની રીતનાં દર્શન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં તાદૃશ થાય છે. ગુરુજી પોતાની પરભાવી અને અવરભાવી મોટ્યપનું રહસ્ય જણાવતાં કહેતા હોય છે કે, “આજે અમે આ સ્થાન પર છીએ તેનું કારણ અમારા પર ગુરુદેવ પ.પૂ. બાપજીનો અંતરનો રાજીપો વરસ્યો છે. ગુરુદેવ પ.પૂ. બાપજીની અલ્પ આજ્ઞા કે અલ્પ મરજી અમે કદી લોપી નથી. તેમાં સરાધાર વર્ત્યા છીએ. ગુરુદેવના મુખેથી સરતાં દરેક વચનો, ભાવિ સંકલ્પો, સ્વ કે સમાજ માટે જણાવેલી રુચિ-મરજીને નોંધવા અમારે કાગળ-પેનની જરૂર પડી નથી. અમારા હૃદયમાં આરસની તકતી પર જેમ કોતરાઈ જાય છે તેમ એ આજ્ઞા, મરજી, રુચિ કોતરાઈ ગયાં છે.” ગુરુજીના જીવનનું રહસ્ય આજે આપણે સૌ તાદૃશ નિહાળીએ છીએ.

મનુષ્યના મન-બુદ્ધિના કૂંડાળાંમાં ન બેસે એવી ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા-રુચિમાં તેઓશ્રી નિઃશંકપણે વર્ત્યા છે. ગુરુજીની અવરભાવમાં સહજ રુચિ ધ્યાન અને અંતર્વૃત્તિની રહેતી પરંતુ ગુરુદેવ પ.પૂ. બાપજીના વચને સમગ્ર સંસ્થાનું વહીવટીય અને આધ્યાત્મિક ભારણ સ્વશિરે લઈ લીધું.

ગુરુદેવ પ.પૂ. બાપજીના વચને તેઓશ્રીએ સ્વયંની નાદુરસ્ત તબિયતમાં પણ અથાક વિચરણ તથા કથાવાર્તાઓ કરી છે.

‘કારણ સત્સંગ વિશ્વવ્યાપી થશે જ.’ ગુરુદેવ પ.પૂ. બાપજીના આ સંકલ્પને પૂર્ણ કરવા ગુરુજીએ અદ્યાપિ સંત-

હરિભક્ત સમાજને જતન કરી સાચવ્યો છે. એટલું જ નહિ, સંસ્થાની આર્થિક નાજુક અવસ્થામાં પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના મુખમાંથી સરતા જમીન સંપાદન તથા મંદિર બાંધકામના સંકલ્પો પૂર્ણ કર્યા છે.

જર્સીસિટી મંદિરની જમીન સંપાદન કરવાની ગુરુદેવ પ.પૂ. બાપજીની આજ્ઞા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કેવા વિકટ સંજોગોમાં પણ અધ્ધરથી ઝીલી છે. કારણ, નજર એક ગુરુદેવ પ.પૂ. બાપજીને રાજી કરવા તરફ હતી. ઈ.સ. ૨૦૦૨માં વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી અમેરિકા પધાર્યા હતા. નીકળતી વખતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જ્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીનાં દર્શને ગયા ત્યારે ગુરુદેવ પ.પૂ. બાપજીએ આજ્ઞા કરી, "સ્વામી, તમે અમેરિકા જાવ છો પણ ત્યાં જમીન સંપાદન કર્યા વગર પાછા ન પધારતા." એ વખતે એસ.એમ.વી.એસ. સંસ્થાના સમગ્ર અમેરિકામાં ઘરના હરિભક્ત માત્ર એક ઘનશ્યામભાઈ કાછિયા જ હતા. અમેરિકાના ચાર મહિનાના વિચરણમાં ક્યાં, કોના ઘરે ઉતારો કરવો ? કોને સભામાં બોલાવવા ? તે પણ દ્વિધા હતી. આવા સાવ અજાણ્યા ક્ષેત્રમાં ગુરુદેવ પ.પૂ. બાપજીની અસંભવ લાગતી આજ્ઞા પાળવામાં ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સંપૂર્ણ નિઃસંશય અને નિશ્ચિંત હતા.

અમેરિકામાં ચાર મહિનાના અથાક વિચરણ સાથે ગુરુજીએ મંદિર માટે ઢગલાબંધ જગ્યાઓ જોઈ. ભારત પરત પધારવાના માત્ર ચાર દિવસ બાકી હતા ત્યારે ન્યૂજર્સી સ્ટેટના જર્સીસિટી શહેરમાં એક વેરહાઉસની જગ્યા ઉપર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દૃષ્ટિ ઠરી. એજન્ટ ઈન્દ્રવદનભાઈ પંડ્યાને જગ્યાનો ભાવ પુછાવ્યો તો જણાવ્યું ૧.૪ મિલિયન ડૉલર (૧૪ લાખ ડૉલર). આટલી મોંઘી જગ્યા ખરીદવી એ સમયે સંસ્થા માટે બિલકુલ અસંભવ હતું પરંતુ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દૃષ્ટિ ગુરુદેવ પ.પૂ. બાપજીનાં વચન સામે હતી તેથી ગુરુજીએ જમીનમાલિક વિષ્ણુભાઈ સિંધી સાથે મિટિંગ ગોઠવી. જે વિષ્ણુભાઈ જમીનનો એક ડૉલર પણ ઓછો કરવા તૈયાર ન હતા તે ગુરુજીના અડધો કલાકના સમાગમે બોલી ઊઠ્યા, "स्वामीजी, आपके मुख से जो कीमत निकलेगी वो कीमत में मैं ये वेरहाउस आपको दे दूँगा। आपके मुख से भगवान बोल रहे है।" ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ તેઓને ચિઠ્ઠીમાં લખી આપ્યું :

જમીન ભાવ : ૧૦,૦૦,૦૦૦ ડૉલર (૧ મિલિયન ડૉલર)
- ૫૧,૦૦૦ ડૉલર સેવા (આપના તરફથી)
૯,૪૯,૦૦૦ ડૉલર (નેટ પ્રાઈઝ)

વિષ્ણુભાઈએ ગુરુજીની આ ચિઠ્ઠી શિરોવંદ્ય કરી માત્ર ૧૦૦૦ ડૉલરમાં જમીનનું બાનાખત કરી આપ્યું. કોઈ હરિભક્તની સહાય વગર આટલી મોટી રકમ કેવી રીતે ભેગી કરવી તે બહુ મોટો પ્રશ્ન હતો છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીના વચનમાં વર્ત્યા તેના રાજીપા રૂપે મહારાજ ખૂબ ભેગા ભળ્યા અને અનેક ચમત્કારોની હારમાળા સર્જાઈ. વેરહાઉસના પૈસા માત્ર ટૂંક સમયમાં ચૂકવાઈ ગયા. ઉપરાંત ઈ.સ. ૨૦૦૩માં જર્સીસિટી મંદિરમાં રંગેચંગે પ્રતિષ્ઠા વિધિ પણ સંપન્ન થયો.

ગુરુજી તો અદ્યાપિ ગુરુદેવ પ.પૂ. બાપજીના રાજીપામાં જ વર્ત્યા છે. તેઓએ ગુરુદેવ પ.પૂ. બાપજીની અલ્પ મરજી લોપી નથી. હવે શિષ્ય તરીકે આપણે પણ આપણા ગુરુશ્રી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી સામે એક દૃષ્ટિ રાખી ગુરુજીને અંતરથી રાજી કરવાના છે.

આપણને જે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની ગુરુ રૂપે ભેટ મળી છે તે તો પરભાવથી મઘમઘતું દિવ્ય સ્વરૂપ છે. તેઓશ્રીના વચનમાં, મરજીમાં રહેવાથી સહેજે દેહભાવ તિરોહિત (અદશ્ય) થાય છે અને પરભાવનો આવિર્ભાવ થાય છે. જગતની વિસ્મૃતિ અને મૂર્તિની સ્મૃતિ સહજતાથી થાય છે. તો હવે આપણે પણ આપણા ગુરુજીને અંતરથી રાજી કરવા તેઓશ્રીની આજ્ઞા-મરજી તરફ એક દૃષ્ટિ રાખીએ.

● જેમ કોઈ સ્ત્રી વરને વરે છે. અણવર ગમે તેવો રૂપાળો કે ગુણિયલ હોય તોય તેને ન વરે. સ્ત્રી વરને લઈને અણવરનો માન-મોભો રાખે-રખાવે છે તેમ શિષ્ય તરીકે આપણી દૃષ્ટિ એક ગુરુજી તરફ જ રહેવી જોઈએ. તેઓશ્રીની આજ્ઞા-રુચિમાં રહી અણવર સમાન સંતો-ભક્તોની આજ્ઞામાં રહેવાનું, તેમને માન-સત્કાર આપવાના પરંતુ દૃષ્ટિ અને મુખ્યપણું તો એકમાત્ર ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું જ. કારણ, સંતો-હરિભક્તો બધાય ગુરુજીને લઈને જ છે.

● શિષ્ય તરીકે આપણને નિરંતર વિચાર જોઈએ કે કોઈ પણ સેવા, વ્યવહાર, સાધન કે સત્સંગ કરીએ તેનાથી મારા ગુરુજી રાજી થશે ને ? શું હું ગુરુજીના ગમતામાં રહીને આ બધું કરું છું ?

● મારા ગુરુજી મારા પર અને જેને મારા માન્યા છે તે સગાં-સ્નેહીજન કે મિત્રો પર સદૈવ રાજી જ રહેવા જોઈએ. તે માટે મારે જે ખમવું પડે તે ખમી લઈશ, નમી જઈશ.

● મારા ગુરુજીની રુચિ, આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરવાનું જ.

આમ, શિષ્ય તરીકે આપણી ગુરુજી સામે એક દૃષ્ટિ કરવાની રીત શીખ્યા બાદ આગામી લેખમાં શિષ્યની ગરજ કેવી હોય તે માણીશું.



# શિષ્યની ગરજ

કોહિનૂર હીરો ચળકતા પથ્થર રૂપે મળ્યો ત્યારે ઓળખાણો પણ નહોતો પરંતુ આજે દુનિયાનો સૌથી મોટો હીરો છે. તે મળ્યો ત્યારે જે સ્થિતિમાં હતો તેનાથી ત્રીજા ભાગનું કદ તથા વજન થઈ ગયું છે. પણ તેની ચમક અને મૂલ્ય વધ્યાં. કારણ, તે કપાયો, ફોડાયો, ઘડાયો, પૉલિશ થયો. તેમ શિષ્ય પણ અણઘડ પથ્થર જેવો હોય છે. ગુરુ તેની ગરજ જોઈ તેને મૂલ્યવાન બનાવવાના પ્રયત્નો આદરે. તે પ્રયત્નમાં શિષ્ય ભળી જાય તો ગુરુ કસોટી દ્વારા શિષ્યની ગુણવત્તામાં વધારો કરી દે છે.

પરોક્ષના એક મહાન ગુરુ લિહત્ઝુ પાસે એક શિષ્ય શરણાગતિ સ્વીકારવા આવેલા. તે શિષ્યએ એક પ્રશ્ન પૂછ્યો. લિહત્ઝુએ કહ્યું, "સમય આવે ત્યારે જવાબ આપીશ." એક વર્ષ શિષ્યે રાહ જોઈ પણ જવાબ ન મળ્યો. શિષ્યનાં શ્રદ્ધા-વિશ્વાસ મરી પરવાર્યાં. તેથી તે શિષ્ય લિહત્ઝુને છોડી બીજા ગુરુ પાસે ગયા. માંડીને વાત કરી. અન્ય ગુરુએ કહ્યું, "લિહત્ઝુ પાસેથી પણ જો તું ખાલી રહીને આવ્યો છે તો તને કોણ ભરી શકશે ? તું પાત્ર નથી. અહીંથી પણ તને કાંઈ મળી શકશે નહીં."

તે શિષ્ય લિહત્ઝુ પાસે પાછો ફર્યો. ત્યારે તે શિષ્યને બેસાડી તેઓએ કહ્યું, "હે વત્સ, ગુરુ જવાબ ન આપે પણ ગુણ વિકસાવે. હું જ્યારે મારા ગુરુ પાસે ગયો હતો તો પ્રથમ ત્રણ વર્ષ ગુરુ બધા સાથે બોલતા પણ મારી સામે પણ જોયું ન હતું; તો પ્રશ્ન પૂછવાનો તો અવકાશ જ ક્યાંથી હોય ? રાહ જોતાં જોતાં ત્રણ વર્ષ પછી એક દિવસ તેમણે મારી સામે જોયું. હું રાજી થઈ ગયો. બીજાં ત્રણ વર્ષ બાદ તેમણે મારી સામે જોઈ મીઠું સ્મિત રેલાવી આંખ બંધ કરી દીધી. મારા આનંદની કોઈ સીમા ન રહી. ફરી ત્રણ વર્ષ બાદ એક દિવસ અચાનક મારી પાસે આવી હૃદયસરસો ચાંપી મારા માથે હાથ મૂકી બોલ્યા, 'વત્સ, તું જા. તારી સાધના સમાપ્ત થઈ. તું જાગી ગયો છું. હવે બીજાને જગાડ.' આ નવ વર્ષમાં ગુરુએ મારો અહંકાર મરોડ્યો. મને આત્મ કલ્યાણનો પ્યાસી બનાવ્યો. ગરજુ અને ગુલામ બનતા શીખવ્યું. ગુરુ અને ગુરુ સાંનિધ્યનું મૂલ્ય સમજાવ્યું. જ્યારે તું એક વર્ષ રહ્યો પરંતુ એક દિવસ પણ શાંત ન રહ્યો. તારે મન ગુરુ કરતાં પ્રશ્નનો ઉત્તર મહત્ત્વનો હતો."

સો ટકાની સાચી વાત છે. બુદ્ધિના ડોડ મૂકી ગુરુ આગળ ગરજુ થયા વિના શિષ્યત્વનો નિખાર આવે જ નહીં. શિષ્ય વર્ગમાં કેવી ગરજ જોવા મળે ત્યારે ગુરુ અંતરના રાજીપાનો કળશ તેની પર વહાવી દે ? તો આવો, ગરજુ થઈએ...

### ૧. ગુરુના શિરછત્રની ગરજ

ભાવનગરના દીવાન પ્રભાશંકર પટણીનાં માતુશ્રી ૯૦ વર્ષની ઉંમરે ધામમાં પધાર્યાં. ૭૨ વર્ષની ઉંમરે દીવાને હૈયાફાટ રુદન કરવા માંડ્યું. ભાવનગરના રાજા કૃષ્ણવિજયસિંહજી તેમને સમજાવવા ગયા, "પ્રભાશંકર, તમે હજારોને સમજણ આપી છે, આપની સમજણ ક્યાં ગઈ ? આ આક્રંદ-રુદન તમને શોભતું નથી. તમારા આ આક્રંદનું કારણ શું છે ?" પ્રભાશંકરજીએ કહ્યું, "ચારેબાજુ મારી વાહ વાહ થાય છે. નામના પ્રસરી છે પણ 'પભલા, આ તું શું બોલ્યો ?' કહી મને ભૂલ દેખાડનાર વ્યક્તિત્વ એક જ હતું — મારી મા. હવે મને 'પભલો' કહી ભૂલ ઓળખાવનાર કોઈ ન રહ્યું. આ વિચાર મને આક્રંદ કરાવે છે."

આ પ્રસંગ સભાપ્રસંગે યાદ કરતાં ગુરુજી આજેય ગદ્ગદિત થઈ જતા હોય છે. તેઓશ્રીનાં નેત્ર સજળ થઈ જતાં હોય છે. રૂંધાયેલા કંઠે પોતાનું દુઃખ વ્યક્ત કરતાં તેઓ જણાવતા હોય છે કે, "તમે બધા અમને ગુરુ ગુરુ કરવાના છો પણ મારા જીવનમાં ગુરુદેવ એક જ હતા જે મને પોતાની તળપદી ભાષામાં વ્હાલથી 'લે ભૂંડા' કહી બોલાવતા. આ સાંભળી મને ખૂબ આનંદ થતો. વળી, તેઓ મારી ભૂલ ઓળખાવતા. હું દુઃખી થઈ જતો ત્યારે મને પ્રેમભર્યા શબ્દો કહી સાંત્વના આપતા. આજે ગુરુદેવનું પ્રત્યક્ષ શિરછત્ર નથી તેનું ખૂબ દુઃખ સાલે છે."

ગમે તેટલી આવડત, બુદ્ધિ, વાણીચાતુર્ય, માન-મોટપ, ગુણ વધે તોય સાચા શિષ્યના હૈયામાં ગુરુનો મહિમા યથાવત્ અકબંધ રહે છે.

### ૨. ગુરુના રાજીપાની ગરજ

એક વખત કોઈ સાધકમુક્તે વ્હાલા ગુરુજીને પૂછ્યું, "દયાળુ, આપશ્રીને કોઈ પ્રકારની બીક લાગે ખરી ?" ત્યારે ગુરુજીએ કહ્યું, "હા. મને ખબર પડે કે મારા ગુરુદેવ મારી પર રાજી નથી. મારાથી નારાજ છે તો મને ૪૦૦ વોલ્ટનો કરંટ લાગે. હું દુઃખી દુઃખી થઈ જઉં. મને ગુરુદેવના કુરાજીપાની બીક બહુ લાગે. મને એમ લાગે કે મારું સર્વસ્વ લુટાઈ ગયું." એટલે જ મન-બુદ્ધિથી પરની કસોટીમાંય ગુરુજી વ્હાલા ગુરુદેવને રાજી કર્યાની ગરજ ચૂક્યા નથી.



ગુરુ કસોટી લઈ શિષ્યના અહમ્‌ને લસોટી નાખે છે.

ઈ.સ. ૨૦૧૨માં ઊજવાયેલ રજત જયંતી મહોત્સવ ઉપક્રમે તા. ૧૪-૧૦-૨૦૧૨ના રોજ યુવાનોને નિયમ-ધર્મની દૃઢતા વિશેષ થાય તે હેતુથી ભાવનગર નરેશની મહોબતમાં ન લેવાઈને રૂપાભાઈએ કસૂંબો ન પીધો તે પ્રસંગ સ્ટેજ પર રજૂ થઈ રહ્યો હતો. દરબારીવેષમાં બેઠેલા સત્સંગી હરિભક્તોના હાથમાં રંગબેરંગી પાણીના ગ્લાસ જોઈ સ્ટેજ પર સોફામાં બિરાજેલા ગુરુદેવે લીલા આરંભી. બાજુના સોફા પર બિરાજેલા વ્હાલા ગુરુજીને ઠપકો આપવા માંડ્યો, "આ શું માંડ્યું છે ? અમારી હાજરીમાં અહીં દારૂના પ્યાલા પિવાય છે ? સ્વામી, તુંય કાંઈ બોલતો નથી ? સિદ્ધાંત નેવે મુકાઈ ગયો !! આ બધાને આવું કરવાની છૂટ આપી કોણે ?" ગુરુજીએ સ્પષ્ટતા કરતાં કહ્યું, "બાપજી, આ દારૂ નથી. આ ગ્લાસમાં ઑરેન્જનું શરબત છે; દારૂ નથી." તેમ છતાં ગુરુદેવે ચાલુ સ્ટેજ પ્રોગ્રામ કેન્સલ કરી દેવાની આજ્ઞા કરી. અતિશે નારાજ થઈ ગયા. પાછળના બધા પ્રોગ્રામો ડિસ્ટર્બ થયા હતા છતાં ગુરુજીની મુખરેખા પર કોઈ ભાવફેર નહીં. ન મન છેટું થયું, ન લીલામાં સંશય થયો. પણ ગુરુદેવ રાજી ન થયા તેનું અંતરે ભારોભાર દુઃખ થયું. પ્રેરણા લેવા જેવી બાબત તો એ છે કે ત્યારપછી ગુરુજીએ ગુરુદેવને રાજી કરવા સંસ્થામાં એક પણ સ્ટેજ પ્રોગ્રામ આ પ્રકારનો ન કરવા કમિટીને સૂચના આપી દીધી. કારણ એક જ, એમાં ગુરુદેવનો રાજીપો નથી.

આજે સંપ્રદાયમાં સૌ કોઈ જાણે છે કે મૂર્તિસુખની વાતોના ખાંગા કરનાર સત્પુરુષ બ્રહ્માંડમાં એક જ છે – વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી. ગુરુજી આવા સમર્થ છે છતાં ગુરુદેવના રાજીપા માટે અહોનિશ તત્પર રહેતા. એવા મહાસમર્થ સત્પુરુષ આપણને ગુરુ સ્વરૂપે સાવ સહજમાં મળી ગયા ! કેવડી મોટી કૃપા કહેવાય ! તો હવે આપણે શિષ્ય તરીકે નિરંતર એમના રાજીપાના ભૂખ્યા અને ગરજુ થવું.

તેઓશ્રીને ક્યારેય આપણું સાચવવું ન પડે, આપણને રાજી રાખવા આપણું ધાર્યું કરવું ન પડે, આપણને રોકટોક કરતાં બીવું ન પડે એનો ખટકો રાખીએ. તેઓશ્રીને સ્વતંત્ર રહેવા દઈએ. તેઓશ્રી આપણને મૂર્તિ આપવા ગરજુ બન્યા છે તેથી સો ગણા ગરજુ આપણે બનીએ. આપણને નિધડકપણે ભૂલ-દોષ, સ્વભાવ ઓળખાવે, રોકી-ટોકી પાછા વાળે, દેહભાવ પર પ્રહાર કરે, ભીડામાં લઈ શુદ્ધિ કરવાના પ્રયોગો કરે તોપણ કદી તેમનાથી છેટા ન થઈએ. એમનાથી મન નોખું ન પડવા દઈએ. અંતરે કદી એમનો અભાવ ન આવવા દઈએ, મનુષ્યભાવ ન પરઠીએ. મન-બુદ્ધિના ત્રાજવે તોલવા ન બેસીએ. એમને રાજી કર્યાનો આગ્રહ રંચમાત્ર મોળો ન પડવા દઈએ તો તેઓશ્રી વિના સંકોચે પથ્થરમાંથી આપણને પુરુષોત્તમરૂપ પાત્ર બનાવી દેશે.

### ૩. ગુરુના જોગ–સમાગમની ગરજ

"બડા ન કહે બડાઈ, બડા ન બોલે બોલ;
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ."

જેઓની દિવ્યવાણી સાંભળવા લાખો લોકો આતુર હોય છે એવા વ્હાલા ગુરુજી પોતાના ગુરુદેવની અમૃતવાણી સાંભળવા આતુર બને !! કેવો શ્રેષ્ઠત્તમ શિષ્યભાવ !!

ઈ.સ. ૧૯૮૭થી ઈ.સ. ૨૦૦૧ સુધી વાસણા ખાતે સવારે રવિસભાઓ થતી. જેમાં વ્હાલા ગુરુદેવ લાભ આપતા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી સભામાં લાભ લેવા જાય તો ગુરુદેવ તેમને માઈક આપી દેતા. તેથી લાભ લેવાની ત્વરાથી ગુરુજી આસને બેઠા બેઠા સભા સાંભળતા. ક્યારેક ગુરુજી શૌચ-સ્નાનાદિક ક્રિયા માટે પધાર્યા હોય તો શૌચાલયનો દરવાજો ખુલ્લો રાખે ને બાથરૂમનો દરવાજો બંધ કરે ને ઉપરના ખુલ્લા ભાગમાંથી સ્પીકરના અવાજે કથા સાંભળતા.

ગુરુના સમાગમ દ્વારા ગુરુના સિદ્ધાંતો, આદર્શો, સંકલ્પોને પોતાના કરવાનો ગુરુજીનો આગ્રહ અને ગરજ ખરેખર પ્રેરણાદાયી છે.

આજે હિતેશભાઈ સોની દર સંકલ્પ સભામાં વડોદરાથી ૧૨૦ કિ.મી. અંતર કાપી સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે ગુરુજીના પ્રત્યક્ષ સમાગમનો લાભ લેવા પધારે છે તેમજ મુંબઈના ઘણા હરિભક્તો દર પૂનમે વાસણા ખાતે લાભ લેવા પધારે છે. એથેન્સ ખાતે રહેતા કિશોરમુક્ત તન્મય મોઢ દરરોજ રાત્રે ૨:૩૦ વાગ્યે ઊઠી જ્ઞાન-ધ્યાન ચિંતનમાં ગુરુજીનો લાભ લે છે. આ ગુરુજીના સમાગમની ગરજ કહેવાય. ગુરુજી થકી જ્ઞાન, સિદ્ધાંત, આદર્શોને લૂંટવાની ગરજ કહેવાય. આપણે પણ જરા સ્વનિરીક્ષણ કરી સ્વજીવનમાં ગુરુજીના સમાગમની ગરજ કેટલી છે તે ચકાસીએ...

### ૪. ગુરુના સંબંધવાળાની ગરજ

આપણને ગુરુમાં હેત છે, ગુરુમાં દિવ્યભાવ છે પરંતુ ગુરુના છે તેમનામાં હેત કે દિવ્યભાવ નથી તો એ ખરેખર ગુરુનો મહિમા નથી; મહિમાનો આડંબર છે. ગુરુનો મહિમા હોય તેને

ગુરુના સંબંધવાળા સંતો-ભક્તોનો માથા સાટે મહિમા હોય જ. ગુરુની ગરજ હોય એ સંબંધવાળા સંતો-ભક્તો આગળ પણ ગરજુપણે વર્તે જ. એક જ વિચારથી – આ કોના સંબંધવાળા છે ? મારા ગુરુના સ્વીકારેલા છે. ગુરુનું સિલેક્શન કાંઈ જેવું તેવું ન હોય. કદાચ અવરભાવમાં કોઈ સ્વભાવ-પ્રકૃતિનાં દર્શન થતાં હોય તોપણ તે મારા ઘડતર માટે જ છે. પરભાવમાં તો તે મૂર્તિ સ્વરૂપ અનાદિમુક્ત જ છે. ગુરુનો ગરજુ શિષ્ય સ્વભાવને નહિ, સંબંધને જુએ; સ્વભાવને નહિ, સિલેક્શનને જુએ; સ્વભાવને નહિ, સ્વરૂપને જુએ.

વ્હાલા ગુરુજી ગુરુદેવને રાજી કરવા તો ગરજુ થઈ વર્ત્યા છે પરંતુ ગુરુદેવના સંબંધવાળા સંતો-હરિભક્તોને રાજી રાખવા પણ આખી જિંદગી ઘસાઈ ગયા છે. પોતે સૌની આગળ દાસ થયા છે, પોતે નમ્યા છે, બેગરજુ આગળ પોતે ગરજુ થયા છે. એક જ વિચારથી – કોના સંબંધવાળા છે ? ગુરુદેવ કાયમ કહેતા, “સ્વામી, તું બધાની મરજીમાં રહે છે એટલે બધાને પાલવી શકે છે.” હવે આપણે ગુરુજીના જીવનમાંથી પ્રેરણા લઈ અરસપરસ આત્મીયતાથી જોડાઈને રહીએ તો ગુરુજીના હૈયે સદૈવ હાશ વર્તે.

સત્સંગમાં હરિભક્તો કે પરિવારના સભ્યોમાં અવરભાવ દેખાય તોય મારા ગુરુજીએ સ્વીકારેલા છે એ વિચારે સૌની આગળ ગરજુ થઈ દાસભાવ રાખવો. દિવ્યભાવે સૌની સેવા કરવી. આવા ગુરુજી મળ્યા ત્યારે હવે આપણો શિષ્ય તરીકેનો હરખ કેવો હોવો જોઈએ તે આગામી લેખમાં જોઈશું.

ગુરુજીના જોગ-સમાગમની ગરજ કેટલી છે તે ચકાસીએ :

- શું દર સંકલ્પ સભા તથા પૂનમ સભામાં નજીક રહેતા હોય તો પ્રત્યક્ષ અને દૂર રહેતા હોય તો ઑનલાઇન ગુરુજીની દિવ્યવાણીનો લાભ લેવાય છે ? ☐
- **SMVS** યૂ-ટ્યૂબ કથા ચૅનલ પર અપલોડ થતી ગુરુજીની કથાવાર્તાનો લાભ લેવાય છે ? ☐
- આપણા સેન્ટરમાં ગુરુજી પધારે ત્યારે શિબિરોમાં પૂરો લાભ લેવાય છે ? ☐
- દર વર્ષે જ્ઞાનસત્રમાં પાંચેય દિવસ ગુરુજીની અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ લેવાય છે ? ☐

જો ‘હા’માં જવાબ હોય તો આપણને ગુરુનો સમાગમ કરવાની ગરજ છે. અને જો જવાબ ‘ના’ હોય તો હજુ પ્રાથમિક ગરજ પણ નથી.

## AYP કૅમ્પ - ૨૦૨૫

‘કોઈ રાજી કરે કે ન કરે, મારે તો રાજી કરવા જ છે.’ મહારાજ અને મોટાપુરુષને રાજી કરી જ લેવા છે એવી નેમ લઈને જીવતા આદર્શ યુવક મુક્તોનો તા. ૧-૫-૨૦૨૫થી તા. ૪-૫-૨૦૨૫, તા. ૧૫-૫-૨૦૨૫થી તા. ૧૮-૫-૨૦૨૫ અને તા. ૨૯-૫-૨૦૨૫થી તા. ૧-૬-૨૦૨૫ દરમ્યાન ત્રણ ભાગમાં ઝોનવાઇઝ ચાર ચાર-દિવસીય AYP કૅમ્પ ઊજવાઈ ગયો.

આ કૅમ્પમાં સૌ મુક્તો મનન કોર્સ દ્વારા આધ્યાત્મિક માર્ગે આગળ વધવા કટિબદ્ધ બન્યા હતા. આ કૅમ્પમાં સૌ મુક્તોને વ્હાલા ગુરુજી પ્રાતઃ સેશનમાં લાભ આપવા પધારી બળિયા કરતા. તો વળી, સાંજે અવનવી લીલાઓ કરી પોતાના વ્હાલસોયા દીકરાઓને નિકટનું સાંનિધ્ય આપી સુખિયા કરતા. વળી, આ કૅમ્પ દરમ્યાન અંગત ગોષ્ઠિ, વ્યક્તિગત બેઠક, એકાંત, ધ્યાન, વાંચન, કથા શ્રવણ સાથે મનન જેવા વિવિધ માધ્યમો દ્વારા સત્સંગ ભાથું ભેગું કરી સત્સંગની કોરે વૃદ્ધિ કરવાનું બળ પામ્યા હતા. આ કૅમ્પમાં ૧૭૦૦થી પણ વધુ મુક્તો ઉત્સાહભેર ભાગ લઈ કૃતાર્થ બન્યા હતા.

## પ્રિ-મુમુક્ષુ કૅમ્પ - ૨૦૨૫

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના મૂર્તિસુખની યાત્રાલક્ષી પ્રૉજેક્ટ અન્વયે તા. ૭-૫-૨૦૨૫થી તા. ૧૭-૫-૨૦૨૫ અને તા. ૨૨-૫-૨૦૨૫થી તા. ૩૧-૫-૨૦૨૫ એમ બે વિભાગમાં ઝોનવાઇઝ દસ-દિવસીય પ્રિ-મુમુક્ષુ કૅમ્પ વ્હાલા ગુરુજીના દિવ્ય સાંનિધ્યમાં ઊજવાઈ ગયો. આ કૅમ્પમાં સૌ મુક્તો મનન કોર્સ દ્વારા આધ્યાત્મિક બળ પ્રાપ્ત કરવાના માર્ગે આગળ વધ્યા હતા. વ્હાલા ગુરુજી પણ જલદી જલદી મૂર્તિસુખની યાત્રાના માર્ગે આગળ વધારવા તત્પર બન્યા હોય એ ન્યાયે ક્યારેક સભામાં તો ક્યારેક અંગત લાભ આપવા પધારી બળિયા કરતા. વળી, એકાંત, ધ્યાન, અંગત સભા, અંગત બેઠકમાં વ્યક્તિગત માર્ગદર્શન જેવા વિવિધ માધ્યમો દ્વારા સૌ રાજી કરવાના માર્ગે દોડ્યા હતા. આમ, આ કૅમ્પમાં ૪૮૬થી પણ વધુ મુક્તો ઉત્સાહભેર જોડાઈ ધન્ય બન્યા હતા.



ગુરુનો તાપ શિષ્યના સંતાપને હરી લે છે.


શિષ્યનો હરખ

હરખ, હરખ, હરખ... શાનો છે હરખ ?
સત્તા-સંપત્તિ, માન-મોટપ, યશ-કીર્તિનો ?
ના... ના... ના... તો શાનો ?
સર્વાંગપૂર્ણ ગુરુજીનું સાંનિધ્ય મળ્યાનો હરખ.
ગુરુજીએ અનંત જન્મનાં ખોટનાં ખાતાં વાળી છેલ્લા કોલ આપ્યાનો હરખ.
ગુરુજીએ અજ્ઞાનનાં અંધારાં ટાળી સ્વ-સ્વરૂપની પિછાણ કરાવી કૃતાર્થ કર્યાનો હરખ.
આજે ચારેકોરે હરખ... હરખ... હરખ...

માતાના ખોળે બેસવાથી વાત્સલ્ય અને સ્નેહ મળે, ટ્રેનર જોડે બેસવાથી જીવનમાં નવી દિશા મળે. જ્ઞાનીના સંગમાં અજ્ઞાન ટળી જ્ઞાન પ્રકાશે. સંતના સંગે અણસમજણ ટળી જાય, દુઃખમાં આશ્વાસન મળી જાય. આવી રીતે દુનિયામાં કોઈ પણ વ્યક્તિ પાસે જતાં કોઈ એક જ બાબતની અનુભૂતિ થાય છે. જ્યારે સત્પુરુષ એવું સર્વાંગપૂર્ણ સ્વરૂપ છે કે સઘળી અનુભૂતિ એ એકમાં જ થાય છે. જેનો પ્રત્યક્ષ અનુભવ આપણને સૌને ગુરુદેવ પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં અને ગુરુજીના સાંનિધ્યમાં થયો છે અને આજે પણ થઈ રહ્યો છે. એ પણ માત્ર અવરભાવની બાબતોમાં જ નહિ પરંતુ પરભાવી અનુભવજ્ઞાન પણ એક જ સ્વરૂપમાં થાય છે. ત્યારે પળે પળે તેના અહોભાવનો હરખ છલકાતો રહે એ જ એમને ગુરુ તરીકે સેવ્યા કહેવાય.

સાચું શિષ્યત્વ કેળવનારને ગુરુના સાંનિધ્યનો પળે પળે કેવો હરખ વર્તે ?

### ૧. ગુરુ પ્રાપ્તિમાં પૂર્ણકામપણાનો હરખ

ભગવાનની પ્રાપ્તિ કરતાં પૂર્વે ગુરુની પ્રાપ્તિ ફરજિયાત છે.

"તીન લોક નૌ ખંડ મેં, ગુરુ સે બડા ન કોય;
કરતા કરૈ ન કરી શકે, ગુરુ કરે સો હોય."

કારણ, શિષ્ય પોતાની મેળે ભગવાનના સ્વરૂપને ઓળખી પણ નથી શકતો અને પામી પણ નથી શકતો. તેમજ પોતાના સ્વરૂપને પણ ઓળખી નથી શકતો. આ સઘળાં કાર્ય ગુરુ જ કરાવે છે. જેટલી ગુરુની પ્રાપ્તિમાં પૂર્ણતા મનાય, નિરુત્થાનપણે વિશ્વાસ આવે એટલાં સઘળાં કાર્ય સહજ બનતાં જાય છે.

ગુરુની પ્રાપ્તિમાં કૃતાર્થપણાનો હરખ કેવો હોવો જોઈએ તે બાબતે સદ્. વૃંદાવનસ્વામી પોતાનો સ્વાનુભવ કહેતા કે, "અમે અમારા ગુરુ માધવજીવનદાસજી પાસે ગયા ત્યારે ગુરુએ કહ્યું કે, 'સાધુરામ, સત્સંગમાં થોડા વહેલા આવ્યા હોત તો નંદસંતોનાં દર્શન-સમાગમનો લાભ મળત. હવે તો એ લાભ ક્યાંથી મળવાનો ?' ત્યારે અમે અહોભાવથી-રજમાથી કહ્યું, 'દયાળુ, મહારાજે આપને મારા સારુ જ તો મોકલ્યા છે. સર્વે નંદસંતોનાં દર્શન-સમાગમનો લાભ મને આપનાં જ દર્શન-સેવા-સમાગમમાં મળી રહ્યો છે. મારા માટે તો આપ રાજી છો એટલે બધુંય આવી ગયું.' " આ છે ગુરુના સાંનિધ્યનું પૂર્ણકામપણું.

ગુરુદેવ પ.પૂ. બાપજી ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી માટે કહેતા કે, 'અનંત સંતો ભેગા થાય તોય એક ગુરુજીની તોલે ન આવે.' આજ સુધી સંપ્રદાયમાં દર્શન આપતા તમામ સદ્‌ગુરુનાં દર્શન ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં સહેજે થાય છે. આવા સમર્થ ગુરુનું સાંનિધ્ય સાંપડ્યું એ આપણી પરની અનહદ કૃપા છે.

ગુરુ મળ્યાના કૃતાર્થપણાના હરખમાં ક્ષણે ક્ષણે, પળે પળે શિષ્ય ગુરુના કેફમાં રાચતો હોય. બાપાશ્રીએ ભાગ-૧ની ૨૪મી વાતમાં કહ્યું છે, "સર્વેને મોટા જાણવા પણ આપણને જેથી સુખ મળે તેમને વધારે મોટા જાણવા."

ગુરુદેવ પ.પૂ. બાપજી મોટા મંદિરે બિરાજતા ત્યારે આસને સદ્. મુનિબાપાની બે મૂર્તિ રાખતા. એક દિવસ કોઈએ પૂછ્યું, "દેવસ્વામી, તમે બીજા સદ્‌ગુરુની એક મૂર્તિ રાખો છો અને મુનિસ્વામીની કેમ બે રાખો છો ?" ગુરુદેવે કહ્યું, "આજે અમે જે કાંઈ સુખિયા છીએ તે સદ્. મુનિસ્વામીને લઈને છીએ." કેવું કૃતાર્થપણું !

### ૨. ગુરુ થકી ઘડતર પામ્યાનો હરખ

ગુરુજીએ સંત દીક્ષા લીધી ત્યારથી સૌએ સત્પુરુષ પદે સ્વીકારેલા અને છેલ્લા છ વર્ષથી પોતે સંસ્થાના ગુરુ પદે હોવા છતાં પોતાના ગુરુદેવને, ગુરુદેવની ટકોરને, ગુરુદેવ થકી પામેલ પ્રેરણાને સભાપ્રસંગે યાદ કરતાં આજેય તેમના મુખની રેખા પર હરખની આભા ફેલાઈ જતી હોય છે.

ગુરુદેવ મળ્યાનો હરખ તો હતો જ પરંતુ ગુરુદેવનું એક એક વચન અને રોકટોકને પણ તેઓએ હરખભેર સ્વીકારી છે. ગુરુનો પ્રેમ અને કરુણા તો સૌને હરખ ઉપજાવે પરંતુ કટાક્ષ અને રોકટોકમાં હરખ ઊભરાય તે ખરું શિષ્યત્વ.

ગુરુજી આવા આદર્શ શિષ્યત્વનું જ્વલંત ઉદાહરણ છે.

તા. ૧૮ ડિસેમ્બર, ૧૯૮૦ના રોજ વ્હાલા ગુરુજીએ ભાગવતી દીક્ષા ગ્રહણ કરી. બીજા જ દિવસે સવારે ગુરુજી સ્નાનાદિક ક્રિયા માટે પધાર્યા. શૌચવિધિ બાદ સત્તર વખત હસ્ત પ્રક્ષાલન કરી રહ્યા

હતા અને ગુરુદેવનો ટહુકો સંભળાયો : "સ્વામી, આટલી બધી માટી લેવાય ? અને નળ આટલો બધો ચાલુ કરાય ? થોડી થોડી માટી લઈ ધીમા નળે હાથ ધોવાય. નળ ધીમો રાખો."

"ભલે દયાળુ" કહી ગુરુજીએ ગુરુદેવની આ ભલામણને કાયમી ગાંઠે બાંધી લીધી. જેની સ્મૃતિ વાગોળતાં આજેય તેઓ કહેતા હોય છે કે, "અમારી જરા જેટલી ભૂલ ચલવી નહિ લેવાની કેવી જબરજસ્ત નેમ ! ગુરુદેવ એટલે ગુરુદેવ !! અમારી આટલીય ભૂલ ન ચલવે !! એ જ અમારી ને એમની વચ્ચેની નિકટતા હતી !! આજેય સવારે હસ્ત પ્રક્ષાલન કરતી વખતે ગુરુદેવની એ સ્મૃતિ છબી નજર સમક્ષ ખડી થઈ જાય છે. જાણે મને ગુરુદેવ કહેતા ન હોય, 'ભૂંડા, આટલો બધો નળ ચાલુ ન કરાય.'"

દરેક શિષ્ય વર્ગ જો ગુરુજીના જીવનમાંથી આટલું શીખી લે તો માટીના પિંડામાંથી મૂલ્યવાન મૂર્તિ બની જતા વાર ન લાગે !!

ગુરુજી આપણા હિતકારી સ્વરૂપ છે. તેઓને આપણી પર અપાર હેત છે. તેઓ આપણને શુદ્ધ પાત્ર કરવા, આપણું ઘડતર કરવા કોઈ રોકટોક કરે. ચાહે પછી તે કરુણા સ્વરૂપે હોય કે કટાક્ષ સ્વરૂપે તેને હરખભેર સ્વીકારવી. ગુરુજીના સંકલ્પ મુજબનું આપણું જીવન કરવું એ સાચું શિષ્યત્વ છે.

### ૩. ગુરુ અને ગુરુ પ્રબોધિત જ્ઞાનને વિશ્વવ્યાપી કરવાનો હરખ

'Interest is the main element for succeeding at any work.' અર્થાત્ દરેક કાર્યને સફળતાપૂર્વક પાર પાડવા 'રસ' એ મહત્ત્વનું પાસું છે. જે શિષ્યને પોતાના ગુરુની યથાર્થ પરખ થઈ જાય પછી એ શિષ્યના અંતરમાં ગુરુના સંકલ્પને પૂરા કરવાનો રસ જાગે. એવા શિષ્યના અંતરમાં એક જ હરખ વર્તતો હોય, 'મને જે ગુરુની પ્રાપ્તિ થઈ છે તે ગુરુની પ્રાપ્તિ હું મારા જોગમાં આવનાર દરેકને કરાવી દઉં તથા ગુરુના સિદ્ધાંતોને સ્વજીવનમાં ચરિતાર્થ કરી વિશ્વના ફલક પર લઈ જઉં.' આવા સંકલ્પ સાથે જીવનાર શિષ્ય જ ખરો શિષ્ય છે.

હિંદુ સંપ્રદાયના એક મહાન ગુરુ હતા. એક વખત ગુરુએ પોતાના તમામ શિષ્યોને આજ્ઞા કરી, "તમે બધા રોજ આશ્રમના કૂવેથી પાણી સીંચીને સ્નાન કરો છો. આજે બધા નદીએ નહાવા જાવ." પચાસ શિષ્યોમાંના અમુકે કહ્યું, "ગુરુજી, વરસાદની મોસમ છે, ઉપરવાસમાંથી પાણી આવે છે એટલે નદીનું પાણી બહુ ગંદું હશે." ગુરુજીએ થોડા કડક સ્વરે કહ્યું, "દલીલ ન કરો. એક વાર કહ્યુંને નાહી આવો." પચાસ શિષ્યોમાંથી અડધા શિષ્યો નદીએ નહાવા ગયા. નદીમાં અતિશે ગંદું પાણી જોઈ પચ્ચીસ શિષ્યોમાંથી માત્ર એક જ શિષ્ય નદીમાં નહાવા ઊતર્યા. એક જ વિચારથી, 'મારા ગુરુની આજ્ઞા છે ને ! ગુરુની આજ્ઞામાં શિષ્યનું હિત જ સમાયેલું હોય.'

આશ્રમમાં આવ્યા ત્યારે ગુરુ આ આજ્ઞાંકિત શિષ્યને ભેટી પડ્યા, "શાબાશ, તું જ અમારો ખરો વારસદાર બનીશ. બાકી બધા નાપાસ થયા, તું એક જ પાસ થયો." પછી ગુરુજીએ કહ્યું, "વત્સ, અમારો એક સંકલ્પ છે કહું ?" શિષ્યએ હાથ જોડી કહ્યું, "આપ આપનો સંકલ્પ મુજ આગળ નિશ્ચિતપણે વહાવો, એ સંકલ્પને પૂર્ણ કરવાનું બળ પણ આપ જ આપજો." ગુરુજીએ કહ્યું, "અહીં આપણા શહેરમાં એક હિંદુ યુનિવર્સિટી સ્થપાય અને તેમાં હિંદુત્વના જ પાઠ લેવાય તેવો અમારો સંકલ્પ છે. તું આ સંકલ્પને પૂરો કરીશ તો અમે તારા પર ખૂબ રાજી થઈશું." શિષ્યએ કહ્યું, "ગુરુજી, આપનો સંકલ્પ એ મારો છે, મારા અંતરમાં તો એ જ વાતનો આનંદ છે કે આપે આપના સંકલ્પની પૂર્તિ માટે મારી પસંદગી કરી. બસ આપ ભેળા ભળજો. હું જરૂર આપનો આ સંકલ્પ અધ્ધરથી ઝીલી લઈશ."

એક મુસ્લિમ રાજાના રાજ્યમાં હિંદુ મહાવિદ્યાલય સ્થાપવાનો સંકલ્પ કે વિચાર પણ કોઈ કરી શકે નહિ જ્યારે આ શિષ્યના હૈયે ગુરુ તથા ગુરુના જ્ઞાનને વિશ્વવ્યાપી કરવાનો હરખ કેવો હશે ? એટલે જ તો ગુરુના સંકલ્પને અધ્ધર ઝીલી લીધો.

ટૂંક જ સમયમાં ગુરુજી સ્વધામ સિધાવી ગયા. શિષ્યએ પોતાના ગુરુભાઈઓને ભેગા કરી ગુરુના આ સંકલ્પને પૂરો કરવા માટે સાથ આપવા પ્રાર્થના કરી ત્યારે તમામ ગુરુભાઈઓનો એક જ સૂર હતો, 'આ મુસ્લિમ રાજાના રાજ્યમાં ગુરુનો હિંદુ મહાવિદ્યાલય સ્થાપવાનો સંકલ્પ માત્ર અઘરો નહિ; અસંભવ છે. તું પણ આ વિચાર છોડી દે.' આ શિષ્યએ ગુરુભાઈઓને છોડી દીધા પણ ગુરુનો સંકલ્પ ન છોડ્યો. ગુરુના સંકલ્પને પૂરો કરવા એકલે હાથે ઝઝૂમવાનું શરૂ કર્યું.

ગુરુ પણ તેમને સંકલ્પ પૂર્તિમાં જાણે સાથ આપતા હોય તેમ આ શિષ્યને નવા શિષ્યો મળવા લાગ્યા. બધાને ગુરુના સંકલ્પમાં ભેગા ભેળવવા લાગ્યા. હિંદુ યુનિવર્સિટીની સ્થાપના માટે પ્રાથમિક જરૂરિયાત નાણાંની હતી.

આ શિષ્યરાજ પોતાના શિષ્યોને સાથે લઈ નાણાં એકઠાં કરવા શહેરની એક એક ગલીએ, એક એક ઘરે, એક એક દુકાને ઘૂમી વળ્યા. બે વર્ષની સખત મહેનત પછી પણ માત્ર જમીન લેવાય એટલા પૈસા પણ ભેગા થઈ શક્યા નહીં. બધા હિંમત હારી ગયા પણ આ શિષ્યને તો દિન-પ્રતિદિન ગુરુના સંકલ્પને પૂરા કરવાનો થનગનાટ વધતો જતો હતો.

તેઓને ખબર પડી કે, આવતી કાલે શહેરના નવાબ

નિઝામનો જન્મ દિવસ છે. તેઓ નવાબ આગળ પહોંચી ગયા. નવાબને કહ્યું, "આજે આપનો જન્મદિન છે, આપ રાજી હશો, આજે મારે આપની પાસેથી વચન જોઈએ છે. આપશો ?" નિઝામે 'હા' કહી. તેમણે નવાબ પાસે પોતાના ગુરુના સંકલ્પને પૂરો કરવા માટે નાણાંની માંગણી કરી. મુસ્લિમ રાજા હિંદુ ધર્મની પુષ્ટિ માટેના મહાવિદ્યાલયનાં નાણાં કેવી રીતે આપે ? નવાબ ગુસ્સે થઈ ગયા. શિષ્યએ કહ્યું, "નવાબ, આપો તો ભલે નહિતર તમારું વચન ફોક જશે." નિઝામ ઉશ્કેરાયા, તેમણે શિષ્ય પર છૂટી મોજડી ફેંકી. શિષ્યરાજ નિઝામની મોજડી હાથમાં લઈ નીકળી પડ્યા. બજારમાં જઈ નિઝામ સાહેબની મોજડીની હરાજી કરી. તેમાંથી અઢી લાખની આવક થઈ. જે પૈસાથી તેમણે ગુરુના સંકલ્પ સમી હિંદુ યુનિવર્સિટી સ્થાપી દીધી.

અનેક કષ્ટો અને વિઘ્નો સામે શિષ્યની દૃષ્ટિ ન હતી. બસ ગમે તેમ કરીને, માર ખાઈને પણ મારા ગુરુનો સંકલ્પ પૂરો થયો ને તેનો જ અંતરમાં હરખ હતો. આ શિષ્ય હતા મદનમોહન માલવિયા.

### ૪. ગુરુના પરભાવી ગુણ-સામર્થ્યના અનુભવનો હરખ

શ્રુતિએ અને સ્મૃતિએ સત્પુરુષ ગુરુ સ્વરૂપે મળ્યા હોય તેમનો પરમેશ્વર તુલ્ય મહિમા ગાયો છે. દેવબુદ્ધિએ સેવવાનો આગ્રહ દર્શાવ્યો છે. પરંતુ જેને ગુરુના પરભાવી ગુણ-સામર્થ્યનો અનુભવ ન થયો હોય, મહિમા ન હોય તેવા શુષ્કને અતિશયોક્તિ લાગે જ્યારે મહાત્મ્યભીનાને વાસ્તવિકતા લાગે, યોગ્ય જ લાગે. કાનેથી સાંભળવા અને આંખેથી વાંચવા કરતાં અંતરથી અનુભવ થાય ત્યારે હૃદયમાંથી ઊઠતી નિજાનુભૂતિની આનંદની ઊર્મિઓ વધુ પ્રમાણભૂત હોય છે. કાગળ કરતાં હૃદય વધુ પ્રમાણભૂત છે. કારણ, હૃદય સ્વાનુભવથી જ બોલે છે. સ્વાનુભવથી થયેલો હરખ, દૃઢ થયેલો મહિમા ગમે તેવા સંજોગ-પરિસ્થિતિમાં પણ ભુલાતો નથી. કોઈનું સાંભળીને ભરમાઈ જવાતું નથી.

ઈ.સ. ૧૯૬૦માં ગુરુદેવ પ.પૂ. બાપજી કડી મંદિરે બિરાજતા હતા. ખાખરિયાના હરિભક્તો પાટડી સદ્. મુનિસ્વામીનાં દર્શન કરવા જતા હતા ત્યારે ગુરુદેવે પણ અંતરથી મહિમાપૂર્વક જય સ્વામિનારાયણ કહેવડાવ્યા હતા. વળતા જવાબમાં સદ્. મુનિસ્વામીએ પ્રસાદીરૂપ સ્વહસ્તાક્ષરની ચિઠ્ઠી મોકલી. ગુરુદેવ પ.પૂ. બાપજીએ ચિઠ્ઠીને દંડવત-દર્શન કરી અહોભાવના આનંદમાં ખોલી ત્યાં તો ચિઠ્ઠીમાં સદ્. મુનિસ્વામીનાં દિવ્ય તેજોમય દર્શન થયાં. અંતરમાં અદ્ભુત દિવ્યાનંદ વ્યાપી ગયો. અવર્ણનીય અનુભવ થયો. ગુરુદેવ બાપજીએ માત્ર સદ્. મુનિબાપાનો મહિમા જ નથી ગાયો; સિંહાસનમાં બિરાજમાન કરી દીધા. આ છે અનુભવના હરખની નીપજ.

### ગુરુમહિમાનો સ્વાનુભવ કરવાની રીત

દેહધારીની અનાદિની રીત અહમ્‌ભાવે વર્તવું, દરેક બાબતમાં અહમ્‌નું પોષણ અને અહમ્‌ને જ અગ્રતાક્રમ. જ્યારે આપણા ગુરુજીની અનાદિની રીત દેહધારી દશાથી સંપૂર્ણ વિપરીત. સાવ સહજમાં ઓગળીને વર્તે. એમાંય ગુરુદેવ પ.પૂ. બાપજી આગળ તો જાણે પોતાનું કોઈ અસ્તિત્વ જ ન હોય !!!

એક વખત પૂનમના સમૈયામાં વાસણા ખાતે ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કથાવાર્તાનો લાભ આપી રહ્યા હતા. સભા હૉલ હકડેઠઠ... એમાંય ગુરુજીના દિવ્ય વચનોની ગંગા એવી તો વહી રહી હતી કે સૌ દેહના ભાવો ભૂલી તેમાં ગરકાવ બન્યા હતા.

એવામાં બ્રિજ પરથી વ્હિલચૅરમાં ગુરુદેવ પ.પૂ. બાપજી સભામાં પધાર્યા. ગુરુજી ગુરુદેવનું આગમન કરવા પોતાની વાણીને વિરામ આપી સભામાં પાછળ પધાર્યા અને ગુરુદેવ પ.પૂ. બાપજીની વ્હિલચૅર પોતે ચલાવી આગળ પધાર્યા. આગમન બાદ ફરીથી સભામાં પોતાનું સ્થાન ગ્રહણ કરી કથાવાર્તા શરૂ કરી દીધી.

ગુરુદેવ પ.પૂ. બાપજીના સ્વરૂપમાં સદૈવ ઓગળીને વર્તનાર ગુરુજીની આ દિવ્ય રીતનાં દર્શન આપણને સહજ હતા પરંતુ એ સમૈયામાં એક બિનસત્સંગી ઈન્ટરનૅશનલ ટ્રેનર ગુરુપ્રકાશ ઐયર જેઓ આપણા હરિભક્તના આમંત્રણથી પધાર્યા હતા. તેઓ ગુરુજીની આ દિવ્ય રીતિનાં દર્શન કરી અહોભાવમાં ડૂબી ગયા. તેઓ કહેતા હતા કે, "ખરેખર તો જગતમાં મેં જોયું છે કે ક્યારેય વક્તા પોતાનું સ્થાન આવી રીતે છોડે જ નહિ અને પ્રોગ્રામમાં વક્તાશ્રીનું સ્થાન જ સૌથી મહત્ત્વનું હોય. આવા મોટા વક્તા થઈ આવી રીતે સભા બંધ રાખી કોઈનેય આવકારવા જાય, આ તો ખરેખર કોઈ આ લોકની વ્યક્તિનું કામ નથી. જેમનું વક્તવ્ય આટલું ધારદાર હોય, જેમના એક એક શબ્દ આટલા વજનદાર આવતા હોય, સભામાં ટાંકણી પડે તોય અવાજ આવે એવી નીરવ શાંતિમાં પોતાના ગુરુનાં દર્શન થતાં તરત સભાને વિરામ આપી દેવો અને પોતાનું સ્થાન છોડી ગુરુને આવકારવા જવું તે જ તેમનું ખરું દાસત્વપણું છે. આવા પુરુષનાં દર્શનથી આજે હું ધન્ય બની ગયો."

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનાં આવાં દર્શન, સ્પર્શ, રીતિ-નીતિ, સેવા કે સાંનિધ્યનો લહાવો સાંપડે ત્યારે આ રીતે મહાત્મ્યસભર થઈ અહોભાવમાં ડુબાય તો શિષ્યત્વનો ખરો હરખ લૂંટી શકાય. આવા દિવ્યપુરુષનું શિષ્યત્વ સાંપડ્યું છે ત્યારે નિરંતર અહોભાવમાં ડૂબી હવે આપણા શિષ્ય સમાજની ગુરુજી પ્રત્યે કેવી ફરજ હોય તે આગામી લેખમાં માણીશું.



# શિષ્યની ફરજ

ઉપકાર... અનંત ઉપકાર... અનંતાનંત ઉપકાર...
કેવા ઉપકાર અને કોના ઉપકાર ?
ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપને ઓળખાવનાર,
કાળ-કર્મની રેખ પર મેખ મારનાર,
વિષયના સકંજામાંથી છોડાવનાર,
જીવમાંથી અનાદિમુક્તની પદવી પમાડનાર,
છતે દેહે મૂર્તિમાં રાખ્યાની હા પડાવનાર...

ઉપકારના અંબાર સમા વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના આ ઉપકારોની નીચે આપણે એવા તો દટાયેલા છીએ કે આ ચામડીનાં જોડાં કરાવીએ તોય તેમનું ઋણ ન ચૂકવાય. તેમ છતાં ગુરુએ કરેલા અનંત ઉપકારોનું ઋણ અદા કરવા પ્રયત્નશીલ બનવું એ શિષ્યની પવિત્ર ફરજ છે.

શિષ્યે ગુરુને ગુરુઋણ અદા કરવા કેવી પવિત્ર ફરજ બજાવવી જોઈએ ? તો,

### ૧. જોગમાં આવનારને ગુરુના મહિમાકારે કરવા

રસ્તામાં ઍક્સિડન્ટ થયો હોય એમાં આપણને કોઈએ મદદ કરી હોય તો જે પણ ખબરઅંતર પૂછવા આવે તેમની આગળ બચાવનારના ઉપકારને વર્ણવતાં કહીએ કે, "ફલાણા ત્યાં ન આવી પહોંચ્યા હોત તો આજે હું ન હોત. તેમણે મને નવું જીવન આપ્યું. હું એમનો ઉપકાર કદી નહિ ભૂલું." આ લોકની વ્યક્તિ કંઈ મદદ કરે તોય તેના મહિમામાં ડૂબી જવાય છે. જોગમાં આવનારને તેના ગુણાકારે કરી દઈએ છીએ. તો જરા ભૂતકાળની પળોને વાગોળીએ કે વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના આપણી પરના કેટલા ઉપકાર છે !!!

અનાદિકાળથી જન્મમરણની ભવાબ્ધિમાં ભટકતા આપણને મહારાજ ઓળખાવી અનાદિમુક્તની પદવી કોણે આપી ? અનંત ભૂલોને ભૂલી પ્રેમથી ગળે કોણે લગાવ્યા ?

ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ કેવળ આપણા દેહનું જ નહિ, આત્માનું પણ જતન કર્યું છે. તો આપણા સ્વાનુભવની વાત અન્યને શેર કરી તેમને મહિમાકારે કરવાની તક અવશ્ય ઝડપી લેવી જોઈએ. મહિમાગાનથી સામેવાળાને જો આ દિવ્યપુરુષોનો ગુણ આવી જાય તો તેના આત્યંતિક કલ્યાણનો માર્ગ શરૂ થઈ જાય. શું મહિમાગાન કરવું ? તો, ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના પરભાવી કલ્યાણકારી ગુણોનું, એમની સામર્થી તથા સાધુતાનું, દાસત્વપણું તથા દેહાતીત અવસ્થાનું ગાન કરી મળેલા ગુરુને, ગુરુના જ્ઞાનને, ગુરુના સિદ્ધાંતને વિશ્વના ફલક પર લઈ જવાની આપણી શિષ્ય તરીકેની પવિત્ર ફરજ છે.

સમજાય એટલો સત્પુરુષનો મહિમા સમજવો પરંતુ તેમનો અપરાધ તો ન જ થવા દેવો. કારણ કે સત્પુરુષનો અપરાધ થઈ જાય તો સ્વયં મહારાજ પણ માફ કરતા નથી. શ્રી હરિચરિત્રામૃતસાગર ગ્રંથ પૂર-૫, તરંગ-૨૩માં સ્વયં શ્રીહરિએ કહ્યું છે કે, "સંત કહેતાં સત્પુરુષ મારું હૃદય છે, સત્પુરુષ મારો કંઠ છે, સત્પુરુષ મારાં નેત્ર છે. સત્પુરુષનો થોડો દ્રોહ થાય તોપણ મને કરોડ ગણો ડર લાગે છે. મારો અપરાધ કોઈ કોટિ વાર કરે તોપણ હું દુખાતો નથી. પરંતુ સત્પુરુષનો અલ્પ અપરાધ કરે તેના પર કરોડ ગણો દુખાઈ જાઉં છું. હું તેને કદી માફ ન કરું. સત્પુરુષ માફ કરે તો ભલે. સત્પુરુષ માફ કરે તો જ તે અપરાધનું પાપ ટળે છે." આમ, સાચા શિષ્યની ફરજ સૌને ગુરુના મહિમાકારે કરવાની હોય છે.

ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીના પરભાવી ગુણો, સામર્થી, દિવ્યતા આદિ ગુણોનું છડેચોક ગાન કરી સમાજને ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાથી રસભીનો કરી દીધો. હવે આપણો વારો છે. દાસત્વપણે વર્તતા મહાસમર્થ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના સામર્થ્ય, પરભાવી સ્થિતિ તથા કલ્યાણકારી ગુણોનું ગાન કરી સમાજને ગુરુજીના મહિમાકારે કરવાની મહાસેવામાં જોડાઈ શિષ્ય તરીકેનું ઋણ અદા કરીએ.

### ૨. ગુરુની ગરિમા વધારવી

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ગુરુદેવ પ.પૂ. બાપજીનું શિષ્યત્વ સ્વીકાર્યું ત્યારથી લઈ અદ્યાપિ ગુરુદેવ પ.પૂ. બાપજીની અલ્પ ગરિમાને ખંડિત થવા દીધી નથી બલ્કે વિશેષાવિશેષ વધારી છે. પ્રથમથી જ સંસ્થાના ટ્રસ્ટમાં પ્રમુખ તરીકે ગુરુદેવ પ.પૂ. બાપજીએ

તેઓશ્રીનું નામ જ લખાવી દીધેલું. સંસ્થાનો સમ્રગ વહીવટ ગુરુજીએ જ ચલાવ્યો છે. નવા મુમુક્ષુને સાધુ થવાની પ્રેરણા કરવી, દીક્ષા વિધિ વખતે સંતોનાં નામકરણ કરવાથી માંડી તેમનામાં સાધુતાના ગુણો પ્રેરી સ્થિતિના માર્ગે આગળ વધારવા સુધીની તમામ પ્રવૃત્તિ ગુરુજી પોતે જ કરતા હોવા છતાં ગુરુદેવ પ.પૂ. બાપજીની ગરિમાને ઊની આંચ આવવા દીધી નથી. એટલું જ નહિ, પોતાના કાર્યોનો શ્રેય પણ ગુરુદેવ પ.પૂ. બાપજીના ચરણે જ ધર્યો છે. ગુરુદેવ પ.પૂ. બાપજી સંગે દિવ્યાનુભૂતિ ભાગ-૨ની સેવા ચાલતી હતી. 'દિવ્ય સ્મૃતિઓ' નામના પ્રકરણમાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ કરેલા કાર્યોની યાદી બનાવતાં એક વાત ધ્યાનમાં આવી. પ્રારંભિક અમુક કાર્યોમાં ગુરુદેવે નેતૃત્વ કર્યું હતું. ત્યારબાદના દરેક કાર્યમાં ગુરુદેવ પ્રેરક હતા. જ્યારે ગુરુજીએ દરેક કાર્ય અથથી ઈતિ કર્યા હતા. પણ ગુરુજીએ ગુરુદેવ પ.પૂ. બાપજીને તે કાર્યોનો યશ આપી દીધો હતો.

•••

પોતે ક્યારેય ગુરુદેવ પ.પૂ. બાપજીથી અધિક તો નથી થયા પરંતુ સમકક્ષ પણ નથી રહ્યા.

ગુરુદેવ પ.પૂ. બાપજી અંતર્ધાન થયા બાદ તા. ૧-૯-૨૦૧૯થી તા. ૫-૯-૨૦૧૯ એમ પંચ-દિનાત્મક વચનામૃત પારાયણનું વાસણા ખાતે આયોજન થયેલું. તેમાં એક દિવસ ગુરુદેવ પ.પૂ. બાપજીના મહિમાનું ગાન કરતાં ગુરુજી અને હરિભક્તોનાં નેત્ર અશ્રુભીનાં થઈ ગયાં. ત્યારે ગુરુજીએ સૌને ધીરજ પ્રેરતાં કહ્યું, "બાપજી ગયા નથી, જાય એવા નથી. બાપજી છે, છે ને છે જ."

•••

એટલું જ નહિ, ગુરુદેવ પ.પૂ. બાપજીથી અધિક કોઈ વસ્તુ, પદાર્થ, ચેલા, સેવા ગુરુજીએ સ્વીકાર્યા હોય એવું કદાપિ બન્યું નથી.

એક વખત વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી વાસણા પધારેલા. ત્રણ દિવસનું રોકાણ હતું. ત્રીજા દિવસે સવારે પોતાના સેવક સંતને પાસે બોલાવી પૂછપરછ કરી કે, "સ્વામી, આપણે બે દિવસથી આવ્યા છીએ. તમે બાપજીની કોઈ અંગત સેવાનો લાભ લીધો ?" સેવક સંતે નકારમાં જવાબ આપ્યો. ગુરુજીએ વિવેક શીખવ્યો કે, "સ્વામી, ગુરુદેવ અહીં બિરાજે છે. મોટાપુરુષના સાંનિધ્યમાં હોઈએ ત્યારે તેમની સેવાનો લાભ લેવાનું કદી ચૂકવું નહીં. આ સેવા મળે ક્યાંથી ? તમને ફરી આવો લાભ હવે ક્યારે મળશે ? માટે જાવ, મારી સેવામાં નહિ આવો તો ચાલશે પણ ગુરુદેવની સેવામાં જોડાવ." આહાહા !!! પળે પળે ગુરુદેવ પ.પૂ. બાપજીની ગરિમાને અખંડિત રાખી વધુ દેદીપ્યમાન બનાવવાની કેવી ખેવના !!!

વ્હાલા ગુરુજીની ગરિમા વધારવા આપણે પણ અવશ્ય આ બાબતોને ધ્યાનમાં લઈએ.

સેન્ટરમાં ગુરુજી પધારે ત્યારે તેમની સભામાં અચૂક હાજરી આપીએ. તેઓશ્રીની અંગત સેવાનો લાભ લઈએ. સૌ સંતોની સાથે હેત રાખીએ પરંતુ ગુરુજી સાથે આત્મબુદ્ધિ કરીએ. ઘરમાં, પાકીટમાં મહારાજ, બાપા, ગુરુદેવ અને ગુરુજીની મૂર્તિ અવશ્ય રાખી નિત્યપ્રત્યે તેમનાં દર્શન કરીએ. દિવ્યભાવે પ્રાર્થના કરીએ.

### ૩. ગુરુનું શોભે તેવું જીવન જીવવું

સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ પ્રકરણ-૩ની વાર્તા-૧માં કહ્યું છે કે, "સંગ કરવો તેમાં ગુરુની શુદ્ધિ ત્રણ પ્રકારની જોવી. તેની વિક્તિ જે, એક તો તેનું પંડનું વર્તન હોય તેનો તપાસ કરવો, બીજું તેણે જેને સેવ્યા હોય તેનું સામર્થ્ય જોવું ને ત્રીજું તેના સંગ થકી જે થયા હોય તેને જાણવા એમ તપાસ કરવો." આમ, ગુરુ કરતાં પૂર્વે મુમુક્ષુ ત્રણ બાબત ધ્યાનમાં લે છે : (૧) ગુરુનું વર્તન, (૨) ગુરુના ગુરુનું વર્તન, (૩) ગુરુએ તૈયાર કરેલા શિષ્યનું વર્તન. કારણ કે શિષ્યના વર્તન પરથી ગુરુની પરીક્ષા થઈ જાય છે. જેટલું શિષ્યનું વર્તન આદર્શ હોય તેટલા જ ગુરુ મહાન હોવાની ધારણા બંધાય છે.

સંવત ૧૯૧૨માં વડતાલ ખાતે ચાર મહિનાની છાવણી બાદ આચાર્ય શ્રી રઘુવીરજી મહારાજે આસપાસના ગામોમાં વિચરણ અર્થે સંતો સહિત જૂનાગઢના જોગી સદ્. ગુણાતીતાનંદ સ્વામી તથા તેમના શિષ્ય સદ્. બાલમુકુંદદાસજીને સાથે લીધા હતા.

શ્રી રઘુવીરજી મહારાજ માટે સિગરામ, સદ્‌ગુરુ સંતો તથા તેમના સેવક સંતો માટે ગાડાની વ્યવસ્થા કરી હતી. પરંતુ સદ્. બાલમુકુંદદાસજી સ્વામી તો પગપાળા ચાલી સેવક ધર્મ બજાવતા હતા. આ જોઈ સદ્. શુકાનંદ સ્વામીએ સદ્. ગુણાતીતાનંદ સ્વામીને કહ્યું, "સ્વામી, તમારા સેવકને ગાડામાં બેસવાની આજ્ઞા કરો." ત્યારે સદ્. ગુણાતીતાનંદ સ્વામીએ

શિષ્યના જીવનથી ગુરુની પરીક્ષા થતી હોય છે.

કહ્યું, “એની જુવાન અવસ્થા છે તો ભલે પગે હાલે. આ ઉંમરે શરીરને બહુ પપલાવવું નહિ; આપણે નહિ હોઈએ ત્યારે એમને જ ગાડામાં બેસવાનું છે. હારે હાલશે તો આગળ ક્યાંક કામમાં આવશે.”

રસ્તામાં એક ગામમાં પધરામણી હતી. સદ્‌ગુરુ સંતો પાસે કોઈ સેવક હાજર નહોતા. સિવાય કે એકમાત્ર બાલમુકુંદદાસજી. તેમણે સેવાની તક ઝડપી ધાબળીઓ પોતાના માથે ઊંચકી ઝડપથી આગળ જઈ સૌ સંતોનાં આસન તૈયાર કરી દીધાં. સદ્. શુકાનંદ સ્વામી આ બધું નીરખી રહ્યા હતા. “સ્વામી, આ તમારા સાધુ તો ખરા છે. દોડી દોડીને કેવી સેવા કરે છે ! છતાં અંતરમાં સેવકપણાનું સહેજ પણ માન દેખાતું નથી. તેમની સેવા સરળતાપૂર્વક અને સમજણપૂર્વકની હોય છે.”

વળી, આગળ જતાં શ્રી રઘુવીરજી મહારાજને લઘુશંકા માટે સિગરામમાંથી નીચે ઊતરવાનું થયું. ક્રિયા પતાવી સિગરામમાં ચઢ્યા પરંતુ મોજડી નીચે રહી ગઈ હતી. મહારાજશ્રીનો સેવક ક્યાંય દેખાતો નહોતો એટલે સદ્. બાલમુકુંદદાસજી સ્વામીએ સેવાની તક ઝડપી લીધી. મહારાજશ્રીની મોજડી સિગરામમાં મૂકી આપી. આ જોઈ મહારાજશ્રી દ્રવી ગયા, “સ્વામી, તમે સાધુ થઈ મારી મોજડી કેમ અડ્યા ? મને અપરાધ લાગે.” બાલમુકુંદદાસજી સ્વામીએ કહ્યું, “મહારાજશ્રી, આવી સેવાનો લાભ અમને ક્યાંથી મળે ?” તેમની સાધુ સહજ નિર્મળ વાણી, મહિમાબુદ્ધિ અને દાસત્વભક્તિ નિહાળી મહારાજશ્રી બોલ્યા, “સેવકો તો ઘણા હોય, સાધુ પણ ઘણા હોય પરંતુ આ સદ્. ગુણાતીતાનંદ સ્વામીના સાધુ તો સાવ નોખી ભાતના છે. એમને એમના સાધુપણાનું સહેજેય માન નથી. એ તો જેવા ગુરુ એવા શિષ્ય હોય ને !”

આપણું જીવન પણ ગુરુનું શોભે તેવું હોવું જોઈએ. જેથી આપણા જીવનને જોઈ મુમુક્ષુને આપણા ગુરુને ગુરુ કરવાની પ્રેરણા મળે. એ માટે આ પ્રમાણે વર્તવાનો ખટકો રાખીએ :

૧. શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા દૃઢ રાખવી.
૨. પંચવર્તમાનની આજ્ઞામાં યથાર્થ વર્તવું.
૩. બહારવૃત્તિએ જોવા-જાણવા, હરવા-ફરવાના શોખ છોડી આંતરમુખી બની ભજન-ભક્તિનું અંગ કેળવવું.
૪. મહિમાસભર થઈ સૌની દાસભાવે સેવા કરવી.
૫. સત્સંગી બંધુઓની સમયે મદદ કરવી.
૬. પ્રામાણિકતા અને દયા-કરુણા આદિ માનવતાના ગુણોને સ્વજીવનમાં ચરિતાર્થ કરી રાખવા.
૭. પ્રતિલોમ ધ્યાને મૂર્તિમાં જોડાઈ અખંડ મૂર્તિમાં રહેવાનો અભ્યાસ કરવો.

હવે, શિષ્ય તરીકે ગુરુ સાથે કેવી રીતે રહેવું જોઈએ તેનું માર્ગદર્શન આગામી લેખમાં મેળવી શ્રેષ્ઠ શિષ્યત્વ અદા કરીએ.

## સંત શિબિર - ૨૦૨૫

સંતો સમાજ સુધી મહારાજ અને મોટાના સંકલ્પોને પહોંચાડવા માટેના સંદેશાવાહક છે. ત્યારે સંતો સર્વાંગપૂર્ણ હોવા જોઈએ. તે ન્યાયે તા. ૨-૬-૨૦૨૫થી તા. ૧૬-૬-૨૦૨૫ દરમ્યાન ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના દિવ્ય સાંનિધ્યમાં સંસ્થાના તમામ પૂ. સંતોની સંત શિબિર બે ગ્રૂપમાં ગોઠવાઈ હતી. આ શિબિરના પ્રથમ દિવસે મનન વિષય પર કોર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મનન કેવી રીતે કરવું તેના પર વિશેષ માર્ગદર્શન મળ્યું હતું. સાથે શિબિરમાં વ્હાલા ગુરુજીની દિવ્યવાણી દ્વારા મહાત્મ્યનો વિચાર, રાજીપાનો વિચાર, કાર્ય-કારણની સ્પષ્ટતા તથા સાધુતા જેવા વિષય પર ઊંડાણપૂર્વક લાભ મળ્યો હતો. પૂ. વડીલ સંતો સાથે ગ્રૂપ શેરિંગ સેશન, મહિમાગાન, દિવસ દરમ્યાન એકાંતમાં વાંચન-શ્રવણ, લેખન, મનન-ચિંતન તથા મહારાજમાં જોડાવા માટેના વિધ વિધ પ્રયત્નો તથા ત્રણ દિવસની ધ્યાન કુટિર કરીને સૌ સંતો આધ્યાત્મિકતાના માર્ગે આગળ વધ્યા હતા. વળી, વિશેષ શિબિર દરમ્યાન વ્હાલા ગુરુજી સાથે તમામ પૂ. સંતોને વ્યક્તિગત અંગત બેઠકનો લાભ મળ્યો હતો. આ જ રીતે સંસ્થાનાં પૂ. ત્યાગી મહિલામુક્તોની પણ શિબિરનું આયોજન થયું હતું.


કૃતઘ્ની શિષ્યે માત્ર શિષ્યત્વનું મહોરું પહેરેલું હોય છે.




# શિષ્યની રીત

"જ્યારથી આ સ્વામી આયો છે ત્યારથી અમને રતીભાર જેટલો પણ ભીડો આવવા દીધો નથી. મોટા મોટા સમૈયા-ઉત્સવ થાય, કરોડોનાં મંદિરો બંધાય એ બધું કેવી રીતે પૂરું થાય છે તેની મને કાંઈ ખબર નથી. સ્વામી બધું પતાવે છે. અને જ્યારથી સ્વામીને જવાબદારી સોંપી છે ત્યારથી રંચમાત્ર પણ અમારી મરજી વિરુદ્ધ કર્યું નથી. ગમે તેટલાં આયોજનો કરીને લાવ્યો હોય પણ હું ના પાડું એટલે તરત આયોજન ઉપર લીટી તાણી દે. આ સ્વામી નિરંતર અમારી રુચિમાં રહે છે."

ઈ.સ. ૨૦૧૨ રજત જયંતી મહોત્સવના સંસ્થા દિને સ્વયં ગુરુદેવ પ.પૂ. બાપજીએ જ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનું મહિમાગાન કરી તેમને પોતાના આધ્યાત્મિક અને વ્યવહારિક અનુગામી વારસદાર તરીકે ઘોષિત કર્યા. આદર્શ શિષ્યની આદર્શ રીત સ્વયં ગુરુ જ પ્રમાણ કરે તે ખરા આદર્શ શિષ્ય. પરભાવી સ્વરૂપ એવા ગુરુજીએ એવું આદર્શ શિષ્યત્વ બજાવ્યું છે જેનું પ્રમાણ સ્વયં ગુરુદેવ પ.પૂ. બાપજીએ અનેક વખત આપ્યું છે. આવી આદર્શ શિષ્યત્વની રીતનાં દર્શન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના જીવનમાં આજકાલથી નહિ પરંતુ જ્યારથી તેઓશ્રી ગુરુદેવ પ.પૂ. બાપજીના સાંનિધ્યમાં પધાર્યા ત્યારથી થાય છે.

ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીએ ઈ.સ. ૧૯૮૦માં સંત દીક્ષા ગ્રહણ કરી ત્યારે શરૂઆતના દિવસોમાં તેઓને ગુરુદેવ પ.પૂ બાપજીના નિકટના સાંનિધ્યમાં રહેવાનો અદ્‌ભુત લાભ ખૂબ સાંપડ્યો હતો. એ સમયે ગુરુદેવની પરભાવી સેવા, સંસ્થાકીય સેવા-પ્રવૃત્તિની સાથે ગુરુદેવ પ.પૂ. બાપજીની અવરભાવની એક પણ સેવા ચૂકતા નહીં. ગુરુદેવ પ.પૂ. બાપજી સવારે જાગે ત્યારથી રાત્રે પોઢે ત્યાં સુધીમાં ગુરુજી સાત-આઠ વખત ગુરુદેવને દંડવત કરતા. ગુરુદેવ પ.પૂ. બાપજીને અનુકૂળ આવે તેવી ગરમ રસોઈ કરી જમાડતા. ગુરુદેવ પ.પૂ. બાપજીની પૂજા પાથરતા, ચંદન ઘસતા, તેઓશ્રીનાં ધોતિયાં નિચોવી સૂકવતા. ગુરુદેવ પ.પૂ બાપજીનું આસન પાથરતા. આમ, ગુરુજી ગુરુદેવ બાપજીની અલ્પથી અલ્પ સેવા પણ ખૂબ મહિમાસભર થઈ કરતા.

એક વખત ઘનશ્યામનગર મંદિરે ડિસેમ્બર મહિનામાં સાંજે ૪ વાગ્યે ઠાકોરજીનું ઉત્થાપન કરી ગુરુજી શેતરંજી ઉપર બિરાજી 'મહાબળવંત માયા' પ્રાર્થના તથા ઓરડાના પદનું ગાન કરતા હતા. ગુરુદેવ પ.પૂ. બાપજી પધાર્યા. તેઓશ્રીએ ઠંડીને કારણે શેતરંજી ઉપર દંડવત કર્યા. જેવા ગુરુદેવ પ.પૂ. બાપજી શેતરંજી ઉપર દંડવત કરી બિરાજ્યા કે તરત ગુરુજી નીચે બિરાજી ગયા. ગુરુદેવે કહ્યું, "સ્વામી, શેતરંજી ઉપર બેસો; નીચે ઠંડું લાગશે." ત્યારે ગુરુજીએ હસ્ત જોડી ના પાડી, "બાપજી, અહીં બરાબર છે." ત્યારે એક હરિભક્તે પણ ગુરુજીને શેતરંજી ઉપર બેસવા આગ્રહ કર્યો. ત્યારે ગુરુજી બોલ્યા, "બાપજી મારા ગુરુ છે. તેઓ શેતરંજી પર બિરાજે છે તો તેમની સમકક્ષ શિષ્ય તરીકે મારાથી ન બેસાય. એ શિષ્યની રીત નથી." આમ, આવી નાની બાબતોમાં પણ ગુરુજીની ગુરુદેવ બાપજી પરત્વેની દિવ્યતા અને શિષ્યત્વ ઝરી આવતા. ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્યજીવનમાંથી પ્રેરણા પામી હવે આપણે શિષ્ય તરીકે ગુરુજી પ્રતિ કેવી રીત અપનાવવી જોઈએ ?

### ૧. ગુરુના વેચાણ થઈને રહેવું

સ્વયં શ્રીહરિએ જ્યારે આ બ્રહ્માંડને પોતાના દિવ્ય ચરણોથી પાવન કરેલું ત્યારે સાથે પોતાના મહાન અનાદિમુક્તોનો સમાજ લઈને પધાર્યા. તેમાંના એક અ.મુ. સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી. જેઓ અવરભાવમાં ચોવીસ કળામાં પારંગત તથા પ્રચંડ મેધા (યાદશક્તિ) ધરાવતા. શતાવધાની દિવ્યપુરુષ હતા. એવા સામર્થ્યવાન હોવા છતાં મહાપ્રભુ આગળ કેવા વેચાણભાવે રહેતા. તેઓ મહારાજને પ્રાર્થના કરતા, ''દયાળુ, અમારામાં જે કંઈ બે ગુણ દેખાય છે તે બધા આપને લઈને છે. નહિતર દયાળુ આપ અમને ગઢપુરની બજારમાં વેચી આવો તો અમારું પાંચિયુંય ન ઊપજે.'' આવો ગુલામભાવ એ શિષ્યની ખરી રીત છે. આપણે આપણા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી જોડે આવા વેચાણ થઈને રહેવું.

આપણી સંસ્થાના એક પૂ. સંત એક પૂ. લીડર સંતની સેવામાં હતા. અચાનક સંજોગવશાત્ તે સંતની બદલી કરી બીજા પૂ. લીડર સંતની સેવામાં મૂકવાના થયા ત્યારે તેઓએ ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીને પત્ર લખ્યો. જે પત્ર શિષ્યત્વની ખરી રીતને નિખાર આપે છે. આવો, અહીં તેનું દર્શન કરીએ :

''દયાળુ, આપશ્રી સેવક માટે સંપૂર્ણ નિશ્ચિંત રહેશો. આપ મને જ્યારે, જ્યાં, જેની જોડે મૂકશો ત્યાં રાજી થકા રહીશ. એમની સાથે લીંબુના પાણીની જેમ ભળી તેમની ખૂબ દિવ્યભાવે સેવા કરીશ. આપે તો જેમની જોડે સેવામાં સેવકને રાખ્યો છે તે તો આપના સંકલ્પ સમા પાત્ર અનાદિમુક્ત જ છે પરંતુ આપ મને કદાચ ચાર પગાળાં પશુ જોડે સેવામાં રાખો તોપણ આપના જેવો દિવ્યભાવ કેળવી તેમની સેવા કરીશ.''

ગુરુજીને તે સંત પ્રતિ કેટલું નિશ્ચિંતપણું હશે ! આવું નિશ્ચિંતપણું આપણે આપવાનું છે. તે માટે,

મોટાપુરુષને આપણો જ્યાં, જેવી રીતે, જેમ ઉપયોગ કરવો ઘટે તેમ કરી શકે તેવું નિધડકપણું અપાવવું.

### ૨. સદા સર્વ કાર્યનો યશ ગુરુશિરે શોભાવવો

જેમ મુગટ રાજાના શિરે જ શોભે તેમ સર્વ કાર્યની સફળતાનો યશ ગુરુશિરે જ શોભાવે તે ખરો શિષ્ય. અદ્યાપિ આપણી ગુરુપરંપરા



સફળતાનો મુગટ ગુરુશિરે શોભાવે એ જ ખરો શિષ્ય.

તરફ ઝાંખી કરીએ તો આપણા સદ્‌ગુરુએ સફળતાનો તમામ યશ ગુરુશિરે જ શોભાવ્યો છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ અનેક કષ્ટો વેઠી આ સંસ્થાનું નિર્માણ કર્યું છતાં ગુરુદેવ પ.પૂ. બાપજી હંમેશાં એનો યશ સદ્. મુનિબાપાને જ આપતા. એ જ રીતે સંસ્થાનું તમામ સંચાલન ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી કરતા હોવા છતાં હંમેશાં સફળતાનો યશ ગુરુદેવ પ.પૂ. બાપજીના શિરે જ શોભાવ્યો છે.




(A) શિષ્ય તરીકે આપણે પણ સેન્ટરમાં કે સંસ્થામાં કોઈ સેવા બજાવીએ તો આપણા મુખે 'ગુરુજીની આજ્ઞાથી હું આ સેવા કરી રહ્યો છું' તેવો અહોભાવ વ્યક્ત કરીએ.

(B) નોકરી-ધંધામાં પ્રગતિ થાય, સમાજમાં પ્રતિષ્ઠા તથા માન-મોટપ મળે તો આ બધો શ્રેય ગુરુકૃપાને સમર્પિત કરીએ.

(C) મહારાજ આપણને સેન્ટરની, કાર્યાલય કે મંદિરના પ્રોગ્રામની સેવાના નિમિત્ત કરે, સેવા સારી થાય તો 'આ બધી સેવા ગુરુજીના માર્ગદર્શન અને પ્રેરણાથી થઈ રહી છે' એવો અહોભાવ નિરંતર રાખીએ તે શિષ્યની રીત છે.

**૩. ગુરુજી પ્રતિ આગવો મમત્વભાવ/પોતાપણાની બુદ્ધિની દઢતા કરવી**

અહમ્-મમત્વ એ જીવની અનાદિકાળની માયા છે. આ જ માયા જીવને જન્મમરણના ફેરામાં વારંવાર ફેરવનારી છે. આવું અહમ્-મમત્વ જો મહારાજ અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીમાં દઢ થાય અર્થાત્ ગુરુજી સાથે પોતાપણાની બુદ્ધિની દઢતા થાય તો સહેજે માયા તરી જવાય. ગુરુજી સંગે પોતાપણાની બુદ્ધિની દઢતા કરવી એ શિષ્યત્વની રીત છે. તે માટે,

(A) સિઝનની કોઈ નવી વસ્તુ આવે તો સૌપ્રથમ મહારાજ અને ગુરુજીની સ્મૃતિ કરીએ.

(B) ગુરુજી સેન્ટરમાં પધારે ત્યારે જે તે વખતની સિઝનની વસ્તુ હરિકૃષ્ણ મહારાજ અને ગુરુજીને અર્પણ કરીએ.

(C) ગુરુજી અવરભાવમાં કોઈ મંદવાડ લીલા ગ્રહણ કરે, આપણને સમાચાર મળે તો તરત ભજન-પ્રાર્થના કરીએ. પૂ. સંતોને ફોન કરી ગુરુજીના ખબરઅંતર પૂછવા. આવા સમયે ગુરુજીનાં દર્શન-આશીર્વાદનો લાભ ગોઠવાય તો અચૂક લાભ લેવા જઈએ. આવા સમયે ઘરમાં પણ સારું ભોજન બનાવી ન જમાડાય એ ગુરુજી પરત્વેની આપણી પ્રીતિ કહેવાય.

(D) આપણા જીવનના મહત્ત્વના નિર્ણયો ગુરુજીને પૂછીને જ લઈએ, ગુરુજીની રુચિ મુજબ જ આગળ વધીએ. પણ એક વખત નિર્ણય જાણ્યા બાદ સ્વતંત્રપણે ન વર્તીએ. સામે દલીલ કે અસ્વીકૃતિની ભાવના ન રાખીએ.

(E) ઘરમાં જન્મેલા બાળમુક્તનું નામકરણ ગુરુજી થકી કરાવડાવીએ. ગુરુજી દ્વારા જ વર્તમાન ધરાવડાવીએ તથા ધંધા-નોકરી અંગેના નિર્ણયોમાં ગુરુજીને પૂછીને આગળ વધીએ.

(F) ગુરુજી માટે વપરાતા શબ્દો (માનવાચક શબ્દો) અન્ય માટે ન વાપરીએ. ગુરુજી માટે વપરાતી વસ્તુઓ આપણા ઉપયોગમાં ન લઈએ. આ ગુરુ ગરિમાની અખંડિતતા છે.

આમ, ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીના દિવ્યજીવનમાંથી જ શિષ્યની આદર્શ રીતનાં દર્શન કરી ગુરુજી પ્રતિ જ આદર્શ શિષ્યત્વ બજાવીએ.

# દદુકા ખાતે નૂતન જીર્ણોદ્ધારીત સ્વામિનારાયણ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ









શ્રીજીમહારાજ, અબજીબાપાશ્રી, સદ્. નિર્ગુણબાપા, સદ્. ઈશ્વરબાપા, સદ્. વૃંદાવનબાપા, સદ્. મુનિબાપા જેવા સમર્થ સદ્ગુરુશ્રીઓની પાવન ચરણરજથી પ્રસાદીભૂત થયેલ ગામ એટલે દદુકા. બાપાશ્રી, સદ્. ઈશ્વરબાપા અને સદ્. વૃંદાવનબાપાએ નળકંઠા વિસ્તારમાં સત્સંગ વિચરણ અર્થે પધારી કારણ સત્સંગના સંવર્ધનની ખૂબ સેવા કરી હતી. મુમુક્ષુ જીવોને સત્સંગ કરાવી બળિયા કર્યા હતા. સંપ્રદાયના શાસ્ત્રોમાં દદુકા ગામનો ઘણી જગ્યાએ ઉલ્લેખ કરવામાં આવેલ છે. આજથી ૧૫૦ વર્ષ પૂર્વે સદ્. ગોપાળાનંદ સ્વામીની પ્રેરણાથી દદુકા ગામના દેવરાજભાઈ પેથાભાઈ નંદાણીએ (દેવરાજભાઈ-પરષોત્તમભાઈ-નરોત્તમભાઈ-કેશવલાલ નંદાણી) ગામમાં મંદિર બનાવવા માટે જમીન અર્પણ કરી. તેના પર બાંધકામ કરાવી નાનકડા હરિમંદિરની સ્થાપના કરી. આ મંદિરની પ્રતિષ્ઠા સદ્. નિર્ગુણદાસજી સ્વામીએ કરેલી. સદ્. મુનિબાપા જ્યારે જ્યારે અહીં પધારતા ત્યારે ૧૫ દિવસ-મહિનો રોકાઈ બાપાશ્રીના હેતવાળા સમાજને પોષણ આપી સુખિયા કરતા.

આ જ મંદિરે ગુરુદેવ પ.પૂ. બાપજીએ સદ્. મુનિબાપાને કેશવલાલ નંદાણીને ત્યાં દીકરો આપવા માટે પ્રાર્થના કરી હતી. સદ્. મુનિબાપાના આશીર્વાદથી બે દીકરામાંના એક 'આધા હમારા' એટલે આપણા સૌનાય વ્હાલા ગુરુજીનું (ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીનું) દદુકા ગામે પ્રાગટ્ય થયું હતું. આ જ ગામમાં દોલુભા નામના શ્રીજીમહારાજના અનન્ય નિષ્ઠાવાન હરિભક્ત રહેતા. સદ્. ઈશ્વરબાપાના તેઓ કૃપાપાત્ર શિષ્ય હતા. વળી, વચનામૃત દ્વારા સમાગમના ખૂબ આગ્રહી હતા. આમ, દદુકા ગામમાં કારણ સત્સંગને લીલો રાખવામાં તેઓનો અમૂલ્ય ફાળો રહેલો છે. આજથી ૭૦ વર્ષ પૂર્વે દોલુભાએ હરિભક્તો પાસેથી ફાળો ઉઘરાવી મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. સદ્. મુનિબાપા સાથે તેમજ સદ્. મુનિબાપાના અંતર્ધાન થયા બાદ પણ ગુરુદેવ પ.પૂ. બાપજી અહીં અવારનવાર સત્સંગ વિચરણ અર્થે પધારતા.

સમય જતાં ગુરુદેવ પ.પૂ. બાપજીએ પૂ. ભક્તસ્વામીને સંત દીક્ષા આપ્યા બાદ અહીં સત્સંગ વિચરણની આજ્ઞા કરી હતી. વર્ષો સુધી આ વિસ્તારમાં સત્સંગના પ્રચાર-પ્રસારની સેવા કરી તેઓએ ગુરુદેવ-ગુરુજીનો ખૂબ રાજીપો પ્રાપ્ત કર્યો. તાજેતરમાં સંસ્થાની સાથે રહી ફરીથી આ મંદિરનો એસ.એમ.વી.એસ. સંસ્થાના નિયમો તેમજ ધારા-ધોરણો મુજબ જીર્ણોદ્ધાર કરી દોલુભાના વંશજો એવા કરણસિંહ (બાબુભાઈ) બાલુભા વાઘેલા પરિવાર તેમજ દીકરા ઘનશ્યામસિંહ અને મયૂરસિંહ સાથે વિક્રમસિંહ બાલુભા વાઘેલા પરિવાર તથા દીકરા

દીપકસિંહ અને પ્રવીણસિંહના પરિવારોએ તેમના વારસાને જીવંત રાખવાની સેવા કરી રાજીપો પ્રાપ્ત કર્યો છે.

સ્વામિનારાયણ સંપ્રદાયના નિયમાનુસાર પૂ. સંતોએ કદી પોતાના પૂર્વાશ્રમના ગામમાં ન જવાય એ પ્રમાણે વ્હાલા ગુરુજી દદુકા ન પધારી શકે. ગુરુદેવ અવરભાવમાં જેટલો સમય બિરાજ્યા ત્યાં સુધીમાં તેઓએ મહારાજની એક પણ આજ્ઞા લોપી ન હતી. એ ન્યાયે વ્હાલા ગુરુજીએ પણ એ જ રીતિ અપનાવી છે. પોતે સંસ્થાના ગુરુપદે બિરાજે છે. તેમને કોઈની રજા લેવાની જરૂર નથી. પરંતુ એકમાત્ર મહારાજના રાજીપા સામું દૃષ્ટિ રાખી આપણને સૌને રાજી કરવાની રીત શિખવાડી રહ્યા છે. આથી તા. ૨૫-૫-૨૦૨૫ ને રવિવારના રોજ ગુરુજીએ સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર ખાતે નૂતન મૂર્તિઓના પૂજન વિધિ તથા સ્વામિનારાયણ મહાયાગમાં લાભ આપ્યો હતો. ત્યારબાદ તા. ૨૮-૫-૨૦૨૫ ને બુધવારના રોજ સૌ ગ્રામવાસીઓ દ્વારા વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે સંસ્થાના સંતોનું સામૈયું કરવામાં આવ્યું હતું. આજના દિવસે એસ.એમ.વી.એસ. સંસ્થાના વરિષ્ઠ સંતો પૂ. નિર્ગુણસ્વામી, પૂ. ધર્મસ્વામી, પૂ. પૂર્ણસ્વામી તથા પૂ. નિર્લેપસ્વામી, પૂ. રાજીપાસ્વામી તથા સૌ સંતોએ ઠાકોરજીની મૂર્તિપ્રતિષ્ઠા વિધિનો લાભ આપ્યો હતો. આજની મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ સભા મધ્યે ઉપસ્થિત સભાજનોને વ્હાલા ગુરુજીએ વિડિયોના માધ્યમથી આશીર્વાદ આપતાં જણાવ્યું હતું કે, ''અમને ખબર છે કે તમે કોણ છો પણ તમને ખબર નથી અમે કોણ છીએ ? પરંતુ મોટાપુરુષ તો અતિ દયાળુ છે. 'જીવોના ગુન્હા નવ જુએ, મહેર કરીને કિલ્મિષ ધુએ.' મોટાપુરુષ કદી એમનું કર્તવ્ય ચૂકતા નથી. મોટા ક્યારેય કોઈને ભૂલતા નથી. બસ, આપણે એમને ભૂલી ન જઈએ. મોટા જ્યાંથી પધાર્યા છે ત્યાં ઠેઠ લઈ જશે. બસ, ગમે તેવો ખખડધજ ડબ્બો હોય પણ એંજિન સાથે જોડાઈ જાય એટલે કામ પતી જાય. મોટાપુરુષ એંજિનને ઠેકાણે છે. આપણે તો બસ, જીવ જોડી દેવો, આંકડો જોડી રાખવો એટલે કામ પૂરું. વળી, ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ ''આ ભગવાન સ્વામિનારાયણનો સંકલ્પ કામ કરી રહ્યો છે.'' એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

આમ, મૂર્તિપ્રતિષ્ઠા થયા બાદ દદુકા ખાતે જયજયકાર થયો ને દદુકા ગામના ઘણા ભક્તો આ ઐતિહાસિક પળના સાક્ષી બન્યા હતા.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ.નિ. ભનાભાઈ અરજણભાઈ ભટ્ટી, ઉંમર વર્ષ-૮૧, રાજકોટ; તા. ૯-૫-૨૦૨૫**

**મૂ.નિ. સુરેશભાઈ લક્ષ્મીશંકર પાઠક, ઉંમર વર્ષ-૭૧, ઇસનપુર; તા. ૧૪-૫-૨૦૨૫**

**મૂ.નિ. ગિરીશભાઈ છગનભાઈ ટાંક, ઉંમર વર્ષ-૭૦, રાજકોટ; તા. ૧૫-૫-૨૦૨૫**

**મૂ.નિ. યોગેશભાઈ જગદીશભાઈ થોરિયા, ઉંમર વર્ષ-૪૩, ઇસનપુર; તા. ૧૯-૫-૨૦૨૫**

**મૂ.નિ. હરિકૃષ્ણભાઈ નારાયણદાસ ભાવસાર, ઉંમર વર્ષ-૮૦, ડભોડા (ખેરાલું); તા. ૨૯-૫-૨૦૨૫**

**મૂ.નિ. નટુજી માનાજી ચાવડા (વૈદ્યરાજ), ઉંમર વર્ષ-૮૪, અંબોડ; તા. ૪-૬-૨૦૨૫**

**મૂ.નિ. સોહનલાલ રાજમલભાઈ શર્મા, ઉંમર વર્ષ-૯૫, રાજસ્થાન; તા. ૧૧-૬-૨૦૨૫**

**મૂ.નિ. દુષ્યંતભાઈ મણિભાઈ પરમાર, ઉંમર વર્ષ-૩૬, હિંમતનગર; તા. ૧૫-૬-૨૦૨૫**

**મૂ.નિ. દેવેન્દ્રભાઈ (છોટુભાઈ) જયંતિભાઈ પટેલ, ઉંમર વર્ષ-૪૨, સુરત; તા. ૧૫-૬-૨૦૨૫**

**મૂ.નિ. ખોડાભાઈ સોમાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૬૮, ઘનશ્યામનગર; તા. ૧૬-૬-૨૦૨૫**

**મૂ.નિ. લક્ષ્મીદાસ છગનલાલ બામણિયા, ઉંમર વર્ષ-૭૫, વડોદરા; તા. ૧૭-૬-૨૦૨૫**

**મૂ.નિ. બળવંતભાઈ હીરાભાઈ પટેલ, ઉંમર વર્ષ-૫૯, શાહપુર; તા. ૧૭-૬-૨૦૨૫**

**મૂ.નિ. પ્રભાબેન ધીરુભાઈ લાઠિયા, ઉંમર વર્ષ-૬૮, રાજકોટ; તા. ૧૨-૫-૨૦૨૫**

**મૂ.નિ. મંજુલાબેન કેશવલાલ ગજ્જર, ઉંમર વર્ષ-૭૮, ઘાટલોડિયા; તા. ૧૯-૫-૨૦૨૫**

**મૂ.નિ. સવિતાબેન લીલાધરભાઈ અબાસણા, ઉંમર વર્ષ-૮૪, ઇસનપુર; તા. ૨૫-૫-૨૦૨૫**

**મૂ.નિ. મંજુલાબેન મહેશભાઈ પટેલ, ઉંમર વર્ષ-૭૯, લંડન; તા. ૧૨-૬-૨૦૨૫**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

**તા. ૩-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે SBS અને છાત્રાલયના મુક્તોને રાજીપાના રાજમાર્ગ પર દોડવાનું અનેરું બળ પ્રદાન કર્યું હતું.

**તા. ૪-૫-૨૫** અને **તા. ૫-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા ઉપસ્થિત પ્રેમીભક્તોને માતૃવાત્સલ્ય પ્રેમથી ભીંજવ્યા હતા.

**તા. ૫-૫-૨૫**ના રોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે ૧૩મા પાટોત્સવ ઉપક્રમે ૧૨૬૮થી વધુ મુમુક્ષુમુક્તોને પ્રભુ તરફની પ્રગતિનો રાજમાર્ગ દર્શાવ્યો હતો.

**તા. ૬-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મહેસાણા** ખાતે પ્રાતઃ સમયે ૧૦ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવ પૂરા કર્યા હતા. આજરોજ સંધ્યા સમયે **વ્હાલા ગુરુજી**એ **પાટણ** ખાતે ૮ પધરામણીનો લાભ આપ્યો હતો ને રાત્રિ સમયે **પાટણ** ખાતે જાહેર સભામાં ઉપસ્થિત ૧૧૦૦થી વધુ મુક્તોને હૅપી ફૅમિલિ બનાવવાના ઉપાયો પર બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૮-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૫૩૯૧થી વધુ ભૂખ્યા-ગરજુ મુક્તોને રાજીપારૂપી ધન કમાવવાના અદ્‌ભુત ઉપાયો જણાવી મહિમાવંત કર્યા હતા.

**તા. ૧૧-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે જાહેર સભામાં ૫૦૦૦થી વધુ મુક્તોને આત્મીય બનવા માટેનું દિશાદર્શન કરાવી સુખિયા કર્યા હતા.

**તા. ૧૨-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં પ્રત્યક્ષ તથા ઑનલાઈન ૨૭૧૯૭થી વધુ મુમુક્ષુઓને સ્વજીવનમાં સત્પુરુષની જરૂરિયાત વિષયક બળપ્રેરક લાભ આપી મુમુક્ષુતાના માર્ગે આગળ વધાર્યા હતા.

આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **ઘાટલોડિયા** ખાતે ૮ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. વળી, આજરોજ **ઘાટલોડિયા** ખાતે રાજીપાદર્શન પ્રોગ્રામ અન્વયે ઉપસ્થિત મુક્તોને પોતાની રાજીપાવર્ષાથી ભીંજવી સુખિયા કર્યા હતા. રાત્રિ સમયે **ઘાટલોડિયા** ખાતે હૅપી ફૅમિલિ સભાપ્રસંગે ઉપસ્થિત સ્થાનિક મુક્તોને હૃદયસ્પર્શી સુધાવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૧૮-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ ભૂજ ખાતે પ્રાતઃ સભામાં ઉપસ્થિત મુમુક્ષુમુક્તોને પોતાની સંકલ્પ સરિતામાં ભીંજવ્યા હતા. આજરોજ **ભૂજ** ખાતે સંધ્યા સમયે ૮ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોને સુખ આપ્યું હતું. તેમજ રાત્રિ સમયે **ભૂજ** ખાતે હૅપી ફૅમિલિ સભામાં ઉપસ્થિત ૧૨૮૯થી વધુ મુક્તોને આત્મીયતાના પાઠ શીખવી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી ભૂજ** ખાતે બાપાશ્રી પ્રાગટ્ય સ્થાને દર્શનાર્થે પધાર્યા હતા. તથા **ભૂજ** ખાતે ત્યાંના અગ્રેસર મુક્તોને લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૨-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે કારણ સત્સંગના ભવિષ્ય સમ SSP અને છાત્રાલયના મુક્તોને અંગત લાભ અને પિરસણ લીલાનો અલભ્ય લાભ આપી માતૃવાત્સલ્ય સ્નેહથી ભીંજવ્યા હતા.

**તા. ૨૩-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં ઉપસ્થિત ૨૬૮૩૯થી વધુ હરિભક્તોને મહિમાવંત કર્યા હતા.

**તા. ૨૩-૫-૨૫**થી **તા. ૨૫-૫-૨૫** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિર દ્વારા પોતાના હૃદય સમા કિશોરમુક્તોને રાજીપાના માર્ગે ધબકતા રહેવાના પ્રાણ પૂર્યા હતા.

**તા. ૨૬-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ સવારના સેશનમાં **ગોધર** ખાતે ૧૧ પધરામણી તેમજ ૧ રસોઈની સેવાનો લાભ આપી પ્રેમીજનના સાંસાગોટિલાનો સ્વીકાર કર્યો હતો. વળી, સવારના સેશનમાં જ **હાડાના મુવાડા (ગોધર)** ખાતે જાહેર સભામાં ૧૩૪૦થી વધુ ભક્તોને પોતાની અમૃતવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ સંધ્યા સમે **વ્હાલા ગુરુજી**એ **લુણાવાડા** ખાતે ૬ પધરામણીનો લાભ આપી ભાવિક ભક્તોના ભાવનો સ્વીકાર કર્યો હતો. તેમજ રાત્રિ સમયે **વીરપુર** ખાતે હૅપી ફૅમિલિ સભા અંતર્ગત ઉપસ્થિત ૨૧૩૦થી વધુ મુમુક્ષુઓને સુખી પરિવારની દિશ દર્શાવી સુખિયા કર્યા હતા.

**તા. ૨૭-૫-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **આંજણવા (ગોધર)** ખાતે ૫ પધરામણીનો લાભ આપી પ્રેમીજનોના સાંસાગોટિલા સ્વીકારી સુખિયા કર્યા હતા. વળી, આજરોજ **ગોધર** ખાતે પ્રાતઃ સમયે અંગત સભામાં ૧૮૦૦થી વધુ સ્થાનિક ભક્તોને સાત શેર ઘીના મૈસૂબ જેવી સર્વોત્તમ સુખની વાતોનો લાભ આપી મહિમાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ સંધ્યા સમયે **ગોધર** ખાતે પોતાના વ્હાલસોયા કિશોરમુક્તોને લાડ લડાવી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમયે **ચંદપુર (ગોધર)** ખાતે જાહેર સભામાં ઉપસ્થિત ૧૮૫૦થી વધુ મુમુક્ષુમુક્તોને પોતાની અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી બળિયા કર્યા હતા.

**તા. ૩૦-૫-૨૫**થી **તા. ૧-૬-૨૫** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિર અંતર્ગત એસ.એમ.વી.એસ.ના સ્તંભ સમા યુવકમુક્તોને પોતાની દિવ્યવાણીનો લાભ આપી અસ્મિતાસભર કર્યા હતા.

**તા. ૧-૬-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **નડિયાદ** ખાતે રાત્રિ સમયે હૅપી ફૅમિલિ સભામાં ઉપસ્થિત ૧૫૦૦થી વધુ મુક્તોને આત્મીયતાના

માપદંડ વિષે અનુભવાત્મક દિવ્યવાણીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૭-૬-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૨૬૭૪૬થી વધુ મુમુક્ષુમુક્તોને સુધાવાણીનો લાભ આપી રાજીપાની રીત શીખવી હતી.


**તા. ૧૧-૬-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં ઉપસ્થિત પ્રત્યક્ષ તથા ઑનલાઇન ૨૯૨૦૮થી વધુ હરિભક્તોને વચનામૃત આધારિત સત્પુરુષનાં લક્ષણો જણાવી રાજીપાના માર્ગે પગરવ માંડતા કર્યા હતા.

**તા. ૧૨-૬-૨૫**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે એસ.એમ.વી.એસ.ના ભવિષ્ય સમ છાત્રાલયના મુક્તોને નિકટ લઈ અંગત લાભ આપી કાયમી અમૂલ્ય સંભારણાં આપ્યાં હતાં.

**તા. ૧૩-૬-૨૫**થી **તા. ૧૫-૬-૨૫** દરમ્યાન **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવ્ય સાંનિધ્ય શિબિર અંતર્ગત પોતાના વ્હાલસોયા દીકરા સમ યુવકોને પોતાની અસ્ખલિત સ્નેહલધારાથી ભીંજવ્યા હતા.

**તા. ૧૫-૬-૨૫**ના રોજ રાત્રિ સમયે **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે હૅપી ફૅમિલિ સભા અંતર્ગત ૮૦૦૦થી વધુ મુક્તોને આત્મીયતાની સાચી દિશ બતાવી સુખમય કર્યા હતા.

## SMVS પરિવાર દ્વારા અમદાવાદ વિમાન દુર્ઘટનાના દિવંગતોને શ્રદ્ધાંજલિ



તા. ૧૨-૬-૨૦૨૫. અમદાવાદમાં બપોરના સમયે વિમાન દુર્ઘટના સર્જાઈ જેમાં અંદાજે ૨૯૦થી વધુ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો. આ ગોઝારી ઘટનાની નોંધ ભારત સહિત વિશ્વભરના સમાચારપત્રોએ ટાંકી. આ દુર્ઘટનામાં **SMVS** પરિવાર અને ગુરુદેવ તથા ગુરુજી સાથે આત્મિક લગાવ અને ગાઢ પ્રીતિથી જોડાયેલા ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી પણ દુઃખદ અવસાન પામ્યા. આ સાથે **SMVS**ના પાયાના પરિવારના સભ્ય પણ ધામમાં ગયાં. વ્હાલા ગુરુજી તથા તમામ **SMVS** પરિવારના સભ્યોએ તમામ દિવંગતોને શ્રદ્ધાંજલિ અર્પી. વ્હાલા ગુરુજીની આજ્ઞાથી સંસ્થાના તમામ દેશ-વિદેશના મંદિરોમાં દિવંગતોના ચૈતન્યને શાશ્વત સુખ અને શાંતિની પ્રાપ્તિ હેતુ સ્વામિનારાયણ મહામંત્રની ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. વળી, આ દુર્ઘટનામાં ઘાયલ થયેલા સભ્યોને તાત્કાલિક ધોરણે બ્લડ મળી રહે તે હેતુથી **SMVS** સ્વામિનારાયણ હૉસ્પિટલ તરફથી બ્લડ ડોનેશન કૅમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સમસ્ત **SMVS** પરિવારે આ દુઃખદ દુર્ઘટનામાં શોકમગ્ન બની જીવ ગુમાવનાર તમામ પીડિતો અને તેમના પરિવારજનો પ્રત્યે હૃદયપૂર્વક સંવેદના વ્યક્ત કરી.

## એસ.એમ.વી.એસ.ના ઝળહળતા સિતારા

# અભિનંદન...

**Result in Std.10th & 12th Comm. & Sci.**
**Eng. Med. & Guj. Med.**

★ ★ ★ **2025**

### ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ


સ્નેહ આર. ધામેલિયા
PR ૯૯.૬૦, સુરત


પ્રિયાંશુ એચ. લક્કડ
PR ૯૯.૬૦, સુરત


રુદ્ર મેવાડા
PR ૯૯.૬૦, SDIS


ધર્મ જે. કોરાટ
PR ૯૯.૪૨, SDIS


વત્સલ ઉમરાળિયા
PR ૯૯.૧૪, SDIS


માનવ ડી. પટેલ
PR ૯૯.૧૪, બાયડ


દીપ શિયાણી
PR ૯૯.૦૬, SDIS


યુગ એમ. મારવણિયા
PR ૯૮.૯૮, મોરબી


પ્રિન્સ ડી. સુથાર
PR ૯૮.૭૧, વડોદરા


પ્રેમ એ. પટેલ
PR ૯૮.૭૧, મહેસાણા


પ્રિન્સ ડી. હનાથ
PR ૯૮.૫૨, અંકલેશ્વર


શિવમ એમ. પંડ્યા
PR ૯૮.૫૨, વડોદરા


ધૈર્ય પ્રજાપતિ
PR ૯૮.૩૧, SDIS


તૃપેશ એસ. ચાવડા
PR ૯૮.૦૧, સેટેલાઇટ


રુદ્ર આર. પટેલ
PR ૯૭.૯૯, વડોદરા


સિદ્ધાંત આર. નાયાણી
PR ૯૭.૮૮, ડભોલી


જૈમિન એમ. પરમાર
PR ૯૭.૭૬, બોરસદ


રોમિત પટેલ
PR ૯૭.૭૪, SDIS


યુગ ચૌધરી
PR ૯૭.૦૪, SDIS


હરિવદન એમ. પટેલ
PR ૯૬.૮૯, લુણાવાડા


હિત પી. પટેલ
PR ૯૬.૮૮, ગોતા


દર્શન આર. પટેલ
PR ૯૬.૭૬, મોડાસા


ભવ્ય એ. પટેલ
PR ૯૬.૦૫, કલોલ


અબજ ડી. પટેલ
PR ૯૬.૦૫, કલોલ


ભવ્ય એસ. પટેલ
PR ૯૫.૪૯, નરોડા


હેત એન. કાનાબાર
PR ૯૫.૩૪, રાજકોટ


સમીર ડી. દરજી
PR ૯૫.૦૩

### ICSE


નિતિશ મંગલાણી
PR ૯૪.૪, SDIS


શાન પટેલ
PR ૯૦, SDIS

### CBSE


હિતાર્થ વી. પટેલ
PR ૯૬.૭૨, વડોદરા

## ધોરણ-૧૨ના સમાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ


નિલેશ ચૌહાણ
PR ૯૮.૨, છાત્રાલય


મિહિર રબારી
PR ૯૭.૬૬, SDIS


હેમિલ જી. પટેલ
PR ૯૭.૫૮, નરોડા


કાવ્ય પ્રજાપતિ
PR ૯૭.૪૮, SDIS


હરિવદન વી. પટેલ
PR ૯૭, વસ્ત્રાલ


વંદન એન. પૂજારા
PR ૯૬.૯૪, સુરેન્દ્રનગર


મીત વી. ધોળકિયા
PR ૯૬.૮૩, ડભોલી


વિનય પટેલ
PR ૯૬.૬૧, છાત્રાલય


નિશ્ચય આર. પટેલ
PR ૯૬.૩૬, SDIS


મિહિર ઠક્કર
PR ૯૫.૯૯, SDIS


દિવ્યેશ કાનાબાર
PR ૯૪.૯૦, છાત્રાલય


દેવ ટી. ઠક્કર
PR ૯૪.૬૧, વાસણા



અભય જે. પટેલ
PR ૯૩.૯૯, છાત્રાલય


નીલકંઠ પટેલ
PR ૯૩.૯૯, છાત્રાલય


જય બી. સુતરિયા
PR ૯૩.૬૭, વડોદરા


સંયમ ચોડવડિયા
PR ૯૨.૬૨, છાત્રાલય


નયન જાંબુકિયા
PR ૯૨.૦૯, SDIS


યજ્ઞ વ્યાસ
PR ૯૦.૯૯, SDIS

## ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ


કૃપેશ એ. પટેલ
PR ૯૮.૯૦,ગોધર


વત્સલ પી. ભગદેવ
PR ૯૪.૧૦, ભૂજ


પરમ એમ. પટેલ
PR ૯૦.૩૮, નરોડા


શિવમ આર. ભૂતક
PR ૯૦.૧૬, રાજકોટ


ક્રિશ જે. પટેલ
PR ૯૦.૦૩, અંકલેશ્વર

## ધોરણ-૧૨ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ

### CBSE


રાહિલ પી. કુંડારિયા
PR ૯૫.૬૩, મોરબી


ધ્યેય ડી. જેઠવા
PR ૯૩.૮, સ્વા.ધામ


સિદ્ધાંત એમ. શાહ
PR ૯૦, સેટેલાઇટ

# ધો.૧૦-૧૨નાં વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| હેત્વી એન. બકરાણિયા | રાજકોટ | ૯૯.૯૬ |
| મેશ્વા એ. પટેલ | વિજાપુર | ૯૯.૯૬ |
| શાનવી જે. પટેલ | વિજાપુર | ૯૯.૯૩ |
| રાધિકા એન. ગજેરા | ગર્લ્સ ગુરુકુલ | ૯૯.૬૯ |
| ફેની એચ. પટેલ | મહેસાણા | ૯૯.૫૫ |
| મૈત્રી પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૯.૫૫ |
| પ્રાન્સી સી. પટેલ | બોરસદ | ૯૯.૦૬ |
| ધિતી આર. જયસ્વાલ | ચાંદખેડા | ૯૮.૯૮ |
| ધ્વનિ પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૯૮ |
| મિત્તલ ઠાકોર | SDIS | ૯૮.૯૦ |
| ત્રિશા બારોટ | SDIS | ૯૮.૯૦ |
| અમી એચ. સોની | વાસણા | ૯૮.૮૧ |
| દેવાંશી પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૭૮ |
| હસ્તી એ. સાવલિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૭૧ |
| વિશ્વા બી. સગર | સુ.નગર | ૯૮.૬૨ |
| ક્રિમા દેસાઈ | SDIS | ૯૮.૬૨ |
| માહી આર. ચૌહાણ | ઘન.નગર | ૯૮.૫૨ |
| રાધિકા એસ. મશરૂ | બોરસદ | ૯૮.૫૨ |
| હિયા કાથરોટિયા | SDIS | ૯૮.૫૨ |
| રિદ્ધિ બારિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૫૨ |
| નિયતિ પટેલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૪૨ |
| ઋત્વી આર. દલસાણિયા | ઘન.નગર | ૯૮.૪૨ |
| દષ્ટિબા એમ. રાણા | ભાવનગર | ૯૮.૪૨ |
| વિષ્ટિ દવે | SDIS | ૯૮.૧૦ |
| અક્ષરા પટેલ | SDIS | ૯૮.૧૦ |
| હેત્વી પી. સોરઠિયા | નરોડા | ૯૮.૧૦ |
| ઇશિતા જે. ટાંક | ભાવનગર | ૯૭.૯૯ |
| ધાર્મી રાખોલિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૭.૯૯ |
| સુહાની સોની | SDIS | ૯૭.૯૯ |
| જાનુ એન. પટેલ | મોડાસા | ૯૭.૯૯ |
| પલક આર. રાદડિયા | ઘન.નગર | ૯૭.૮૮ |
| મૈત્રી ડી. દરજી | બાયડ | ૯૭.૭૬ |
| સ્વાતિ એમ. પટેલ | નરોડા | ૯૭.૫૨ |
| ધર્માક્ષી બારડ | SDIS | ૯૭.૫૨ |
| અવની ખતેડિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૭.૪૧ |
| ક્રિષ્ટી પંચાલ | ગર્લ્સ ગુરુકુલ | ૯૭.૪૧ |
| સ્નેહા બી. ઊંધાડ | સુરત | ૯૭.૪૦ |
| કેયા શાહ | SDIS | ૯૭.૧૪ |
| પ્રકૃતિ એન. રાવલ | જૂનાગઢ | ૯૭.૦૨ |
| ચાર્વી આર. પટેલ | ગોતા | ૯૬.૮૯ |
| હસ્તી વી. લક્કડ | રાજકોટ | ૯૬.૭૬ |
| જિયા સુથાર | SDIS | ૯૬.૩૬ |
| ફ્લોરા બારોટ | SDIS | ૯૬.૩૬ |
| દેવાંશી કે. પટેલ | વડોદરા | ૯૬.૨૨ |
| ધર્માંગી ડી. પટેલ | વાસણા | ૯૬.૦૭ |
| હીર આર. પટેલ | બોરસદ | ૯૫.૯૩ |
| ખુશી એમ. અમીન | વડોદરા | ૯૫.૬૪ |
| પ્રાર્થના ડી. ઠક્કર | વાસણા | ૯૫.૧૯ |

## ધો.૧૦ ICSE

| | | |
|---|---|---|
| ફિઓના દોશી | SDIS | ૯૫.૦૬ |
| માહી ચંદવાની | SDIS | ૯૫.૦૬ |
| પ્રાગની પટેલ | SDIS | ૯૫.૦૪ |
| ધ્યાના પટેલ | SDIS | ૯૨.૦૬ |
| પીહુ લલ્ઢા | SDIS | ૯૧.૬૦ |
| તન્વી પટેલ | SDIS | ૯૧.૨૦ |
| નિશી એમ. પટેલ | વડોદરા | ૯૦.૦૩ |

## ધો.૧૨ સામાન્ય પ્રવાહનાં વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| તન્વી એમ. બંગારી | મુંબઈ | ૯૯.૯૩ |
| જિયા આર. પટેલ | બોરસદ | ૯૯.૯૧ |
| સૃષ્ટિ એમ. ચાવડા | નરોડા | ૯૯.૩૯ |
| મહેક આર. બસેતા | સ્વા.ધામ | ૯૯.૨૫ |
| કંગના સાવલિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૮.૬૭ |
| નિયતિ એસ. પ્રજાપતિ | મહેસાણા | ૯૮.૫૯ |
| ઝરણા મહેતા | SDIS | ૯૭.૨૮ |
| ઇશિતા જી. વાઢેલ | સુ.નગર | ૯૬.૬૧ |
| અમિશા અરતાની | SDIS | ૯૬.૪૮ |
| યશસ્વી કે. ઝેઝરિયા | સુ.નગર | ૯૬.૨૩ |
| પ્રિયાંશી પંચોલી | SDIS | ૯૫.૯૯ |
| ધ્રુવી પી. ગજ્જર | ગોતા | ૯૫.૯૯ |
| નિયતિ જે. પટેલ | ગોતા | ૯૫.૩૨ |
| સ્તુતિ ટી. ઠક્કર | વાસણા | ૯૪.૩૧ |
| મહિમા પારેજિયા | ગર્લ્સ ગુરુકુલ | ૯૩.૬૭ |
| જેન્સી હીરપરા | ગર્લ્સ ગુરુકુલ | ૯૩.૧૬ |
| હેલી એમ. ઠક્કર | સેટેલાઇટ | ૯૨.૬૨ |
| બંસી કાવર | ગર્લ્સ ગુરુકુલ | ૯૨.૪૫ |
| દિયાંશી આર. રૈયાણી | રાજકોટ | ૯૨.૨૮ |
| હીરલ મોટવાની | SDIS | ૯૦.૭૭ |
| પ્રાપ્તિ વાય. પટેલ | નરોડા | ૯૦.૫૯ |
| જાનવી ચૌહાણ | ગર્લ્સ ગુરુકુલ | ૯૦.૧૭ |

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહનાં વિદ્યાર્થિનીઓ

| | | |
|---|---|---|
| સંસ્કૃતિ કે. પટેલ | સુ.નગર | ૯૯.૭૪ |
| જિયા બી. પટેલ | મોડાસા | ૯૮.૩૦ |
| અર્ચના આર. સીતાપરા | ઘન.નગર | ૯૨.૮૬ |
| દેવાંશી એ. પટેલ | સ્વા.ધામ | ૯૨.૦૦ |
| માનસી જે. ગોસાઈ | બોરસદ | ૯૧.૨૫ |

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિની ICSE

| | | |
|---|---|---|
| રાજવી કે. રામાણી | ઘન.નગર | ૯૪.૭૦ |

## ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની વિદ્યાર્થિની CBSE

| | | |
|---|---|---|
| પુષ્ટિ ડી. રાધનપુરા | રાજકોટ | ૯૨.૬૦ |



એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.


૧


૨


૩


૪

## વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ


૫


૬


૭


૮

(૧-૬) ભૂજ, વીરપુર, ગોધર, નડિયાદ તથા વાસણા ખાતે અનુક્રમે સત્સંગ વિચરણ (૭-૮) વિશ્વયોગ દિનની ઉજવણી

Ghanshyam, July-2025 Published on 10-07-2025. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/2024-26, Valid up to 31-12-2026. Regd No. G-GNR-315/2024-26, Extended up to 31-12-2026. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha **(SMVS)** and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.




દિવ્ય સંત શિબિર-૨૦૨૫







**(૧) નૂતન વર્ષે પોતાનાં સગાંસંબંધી, વેપારી બંધુ તથા મિત્રવર્તુળને આપવા માટેનાં કેલેન્ડર (૧૦.૫" X ૨.૫") પોતાની જાહેરાત સાથે કરાવી શકાય છે. (૨) પ્રાણપ્યારા ઘનશ્યામ મહાપ્રભુની નયનરમ્ય દિવ્ય તથા સુખદાયી મૂર્તિનાં કેલેન્ડર વહેલી તકે નોંધાવો. (૩) સંસ્થાના દરેક કેન્દ્રમાં કેલેન્ડરના ઓર્ડર નોંધાય છે.**